૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 135 ■ વિક્રમ સંવત ૨૦૮૨

અધિક જયેષ્ઠ વદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 June 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૯ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટીએમસીમાં ભંગાણઃ ૨૦ સાંસદનો એનડીએને ટેકો

**દાસ્તીદારે કહ્યું હતું કે કેન્દ્રની એનડીએ સરકારને ટેકો આપવાની ગ્રૂપના સભ્યોની ઈચ્છા વ્યક્ત કરતો સંદેશો સ્પિકરને પાઠવી દેવામાં આવ્યો છે.**

## આની જાણ કરતો પત્ર મોકલ્યો લોકસભાના સ્પીકરને

કોલકાતાઃ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના ૨૦ સાંસદે એનડીએને ટેકો આપવાનો નિર્ણય લીધો છે અને લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પત્ર લખી આ મામલે વલણ સ્પષ્ટ કર્યું હોવાનું પક્ષના વરિષ્ઠ સાંસદ કાકોલી ઘોષ દાસ્તીદારે દાવો કર્યા બાદ સોમવારે ટીએમસીમાં રાજકીય કટોકટી વધુ ઘેરી બની હતી. વર્તમાનમાં ટીએમસી લોકસભામાં ૨૮ અને રાજ્ય સભામાં ૧૨ સાંસદ ધરાવે છે.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં દાસ્તીદારે કહ્યું હતું કે કેન્દ્રની એનડીએ સરકારને ટેકો આપવાની ગ્રૂપના સભ્યોની ઈચ્છા વ્યક્ત કરતો સંદેશો સ્પિકરને પાઠવી દેવામાં આવ્યો છે.

મારા સહિત ૨૦ સાંસદે પત્ર લખી લોકસભાના (જુઓ પાનું ૨) ▸▸

## હજી ઘણા પક્ષ છોડશેઃ ઋતબ્રત બેનરજી

બળવાખોર નેતા ઋતબ્રત બેનરજીએ ટીએમસીના રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ સુખેન્દુ શેખર રેના પાર્ટી અને ઉપલા ગૃહમાંથી રાજીનામાને સત્તાવાર નેતૃત્વ સામે વધતા અસંતોષના સંકેત તરીકે દર્શાવ્યું હતું અને વધુ સાંસદો પાર્ટી છોડવાની તૈયારીમાં હોવાનો દાવો કર્યો હતો.

રાજ્યસભાના અધ્યક્ષ સી. પી. રાધાકૃષ્ણને સોમવારે ઉપલા ગૃહમાંથી ટીએમસીના સભ્ય સુખેન્દુ શેખર રેનું રાજીનામું સ્વીકાર્યું હતું અને બેઠક ખાલી જાહેર કરી હતી.

રે અગાઉ અધ્યક્ષને મળ્યા હતા અને તેમને રાજીનામું સોંપ્યું હતું. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં હવે અલગ (જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકા-ઈરાન શાંતિ કરારની સાવ નજીક?

## આવું ટ્રમ્પ-શરીફ માને છેઃ સામસામા અટૅકસ પછી ઈરાને ઈઝરાયલ સામેના હુમલા રોક્યાઃ ટ્રમ્પની શાંતિની અપીલ

દુબઈઃ બે મહિનાના સમયગાળા બાદ ઇરાન અને ઇઝરાયલે સોમવારે એકમેક પર હુમલો કર્યા બાદ નવેસરનું યુદ્ધ ફાટી નીકળવાના સંજોગો ઊભા થયા હતા, પરંતુ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની અપીલ પછી બન્ને દેશે સંયમ જાળવવાનું નક્કી કર્યું હતું. અમેરિકાએ આઠ એપ્રિલે યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે બંને દેશ યુદ્ધવિરામની નજીક છે અને આ સંબંધી જાહેરાત કોઇ પણ ઘડીએ થઈ શકે એમ છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે પણ કહ્યું હતું કે, ઇરાન અને અમેરિકા શાંતિ કરારની સાવ સમીપ છે.ઇઝરાયલ અને ઇરાને એકમેક પર હુમલો કર્યા બાદ ઇરાનના લશ્કરના જોઈન્ટ કમાન્ડે કહ્યું હતું કે અમે અમારું આક્રમક ઑપરેશનને અટકાવીએ છીએ. તંગદિલીને લીધે મિડલ ઈસ્ટમાં ફરી પૂરા કદનું યુદ્ધ ફાટી નીકળે (જુઓ પાનું ૨) ▸▸

# ફિલિપાઈન્સમાં ૭.૮નો ભૂકંપ, સુનામીઃ ૩૨નાં મોત

મનીલાઃ દક્ષિણ ફિલિપાઇન્સના દરિયાકાંઠે સોમવારે ૭.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ભૂકંપને પગલે આસપાસના દરિયાકાંઠાઓ પર એક મીટર(ત્રણ ફૂટ) ઊંચા સુનામીના મોજા ઉછળ્યા હતા. ભૂકંપમાં ૩૨ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ૨૦૦થી વધુ ઘાયલ થયા હતા.

જનરલ સેન્ટોસ શહેરમાં કેટલીક ઇમારતો ધરાશાયી થઇ હોવાના અને મુખ્ય માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચ્યું હોવાના અહેવાલ છે. તેમ જ એક દરિયાકાંઠાના ગામમાં સુનામીના લીધે નુકસાન થયાના પણ અહેવાલ છે. ઇન્ડોનેશિયા, પલાઉ અને દક્ષિણ જાપાન સુધી સુનામીનાં મોજા ઉછળ્યાં હતાં.

ફિલિપાઇન્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોલ્કેનોલોજી એન્ડ સિસ્મોલોજીના ડિરેક્ટર ટેરેસિટો બાકોલકોલે જણાવ્યું કે આ એક મોટો ભૂકંપ છે. તેમણે લોકોને ક્ષતિગ્રસ્ત ઇમારતો અને (જુઓ પાનું ૨) ▸▸

# ઉજ્જવલાના લાભાર્થીઓને હવે વરસે માત્ર ચાર સિલિન્ડર જ રાહતના દરે મળશે

નવી દિલ્હીઃ સરકારે ઉજ્જવલા યોજના અંતર્ગત લાભાર્થીઓને રાહતના દરે આપવામાં આવતા એલપીજી સિલિન્ડરની સંખ્યા ઘટાડીને ચાર કરી દીધી હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું.

પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના અંતર્ગત ગરીબ ઘરની પુખ્તવયની મહિલાઓને ડિપોઝિટ-ફ્રી એલપીજી ગૅસ જોડાણ આપવા મે ૨૦૧૬માં આ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત લાભાર્થી મહિલાઓને વરસે ૧૪.૨ કિલોગ્રામના ૧૨ એલપીજી સિલિન્ડર રાહતના દરે આપવામાં આવતા હતા.

રાહતના દરે આપવામાં આવતા એલપીજી સિલિન્ડરની સંખ્યા ગયા વરસે ઘટાડીને નવ કરી દેવામાં આવી હતી અને હવે આ સંખ્યા વધુ ઘટાડીને ચાર કરી દેવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ ખાતાના વધારાના સચિવ પ્રવીણ (જુઓ પાનું ૨) ▸▸

# ૧૬૦૦ ડિગ્રી સેલ્સિયસ ગરમ મૉલ્ટન આયર્ન પડતાં આઠ કામદારનાં મોત

વિશાખાપટ્ટનમઃ આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લિમિટેડ(વિઝાગ સ્ટીલ પ્લાન્ટ) ખાતે સોમવારે એક ભયંકર દુર્ઘટના બની હતી. સ્ટીલ પ્લાન્ટમાં પીગળેલું લોખંડ(મોલ્ટન આયર્ન) ઢોળાઇ જતા આઠ કામદારોનાં મોત નીપજ્યાં હતાં. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં છ મૃતદેહો મળી આવ્યા છે. જેના પરથી મૃત્યુઆંક વધવાની શક્યતા વર્તાય રહી છે. અધિકારીએ જણાવ્યું કે અમે બચાવ અભિયાન ચલાવી રહ્યા છીએ. અત્યાર સુધીમાં છ મૃતદેહો મળી આવ્યા છે.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુના કાર્યાલય તરફથી જારી સત્તાવાર પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે આ ઔદ્યોગિક દુર્ઘટનામાં ઘણા કામદારોના મોત નીપજ્યા છે. પરંતુ મૃતકોનો આંકડો સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. નાયડુએ (જુઓ પાનું ૨) ▸▸

# રાજ્યમાં સીબીઆઈ તપાસને સંપૂર્ણ છૂટ આપવાનો પશ્ચિમ બંગાળ સરકારનો નિર્ણય

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં સીબીઆઈ તપાસને સંપૂર્ણ છૂટ આપવાનો નિર્ણય લીધો છે અને એ અંગેનું જાહેરનામું પણ બહાર પાડી દેવામાં આવ્યું છે. આ જાહેરનામું ૮ જૂને તાત્કાલિક અસરથી અમલી બની ગયું છે. પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં સીબીઆઈને કેન્દ્રીય કર્મચારી અને પીએસયુ સંબંધિત મામલે તપાસની પરવાનગી આપી દીધી છે.

જોકે રાજ્ય સરકારના કર્મચારીઓ વિરુદ્ધ તપાસ શરૂ કરતા પહેલાં પ્રાંતીય સરકારની પરવાનગી લેવાની રહેશે.

હોમ ઍન્ડ હિલ અફેર્સ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા દાબેરાનામા મુજબ દિલ્હી સ્પેશ્યલ પોલીસ ઍસ્ટાબ્લિશમેન્ટ ઍક્ટ, ૧૯૪૬ની કલમ (૬) અંતર્ગત સીબીઆઈને રાજ્યમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ, કેન્દ્રીય પીએસયુના કર્મચારીઓ અને તેને સંબંધિત મામલે તપાસ કરવાની પરવાનગી આપી દેવામાં આવી છે.

આ જાહેરનામાનો મતલબ પશ્ચિમ બંગાળ સરકારે સીબીઆઈને રાજ્યમાં અમુક મામલાઓની તપાસ માટે ફરી છૂટ આપી દીધી છે, પરંતુ આ છૂટ સંપૂર્ણપણે બિનશરતી નથી.



માગણી : પશ્ચિમ બંગાળના કોલકાતામાં માટીના મૂર્તિકારોએ રૅલી કાઢી હતી. કારીગરોએ માટીની અછત અને માટી માફિયા સામે પગલાં લેવાનું આવેદનપત્ર મુખ્ય પ્રધાનને આપ્યું હતું.

# રશિયા, ક્રીમિયાના ઑઈલના ભંડારો પર યુક્રેનનો હુમલો

કીવઃ યુદ્ધ માટે મોસ્કોને આર્થિક કિંમત ચૂકવવા માટેના તેમના અભિયાનના ભાગ રૂપે યુક્રેનિયન દળોએ રશિયા, રશિયાના કબજાવાળા યુક્રેન અને ક્રીમિયામાં તેલ સુવિધાઓ પર હુમલો કર્યો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેના દળોએ સોમવારે રાત્રે ૩૧૦ યુક્રેનિયન ડ્રૉનને તોડી પાડ્યા હતા, જેમાં મોસ્કો પ્રદેશ, પશ્ચિમ અને દક્ષિણપશ્ચિમ રશિયા, રશિયાના કબજા હેઠળના ક્રીમીઆ અને કાળા અને અઝોવ સમુદ્રનો સમાવેશ થાય છે.

યુક્રેનની વાયુસેના અનુસાર, રશિયાએ યુક્રેનને ૧૫૫ ડ્રોનથી નિશાન બનાવ્યું હતું, જેમાંથી યુક્રેનિયન વાયુ સંરક્ષણ દળોએ ૧૧૪ને તોડી પાડ્યા હતા અથવા નિષ્ક્રિય કર્યા હતા. યુક્રેનના જનરલ સ્ટાફે જણાવ્યું હતું કે એમના દળોએ રશિયાના ક્રાસ્નોદર ક્રાઇ પ્રદેશ, નોવોરોસિસ્ક નજીક ગ્રુશોવાયા તેલ ટ્રાન્સશિપમેન્ટ બેઝ પર રાતોરાત હુમલો કર્યો હતો. આ સંકુલ દક્ષિણ રશિયામાં તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનો માટે સૌથી મોટા ટ્રાન્સશિપમેન્ટ હબમાંનું એક છે. રશિયન પ્રાદેશિક અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે યુક્રેનિયન ડ્રોનથી સુવિધામાં આગ લાગી હતી, અને ઉમેર્યું હતું કે કોઈ જાનહાનિ થઈ નથી. તેમણે નુકસાનની માત્રા અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી, પરંતુ તેમણે કહ્યું હતું કે આગ ઓલવવામાં ૧૩૦ બચાવ કાર્યકર અને ૩૯ સાધનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જનરલ સ્ટાફે જણાવ્યું હતું કે વોલ્ગોગ્રાડ પ્રદેશમાં ક્રેસ્ની ચાર લીનિયર પ્રોડક્શન ઍન્ડ ડિસ્પેચિંગ સ્ટેશન પણ પ્રભાવિત થયું હતું. યુક્રેને રવિવારે રાત્રે રશિયાના કબજા હેઠળના ક્રીમિઅન દ્વીપકલ્પમાં સેમીકોલોડેઝકાયા તેલ મથક પર પણ હુમલો કર્યો હતો, જેના કારણે સુવિધામાં આગ લાગી હતી.

જનરલ સ્ટાફે જણાવ્યું હતું કે યુક્રેનિયન દળોએ ક્રીમિઆમાં ફિઓડોસિયા નજીક એક તેલ ડેપો પર પણ હુમલો કર્યો હતો અને ત્યાં આગ લાગી હતી. ક્રેમલિન દ્વારા સ્થાપિત પ્રાદેશિક નેતા સેરગેઈ અક્સ્યોનોવે સોમવારે વહેલી સવારે અહેવાલ આપ્યો હતો કે અલગથી, રાત્રે એક યુક્રેનિયન ડ્રોને મોસ્કોથી કબજા હેઠળના ક્રીમિઅનમાં સિમ્ફેરોપોલ જતી પેસેન્જર ટ્રેન પર હુમલો કર્યો હતો.

# ભોજશાળામાંથી વાગ્દેવીની મૂર્તિ હટાવાતો થયો વિવાદ

ઇન્દોરઃ મધ્ય પ્રદેશ હાઈ કોર્ટે સ્મારકને મંદિર જાહેર કર્યાના ત્રણ અઠવાડિયા પછી, અત્યંત સંવેદનશીલ ભોજશાળા સંકુલમાં મૂકેલી દેવી વાગ્દેવીની અષ્ટધાતુ મૂર્તિને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા તેને હટાવવાના આરોપને લઈને વિવાદ શરૂ થયો છે. હિન્દુ પક્ષના એક અરજદારે મૂર્તિ હટાવવા માટે એએસઆઈ પર આરોપ લગાવ્યો છે, તેને કોર્ટનો તિરસ્કાર ગણાવ્યો છે, જ્યારે મુસ્લિમ પક્ષના એક પ્રતિનિધિએ તેની સ્થાપના સામે વાંધો ઉઠાવ્યો છે. હિન્દુ પક્ષની બે જાહેર હિતની અરજીઓ સ્વીકારીને હાઈકોર્ટે ૧૫ મેના રોજ ભોજશાળાને દેવી વાગ્દેવી (સરસ્વતી)નું મંદિર જાહેર કર્યું હતું. હાઈ કોર્ટે જણાવ્યું હતું કે ધાર્મિક પ્રવેશના સંરક્ષણ, સંરક્ષણ અને નિયમન પર એએસઆઈનો સંપૂર્ણ દેખરેખ નિયંત્રણ રહેશે.

ભોજશાળા કેસમાં અરજદારોમાંના એક કુલદીપ તિવારીએ સોમવારે જણાવ્યું હતું કે કેટલાક ભક્તોએ ગયા શનિવારે (૬ જૂને) સંકુલમાં અષ્ટધાતુની પ્રતિમા સ્થાપિત કરી હતી અને મંત્રોના જાપ સાથે ધાર્મિક વિધિઓ કરી હતી.

તેમણે દાવો કર્યો હતો કે ભક્તોએ શનિવાર દરમ્યાન મૂર્તિની પૂજા કરી હતી, પરંતુ સાંજે, એએસઆઈએ કથિત રીતે તેને ભોજશાળા સંકુલમાં દૂર કરી હતી.એએસઆઈ દ્વારા દેવી વાગ્દેવીની અષ્ટધાતુ મૂર્તિને દૂર કરવી ખૂબ જ વાંધાજનક છે. આ કાર્યવાહી કોર્ટના આદેશનો તિરસ્કાર અને ભક્તોની શ્રદ્ધાનું અપમાન છે, એવું તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું. તિવારીએ કહ્યું હતું કે મૂળ પ્રતિમા લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં રાખવામાં આવી હોવાથી, મૂળ પ્રતિમા ભારત પરત ન આવે ત્યાં સુધી મંદિરમાં અષ્ટધાતુની મૂર્તિ સ્થાપિત કરવી જોઈએ.પ્રતિમા હટાવવાના આરોપ અંગે એએસઆઈનો જવાબ ઉપલબ્ધ નથી.ધારના એસપી સચિન શર્માએ જણાવ્યું હતું કે હાઈકોર્ટના ૧૫ મેના આદેશ અને ભોજશાળા સંબંધિત નિયમોનું કડક પાલન કરવામાં આવી રહ્યું છે.હાઇ કોર્ટની ઈન્દોર બેન્ચ સમક્ષ કેસ જીતનારા હિન્દુ પક્ષના બે અરજદાર, દેવી વાગ્દેવીની મૂળ પ્રતિમા ભારતમાં પરત લાવવા અને ભોજશાળામાં તેને ફરીથી સ્થાપિત કરવા પર આગ્રહ રાખી રહ્યા છે. હાઇ કોર્ટે નોંધ્યું હતું કે ભારત સરકાર લંડન મ્યુઝિયમમાંથી દેવી સરસ્વતીની પ્રતિમા પાછી લાવવા અને સંકુલમાં તેને ફરીથી સ્થાપિત કરવા પર વિચાર કરી શકે છે. મુસ્લિમ પક્ષકાર પ્રતિમાની સ્થાપના સામે વાંધો ઉઠાવી રહ્યા છે.

# રેલવેની ૪૦ વર્ષ જૂની રિઝર્વેશન સિસ્ટમ ઓગસ્ટથી બદલાઈ જશે

નવી દિલ્હીઃ ભારતીય રેલવે ઓગસ્ટ મહિનાથી પોતાની આશરે ૪૦ વર્ષ જૂની રિઝર્વેશન સિસ્ટમ બદલાશે. ૧૯૮૬થી ઉપયોગમાં લેવાઈ રહેલી પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની જગ્યાએ હવે નવી અને આધુનિક સિસ્ટમ લાવવામાં આવશે. રેલવેનો દાવો છે કે આનાથી ટિકિટ બુકિંગ પહેલા કરતાં વધુ ઝડપી, સરળ અને ભરોસાપાત્ર બની જશે. સાથે જ મુસાફરોને ઘણી નવી સુવિધાઓ પણ મળશે.

ભારતીય રેલવેની અત્યારની પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (ટિકિટ બુકિંગ સિસ્ટમ) ૧૯૮૬માં શરૂ કરવામાં આવી હતી. છેલ્લા ચાર દાયકામાં (૪૦ વર્ષમાં) તેમાં થોડા નાના-મોટા ફેરફારો ચોક્કસ થયા છે, પરંતુ તેનું મૂળ માળખું લગભગ એવું જ રહ્યું છે. આ સમય દરમિયાન મુસાફરોની સંખ્યા અને ઓનલાઇન ટિકિટ બુકિંગમાં ભારે વધારો થયો છે. આવી સ્થિતિમાં, રેલવેને એક વધુ સક્ષમ અને આધુનિક સિસ્ટમની જરૂરિયાત વર્તાઈ રહી હતી.

રેલવેએ વર્ષ ૨૦૦૨માં ઇન્ટરનેટ દ્વારા ટિકિટ બુકિંગની સુવિધા શરૂ કરી હતી. આજે પરિસ્થિતિ એ છે કે લગભગ ૮૮ ટકા ટિકિટો ઓનલાઇન બુક થાય છે. આથી, નવી સિસ્ટમને ડિજિટલ ટિકિટિંગની આ વધતી જતી માગને ધ્યાનમાં રાખીને જ તૈયાર કરવામાં આવી છે.રેલવેના જણાવ્યા અનુસાર, નવી પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ આધુનિક ટેકનોલોજી પર આધારિત છે અને તે હાલની સિસ્ટમ કરતાં ઘણી વધારે ક્ષમતા સાથે કામ કરશે. આનાથી ટિકિટ બુકિંગ વખતે સર્વર પર આવતું દબાણ ઓછું થશે અને મુસાફરોને વેબસાઇટ અથવા એપ પર ટિકિટ બુક કરવાનો ઘણો સારો અનુભવ મળશે.નવી સિસ્ટમની સૌથી ખાસ સુવિધાઓમાંની એક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આધારિત 'વેઇટિંગ ટિકિટ પ્રિડિક્શન' ફીચર છે.

# અપરિણીત વયસ્ક વચ્ચેના શારીરિક સંબંધને આધારે ચારિત્ર્યનું આખલન કરવું ખોટું : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે બે સંમત અપરિણીત વયસ્ક વચ્ચેના શારીરિક સંબંધ એ સંબંધમાં રહેલા વ્યક્તિના ચારિત્ર્ય વિશે ખરાબ ધારણા બાંધવાનો આધાર નથી. જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ મનોજ મિશ્રની બેન્ચે આ નિરીક્ષણ કરતા તેલંગણાના રાજ્ય કક્ષાના પોલીસ ભરતી બોર્ડને આદેશ આપ્યો હતો કે પોલીસ કોન્સ્ટેબલની ફરી નિમણૂક કરવામાં આવે. આ કોન્સ્ટેબલની પસંદગીને નિષ્ફળ ગયેલા રોમેન્ટિક સંબધોને પગલે થયેલા ફોજદારી કેસમાં સંડોવણીને લીધે રદ કરાઈ હતી.

બેન્ચે કહ્યું હતું કે બે કુંવારા સંમત વયસ્ક વચ્ચેના ભૌતિક સંબંધોને લીધે તેમના ચરિત્ર અંગે ખોટી ધારણા બાંધવી ન જોઈએ અને બાંધી ન શકાય. બે વયસ્કના તેમની પસંદગીના સંબંધો પર પ્રતિબંધ મૂકતો કોઈ કાયદો નથી.

સર્વોચ્ચ અદાલતે ઉમેદવારની અપીલ માન્ય રાખી હતી. સર્વોચ્ચ અદાલતે સ્ટાઈપેન્ડરી કેડેટ ટ્રેની પોલીસ કોન્સ્ટેબલના હોદ્દા માટેની તેની નિમણૂક કરવાનું કહેતા તેલંગણા વડી અદાલતના ચુકાદાને માન્ય રાખ્યો હતો.

તેલંગણા પોલીસ ભરતી બોર્ડે કોન્સ્ટેબલની નિમણૂકને રદ કરી હતી. કોન્સ્ટેબલ સામે ૨૦૧૪માં લગ્ન કરવાનું વચન આપવાનો બળાત્કારનો કેસ નોંધવામાં આવ્યો હતો ભરતી બોર્ડે આને નૈતિક દુષ્ટતા ગણાવી હતી.

કોન્સ્ટેબલને તેની પડોસી સાથે સંબંધો હતા અને ૨૦૧૫માં લોકઅદાલત સમક્ષ બન્ને પક્ષ વચ્ચે સમજૂતી થઈ હતી. આઈપીસીની કલમ ૩૭૬ હેઠળ કોઈ ગુનો નોંધવામાં આવ્યો નહોતો.



હુમલો : ઈરાન અને ઈઝરાયલની ચકમક દરમિયાન ઈરાનની મિસાઈલ સીરિયાના નાઝા નગરના ખેતરમાં પડી હતી. (પીટીઆઈ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘ખાન સર’ને ફિટ કરવામાં કોચિંગ-મેડિકલ માફિયાઓને રસ

**એક** સમયે આખા દેશના યુવાનો માટે આદર્શ ગણાવાયેલા પટણાના ખાન સર ઉર્ફે ફૈઝલ ખાન વિવાદોના વમળમાં ફસાઈ ગયા છે. ખાન સર પટણામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ આપવા ખાન ગ્લોબલ સ્ટડીઝ ઇન્સ્ટિટ્યૂટ ચલાવે છે. ગયા અઠવાડિયે આ કોચિંગ સેન્ટરના ગાર્ડે કરેલા ફાયરિંગના કાંડમાં સેન્ટરના બે સીક્યુરિટી ગાર્ડની ધરપકડ કરી છે અને ખાન સરને પણ આરોપી બનાવ્યા છે. ખાન સર લાંબા જાય એવો પાકો બંદોબસ્ત કરીને તેમની સામે આકરી કલમો હેઠળ કેસ ઠોકી દેવાયો છે તેથી ખાન સર ભાગતા થઈ ગયા છે. ખાન આગોતરા જામીન માટે અરજી કરશે એવી વાતો પહેલાં ચાલી ને હવે કોર્ટમાં આત્મસમર્પણ કરશે એવી વાતો થઈ રહી છે પણ હજુ સુધી હાજર થયા નથી તેથી ખાનનું શું થશે એ સસ્પેન્સ યથાવત્ છે. બીજી તરફ નિયમોનું પાલન નહીં કરવા બદલ તંત્ર ખાનના કોચિંગ સેન્ટરને તાળાં મારી દેવાની તજવીજમાં લાગેલું છે તેથી દેશભરમાં ખાન સરની ચર્ચા છે.

ખાન સામે પટના પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯ હેઠળ હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે. આ કલમ હેઠળદોષિત સાબિત થાઓ તો ૧૦ વર્ષ સુધીની જેલ અને ભારે દંડની સજા થઈ શકે છે. આ સિવાય ખાન સામે આર્મ્સ એક્ટની કલમ ૨૫(૯), ૨૭ અને ૩૫ હેઠળ પણ કેસ નોંધ્યો છે. એક્ટની કલમ ૨૫ હેઠળ જાહેર સ્થળે શસ્ત્રોનું પ્રદર્શન કે ઉપયોગ કરવા બદલ મહત્તમ ૨ વર્ષની સજા થાય છે. કલમ ૨૭ હેઠળ ખતરનાક હથિયારોનો ઉપયોગ કરવા બદલ ઓછામાં ઓછી ૩ વર્ષની કેદની જોગવાઈ છે. આર્મ્સ એક્ટની કલમ ૩૫ હેઠળ ઈન્સ્ટિટ્યૂટના પરિસરમાં થયેલા ફાયરિંગ માટે સંચાલક કે મુખ્ય વ્યક્તિને તરીકે ખાનને ગુના માટે જવાબદાર ગણીને ૫ વર્ષની સજાની જોગવાઈ છે. મતલબ કે, આ પૈકી એકાદ કલમ હેઠળ પણ ખાન દોષિત ઠરી જાય તો ઓછામાં ઓછા બે વર્ષ માટે તો જેલભેગા થઈ જ જશે.

ખાનનો બચાવ એવો છે કે, આ હુમલો કોચિંગ સેન્ટરો વચ્ચે ચાલતી હરીફાઈનું પરિણામ છે અને પટણા પોલીસ કોચિંગ માફિયાઓ તથા હેલ્થ માફિયાઓનો ઈશારે પોતાને પતાવી દેવા મથી રહી છે. ખાનના કહેવા પ્રમાણે, પોતાના કોચિંગ સેન્ટરના ગાર્ડે તો સ્વબચાવમાં ફાયરિંગ કરેલું. પહેલાં પોતાના હરીફ કોચિંગ સેન્ટરના ઈશારે વીસેક લોકોના ટોળાએ સંસ્થામાં ઘૂસીને તોડફોડ કરીને મિલકતને નુકસાન પહોંચાડ્યું હતું અને સુરક્ષા કર્મચારીઓની પણ ધોલાઈ કરી હતી. ગાર્ડ અને વિદ્યાર્થીઓને ડરાવવા માટે ૮-૧૦ રાઉન્ડ ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો.

હુમલાખોરો પૂરી તૈયારી કરીને આવ્યા હતા. તેમને ખબર હતી કે, ખાનના ગાર્ડ બચાવ માટે હવામાં ફાયરિંગ કરશે તેથી પહેલેથી વીડિયો ઉતારવાની ગોઠવણ પણ કરી દીધેલી. આ વીડિયો ઉતારીને વાઇરલ કરી દેવાયો તેથી સૌને એવું લાગે છે કે, ખાનના ગાર્ડે જ ગોળીબાર કર્યો છે. વાસ્તવમાં અમારા ગાર્ડે તો ટોળાથી બચવા માટે હવામાં ફાયરિંગ કરેલું. પટણા પોલીસ આ વાતને ખોટી ગણાવે છે. તેમનો દાવો છે કે, અમે ખાનના હરીફ જ્ઞાન બિંદુ કોચિંગ સેન્ટરના રોશન આનંદ સહિત ત્રણની ધરપકડ કરી જ છે તેથી પોલીસ કોઈના ઈશારે વર્તી રહી હોવાની વાતમાં દમ નથી.

ખાનની વાત સાચી છે કે પોલીસ સાચું બોલે છે એ ખબર નથી પણ ખાને કોચિંગ માફિયાઓ અને હેલ્થ માફિયા બંનેની લૂંટ પર બ્રેક મારી દીધી છે એ વાત સાવ સાચી છે. પટણામાં ખાન છેલ્લા એક દાયકાથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગરીબ અને સામાન્ય વિદ્યાર્થીઓને સાવ ઓછા દરે કોચિંગ આપે છે. એક સમયે પટણામાં મોંઘી કોચિંગ સેન્ટરોનો દબદબો હતો પણ ખાને બધાંની પથારી ફેરવી નાંખી છે. પટનાના ‘ખાન જીએસ રિસર્ચ સેન્ટર’માં દરરોજ લગભગ પાંચ હજાર વિદ્યાર્થીઓ જીએસ એટલે કે જનરલ સ્ટડીઝનો અભ્યાસ કરવા આવે છે. દર વર્ષે લગભગ ૪૦,૦૦૦ નવા વિદ્યાર્થીઓ અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે આવે છે.

ખાનની યુટ્યૂબ ચેનલ અને એપ પણ અત્યંત લોકપ્રિય છે. દર વર્ષે લગભગ ૫૦ લાખ વિદ્યાર્થીઓ તેમની એપ દ્વારા કોચિંગ મેળવે છે. ખાન સરની યુટ્યૂબ ચેનલના ૨ કરોડથી વધુ સબ્સ્ક્રાઇબર્સ છે. ખાનના ઘણા વીડિયોને તો પાંચ કરોડ કે તેનાથી વધારે વ્યૂઝ મળ્યા છે. ભારતમાં બીજા કોઈ કોચિંગ સેન્ટરની આવી જોરદાર લોકપ્રિયતા નથી. આઈએએસ-આઈપીએસ સહિતની સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારીમાં વિકાસ દિવ્યકીર્તિ સુપરસ્ટાર ગણાય છે પણ ખાન જેટલી લોકપ્રિયતા તેમની પણ નથી. તેનું કારણ એ કે, ખાન કાં મફત કે પછી સાવ સસ્તામાં વિદ્યાર્થીઓને કોચિંગ આપે છે. તેના કારણે બીજાં કોચિંગ સેન્ટરોની બુંદ બેસી ગઈ છે એ વાત સાચી છે.

ખાને ૨૦૨૫માં પટનામાં એક હૉસ્પિટલ ખોલીને લોકોને ઓછી કિંમતની તબીબી સેવાઓ આપવા માંડી તેથી મેડિકલ માફિયા પણ ભડક્યા છે. ખાનની હૉસ્પિટલમાં સરકારી હૉસ્પિટલો કરતા ઓછી કિંમતે સારવાર અપાય છે તેથી મધ્યમ વર્ગ એ તરફ વળ્યો છે. તમામ પ્રકારના ટેસ્ટ સાવ મફત જેવા ભાવે કરી અપાય છે. પહેલાં ખાનગી હૉસ્પિટલો મનમાની ચલાવતી અને લોકોને લૂંટતી. ખાનની હૉસ્પિટલના કારણે હવે મધ્યમ વર્ગ ખાનગી હૉસ્પિટલો તરફ ઓછો જાય છે તેથી તેમના ધંધાને મોટો ફટકો પડી ગયો છે. આમ ખાનથી દાઝેલા કોચિંગ અને મેડિકલ માફિયાઓએ હાથ મિલાવીને ખાનને ફિટ કરી દેવાનો કારસો રચ્યો હોય એવી પૂરી શક્યતા છે. ખાન મૂળ ઉત્તર પ્રદેશના દેવરીયાના છે અને માત્ર ૩૩ વર્ષના છે. આટલી નાની ઉંમરે પટણામાં આવીને આવો મોટો ધંધો જમાવી દીધો તેના કારણે બીજાં પણ ઘણાંની આંખમાં ખૂંચતા હશે તેથી પોલીસ સાવ દૂધે ધોયેલી છે એવો દાવો કરે છે પણ આ દાવો ગળે ઊતરતો નથી.

ખાનની ભાષા અને નિવેદનોના કારણે પહેલાં વિવાદ સર્જાયા છે પણ ખાનનો અત્યાર સુધીનો ટ્રેક રેકોર્ડ એક દેશભક્ત મુસ્લિમ તરીકેનો છે. તિબેટે માનવાધિકારવાદીઓની ચિંતા કર્યા વિના તિબેટ પર કબજો કરીને ચીનમાં ભેળવી દીધું એ રીતે ભારતે પણ પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) કબજે કરી લેવું જોઈએ એવા સ્ફોટક વિચારો ખાન પ્રગટ કરી ચૂક્યા છે. ભારતીય ઘણા મુસ્લિમોની દેશભક્તિ શંકાસ્પદ હોવાના તેમના નિવેદનના કારણે પણ ઘણાંને મરચાં લાગી ગયેલાં. ખાન બીજા પણ આવા સ્ફોટક વિચારો પ્રગટ કરીને વિવાદ સર્જી ચૂક્યા છે પણ વિવાદની પાછળનો ઉદ્દેશ તો દેશનું ભલું જ છે. ધર્મ, જ્ઞાતિ કે બીજા કોઈ ભેદભાવ વિના તમામને કોચિંગ આપીને પણ ખાન દેશસેવા જ કરી રહ્યા છે એ જોતાં બિહારની ભાજપ સરકારે દખલ કરવાની જરૂર છે. ખાને પોતે ફાયરિંગ કર્યું નથી છતાં પોલીસ તેમને ફિટ કરવા હવાતિયાં મારી રહી છે તેની હવા કાઢી નાંખવાની જરૂર છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, મંગળવાર, તા. ૯-૬-૨૦૨૬, પંચક

- ભારતીય દિનાંક ૧૯, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૦૯-૩૯ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૬ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૮-૦૬,
- ઓટઃ સવારે ક. ૧૧-૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૨ (તા. ૧૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – નવમી. પંચક, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, સ્થિર કાર્યો, અજૈક્ચપાદ, અહિર્બુધ્ન્ય દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ખેતીવાડી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, પાટ-અભિષેક, બગીચાના કામકાજ, ધજા, કળશ પતાકા ચઢાવવી, નિત્ય થતાં દુકાન-વેપાર-નોકરી, દસ્તાવેજના કામકાજ નવાં વસ્ત્રો, આભૂષણ, મિત્રતા કરવી, ધાન્ય ભરવું, બી વાવવું, ઘર-ખેતર, જમીન, મકાન-પશુ લેવડદેવડ. મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ વાંચન
- પુરુષોત્તમ માસ મહિમાઃ અધિક માસમાં મંદિરોમાં ધ્વજા રોહણ કરવું કે પ્રભુના સત્સંગનું આયોજન કરવું વંશ-વૃદ્ધિ કરનારું માનવામાં આવે છે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સંગીતપ્રિય, શુક્ર-ગુરુ યુતિ મળતાવડા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, શુક્ર-ગુરુ યુતિ (તા. ૧૦)
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ‘સર’ મામલે ચીફ જસ્ટિસને પત્ર લખશે ઈન્ડિ ગઠબંધન

## ‘નીટ’ પેપર લીક મુદ્દે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી કરાશે

નવી દિલ્હીઃ દેશના જુદા જુદા પચીસ પક્ષના નેતા સોમવારે મળ્યા હતા અને મતદાર યાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન ‘સર’ને તેમ જ ‘મત ચોરી’ને મામલે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ)ને પત્ર આપવાનો અને ‘નીટ’ એક્ઝામને મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું તાત્કાલિક રાજીનામું માગવાનો નિર્ણય લીધો હતો. ઈન્ડિયા બ્લૉકની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધન કરતાં કૉંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર પાસે દેશના અર્થતંત્રની વર્તમાન ચિંતાજનક સ્થિતિ, બેરોજગારી, મોંઘવારી, ખેડૂતોની સમસ્યા તેમ જ સમાજના દબાયેલા અને વંચિત વર્ગના લોકોને મામલે ચર્ચા કરવા સર્વપક્ષી બેઠકનું આયોજન કરવાની માગણી કરી હતી. વિપક્ષના નેતાઓના જૂથે દર બે મહિને આવી બેઠક યોજવાનો નિર્ણય લીધો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હવે પછી ઑગસ્ટમાં હૈદરાબાદ ખાતે આ પ્રકારની બેઠકનું આયોજન કરવામાં આવશે.ઈન્ડિયા બ્લૉકની આ બેઠકમાં દેશના જુદા જુદા પચીસ પક્ષના નેતાઓએ ભાગ લીધો હતો અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. (એજન્સી)

# ભારત અને ચીન હરીફ નહીં, ભાગીદાર બનવા જોઈએઃ બેઈજિંગ

બેઈજિંગઃ ચીન અને ભારતે એવું ‘સાચું વ્યૂહાત્મક પરિપ્રેક્ષ્ય’ જાળવી રાખવું જોઈએ કે તેઓ હરીફ નહીં, પરંતુ સહકારી ભાગીદરો છે અને દરેકની વિકાસ માટેની તક એ બીજા માટે જોખમ નથી, એમ ચીનના ટોચના અધિકારીએ કહ્યું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવકતા લિન જિઆને પત્રકાર પરિષદમાં રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનની ભારત-ચીન પરની ટિપ્પણી અને મોસ્કોના બન્ને જોડે ગાઢ સંબંધો રાખવાના પ્રયાસો અંગેના સવાલના જવાબ દઈ રહ્યા હતા.

લિને કહ્યું હતું કે હાલમાં ભારત અને ચીન વચ્ચેની સરહદી પરિસ્થિતિ શાંત છે અને બન્ને દેશ વચ્ચે સંદેશવ્યવહારની સરસ ચેનલ છે.

લિને વધુમાં કહ્યું હતું કે બન્ને દેશે દ્વિપક્ષી સંબંધોને વ્યૂહાત્મક ઊંચાઈ તરીકે અને લાંબા ગાળાના પરિપ્રેક્ષ્ય તરીકે હાથ ધરવા જોઈએ. બન્ને દેશે પારસ્પરિક વિશ્વાસ અને સહકાર વધારવા જોઈએ અને મતભેદોને યોગ્ય રીતે હાથ ધરવા જોઈએ. બન્ને દેશે ભારત-ચીન સંબંધોમાં એકધારી પ્રગતિ લાવવી જોઈએ.

ચીનના પાકિસ્તાન સાથેના ગાઢ નાતા અંગેની ભારતની ચિંતા વિશે બોલતા લિને કહ્યું હતું કે બેઈજિંગ ભારત અને પાકિસ્તાન સંવાદ વડે તેમના મતભેદો દૂર કરે અને વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહે એ માટે તેમને ટેકો આપે છે.

ભારત, ચીન અને રશિયાના સંબંધો વિશે બોલતા લિને કહ્યુ હતું કે આ ત્રણેય દેશ ઊભરતાં અર્થતંત્રો છે અને ત્રણેય દેશો ઉષ્માભર્યા સંબંધો રાખે એ ત્રણેય દેશના હિતમાં જ નહીં, પરંતુ વિશ્વની શાંતિ, સુરક્ષા અને સ્થિરતા માટે જરૂરી છે. ચીન ત્રિપક્ષી સહકાર વધારવા ભારત અને રશિયા સાથે સંદેશવ્યવહાર કરવાનું ચાલુ રાખશે. પુતિને એક મુલાકાતમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગની સરાહના કરી હતી. (એજન્સી)

# ઇન્ટરવ્યૂમાં ડોનલ્ડ ટ્રમ્પ ભડક્યા, માઇક હટાવ્યું ને ચાલતી પકડી

વોશિંગ્ટનઃ ‘‘ચાલો હવે અહીં જ પૂરું કરીએ. કારણ કે હવે મારાથી વધારે સહન નહીં થાય. આભાર, ડાર્લિંગ.‘‘ આ શબ્દો સાથે, અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઇન્ટરવ્યુ અધવચ્ચે છોડીને ચાલ્યા ગયા. ખરેખર, ૨૦૨૦ની પ્રમુખ ચૂંટણીમાં છેતરપિંડીના આરોપો અને ૨૦૨૬ની કેલિફોર્નિયા પ્રાઇમરી ચૂંટણીના વિવાદ પર એન્કર સાથે તેમની બોલાચાલી થઈ. એન્કરે ટ્રમ્પને આરોપોના પુરાવા આપવા કહ્યું, જેના પર પ્રમુખ ગુસ્સે થઈ ગયા.

આ ઘટના ‘મીટ ધ પ્રેસ’ માટે આપવામાં આવેલા એક ઇન્ટરવ્યુ દરમિયાન સામે આવી, જ્યાં ટ્રમ્પે અમેરિકી ચૂંટણીમાં ગેરરીતિ થવાના પોતાના આરોપોનો બચાવ કર્યો હતો. એન્કર ક્રિસ્ટન વેલ્કરે જ્યારે અમેરિકી પ્રમુખને કેલિફોર્નિયામાં ચાલી રહેલી મતગણતરી અને ચૂંટણી અંગેના તેમના દાવાઓના પુરાવા રજૂ કરવા માટે વારંવાર પૂછ્યું, ત્યારે આ ચર્ચા વધુ ઉગ્ર બની ગઈ. મીડિયા પર પોતાનો ગુસ્સો ઠાલવ્યા પછી, ટ્રમ્પે પોતાનું માઇક્રોફોન હટાવી દીધું અને બહાર નીકળી ગયા.

ઇન્ટરવ્યુની શરૂઆતમાં ઇરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાતચીત પર ચર્ચા થઈ હતી. આ ચર્ચા પછી જ વિવાદ શરૂ થયો. ત્યારબાદ ક્રિસ્ટન વેલ્કરે તેમના પ્રસ્તાવિત ૧.૮ અબજ ડોલરના શસ્ત્રીકરણ-વિરોધી અભિયાન વિશે પૂછ્યું, જેનો ઉદ્દેશ્ય એવા લોકોને વળતર આપવાનો હતો જેઓ માનતા હતા કે અગાઉની સરકાર દ્વારા તેમને ખોટી રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા.

ટ્રમ્પે આકરા શબ્દોમાં પલટવાર કર્યો. તેઓ બોલ્યા હતા કે, પુરાવા જ પુરાવા છે. ચૂંટણીમાં ગેરરીતિ થઈ હતી. આ એક ગંદી ચૂંટણી હતી, અને અત્યારે કેલિફોર્નિયામાં પણ આવું જ થઈ રહ્યું છે.

# ડોમિનિક રિપબ્લિકમાં પ્રાઈવેટ પ્લેન રનવે પર સળગ્યું, બે મોત

સેન્ટો ડોમિંગોઃ કેરેબિયન દેશ ડોમિનિકન રિપબ્લિકમાંથી એક અત્યંત દિલધડક અને દુઃખદ વિમાન અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. અહીંના એક ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમર્જન્સી લેન્ડિંગ દરમિયાન એક પ્રાઇવેટ જેટ રનવે પરથી ફસકી ગયું હતું અને ક્રેશ થતાં જ તેમાં ભયાનક બ્લાસ્ટ થયો હતો. જોતજોતામાં આખું વિમાન આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું. આ ભીષણ દુર્ઘટનામાં વિમાનના મુખ્ય પાઇલટ અને કો-પાઇલટ બંનેના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ભયાનક અકસ્માત ડોમિનિકન રિપબ્લિકના હાસા લા રોમાના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સર્જાયો હતો. મૃતક પાયલટોની ઓળખ એરિક ઝેવિયર ડિયાગો અને રૂડી ગજલ તરીકે થઈ છે. રાહતની વાત એ છે કે, અકસ્માતનો ભોગ બનેલું આ અમેરિકન રજિસ્ટર્ડ પ્રાઈવેટ જેટ તે સમયે સંપૂર્ણપણે ખાલી હતું અને તેમાં કોઈ મુસાફરો સવાર નહોતા. પૂર્વ મેજર લીગ બેઝબોલ પ્લેયર યાદિયર મોલિનાએ સોશ્યલ મીડિયા પર ખુલાસો કર્યો હતો કે, આ ફ્લાઇટ તેમને અને તેમના પરિવારને લેવા માટે આવી રહી હતી. પરંતુ સદનસીબે દુર્ઘટના બની ત્યારે તેઓ વિમાનમાં હાજર નહોતા, જેના કારણે તેમનો અને તેમના પરિવારનો આબાદ બચાવ થયો છે.

# ઓમાનના કાંઠે ઑઈલ ટૅન્કરોમાં આગઃ ૨૪ ભારતીય ખલાસીને બચાવી લેવાયા

નવી દિલ્હીઃ ઓમાનના દરિયાકાંઠા નજીક ૨૪ ભારતીય ખલાસીઓને લઇ જતા એક ઑઈલ ટૅન્કરમાં આગ ફાટી નીકળી હોવાના અહેવાલ છે. આ ઘટના ઇઝરાયલ અને ઇરાન વચ્ચે યુદ્ધવિરામ બાદ પહેલી વાર મોટા પાયે હુમલા થવા સમયે બની છે.

ભારતના બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના ડિરેક્ટર ઓપેશ કુમાર શર્માએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે મડાગાસ્કરના ધ્વજવાળા એમટી મેરીવેક્સમાં બપોરે ૧-૩૦ વાગ્યે(આઇએસટી) આગ લાગી હોવાની સૂચના મળી હતી. શર્માએ આગ લાગવાના કારણ અંગે કોઇ ટિપ્પણી કરી ન હતી. પરંતુ જહાજ પર ૨૪ ભારતીય ક્રૂ મેમ્બર સવાર હોવાનું જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ટૅન્કર ખાલી હતું અને હોર્મુઝ સામુદ્રધુનીથી ઘણું દૂર હતું. આ એક અગત્યનો શિપિંગ માર્ગ છે, જે પ્રાદેશિક તણાવથી પ્રભાવિત રહ્યો છે.

શર્માએ કહ્યું કે આ અમને મળેલી પ્રારંભિક માહિતી છે...પ્રાપ્ત માહિતી મુજબ તમામ ભારતીય ખલાસીઓ સુરક્ષિત છે. અમે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિદેશ મંત્રાલય, વિદેશોમાં અમારા મિશન, ભારતીય નૌકાદળ અને સંરક્ષણ મંત્રાલય સાથે મળીને કામ કરી રહ્યા છીએ.

શિપ-ટ્રેકિંગ ડેટા પરથી જાણવા મળે છે કે જહાજ મસ્કતથી દક્ષિણમાં લાંગરેલું હતું. પ્રારંભિક અહેવાલો અનુસાર ઓમાનના ડુક્મ બંદર તરફ જતી વખતે હુમલાની ઝપટમાં આવી ગયા બાદ ટૅન્કરે ડિસ્ટ્રેસ કોલ કર્યો હતો. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ઇઝરાયલ અને ઇરાન વચ્ચે ફરી તણાવ વધી ગયો છે.

# સતર્ક રહો, બિનજરૂરી પ્રવાસ ટાળોઃ ઇઝરાયલ અને ઈરાનમાંના ભારતીયોને અપાઈ સલાહ

તેલ અવીવઃ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે નવેસરથી યુદ્ધ ભડકી ઉઠ્યું હોવા વચ્ચે બંને દેશસ્થિત ભારતીય એલચી કચેરીએ સ્થાનિક ભારતીયો માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે અને તેમને ખૂબ જ સાવધ રહેવાની, સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અને બિનજરૂરી પ્રવાસ ટાળવાની સલાહ આપી છે. એ વિસ્તારમાં પ્રવર્તી રહેલી વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ ભારતીયોને આ સલાહ આપવામાં આવી છે.

ઈરાને રવિવારે સાંજે ઈઝરાયલ પર ડઝનબંધ મિસાઈલ છોડ્યા હતા જેના જવાબમાં ઈઝરાયલે પણ ઈરાન પર વળતો હુમલો કરતાં તણાવ વધ્યો છે. ભારતીયોને માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### હજી ઘણા પક્ષ

થયેલા જૂથના વડા બેનરજીએ રેના રાજીનામાને વિરોધના વ્યક્તિગત કૃત્ય કરતાં વધુ ગણાવ્યું હતું, તેને પક્ષમાં અસંતુષ્ટ નેતાઓના એક વર્ગમાં ઇચ્છાની એકતા ગણાવી હતી.

ઋતબ્રતે કહ્યું કે તેમને આશા છે કે આગામી દિવસોમાં વધુ સાંસદો જાહેરમાં પક્ષથી દૂર થશે.

નવી દિલ્હીમાં રાજકીય વાતાવરણમાં એક તરફ તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજી, રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી અને ઘણા વરિષ્ઠ સાંસદોએ ઇન્ડિ જૂથના નેતાઓની બેઠકમાં હાજરી આપી હતી, ત્યારે બીજી તરફ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રભારી ભૂપેન્દ્ર યાદવના ઘરે તૃણમૂલ કોંગ્રેસના લગભગ એક ડઝન સાંસદ ભેગા થયા હોવાના અહેવાલો સામે આવ્યા હતા.

આ બેઠકને ઘણા લોકો દ્વારા પક્ષના ધારાસભ્યોમાં બળવો હવે સંસદમાં ફેલાઈ રહ્યો છે તે સંકેત તરીકે જોવામાં આવી રહી છે, જેમાં રેએ હાજરી આપી હતી.

મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારી, જે સત્તાવાર કામકાજ માટે રાષ્ટ્રીય રાજધાનીમાં છે, અને ત્રિપુરાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બિપ્લબ દેબ, જે તાજેતરમાં પૂર્ણ થયેલી પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે ભાજપના ભૂતપૂર્વ સહ-પ્રભારી છે, તેમણે પણ યાદવના નિવાસસ્થાનની ટૂંકી મુલાકાત લીધી હોવાનું કહેવાય છે.

આ પૃષ્ઠભૂમિ સામે, ઋતબ્રતે સૂચવ્યું હતું કે રેનું રાજીનામું ફક્ત મોટા રાજકીય પુનર્ગઠનની શરૂઆત છે.

### અમેરિકા-ઈરાન

એવા સંજોગો ઊભા થયા હતા. ઇરાનના જોઈન્ટ કમાન્ડે કહ્યું હતું કે જો ઇઝરાયલ ઈઝરાયલે કે તેના ટેકેદારો દક્ષિણ લેબનોન સહિતના પ્રદેશમાં ‘આક્રમણ કે દુશ્મનાવટભર્યું પગલું’ ભરશે તો પહેલાં કરતાં પણ વધુ આકરા અને કચડી નાખનારાં પગલાં ભરવામાં આવશે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુને ઇરાનના મિસાઈલ હુમલાનો વળતો જવાબ ન આપવાનો આદેશ આપ્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે ઇઝરાયલના વળતા હુમલાને લીધે ત્રણ મહિનાથી ચાલતી લડાઈની શાંતિ વાટાઘાટો ખોરવાઈ જશે. ઇરાને રવિવારે ઇઝરાયલ પર મિસાઈલ હુમલો કર્યા બાદ ટ્રમ્પે નેતાન્યાહુ સાથે શાંતિ મંત્રણાને ખોરવી નાખે એવી તંગદિલી ન થાય એ માટે વાતચીત કરી હતી. ટ્રમ્પે ઇરાનને વાતચીતના મેજ પર આવવાનું કહ્યું હતું.

ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે અમેરિકા અને ઇરાન ઘણી સમીપ છે. હું એમ કહી શકું કે કરાર સોમવારે, મંગળવારે કે આ અઠવાડિયે પણ થઈ શકે. હવે આ ઘટના બની. ટ્રમ્પે ઇરાનના ઈઝરાયલ પરના હુમલા અંગે કહ્યું હતું કે તમે તમારી મિસાઈલો છોડી આ પૂરતું છે. હવે વાતચીતના ટેબલ પર આવો અને શાંતિ કરાર કરો. ઇરાનની મિસાઈલે કોઈ નુકસાન કર્યું નથી. આશા રાખું છું કે ઇઝરાયલ વળતો હુમલો નહીં કરે. જો બીબી (નેતાન્યાહુ) હુમલો કરશે તો યુદ્ધ છેલ્લાં ૪૭ વર્ષ કે ઓછામાં ઓછા ૩,૦૦૦ વર્ષની જેમ ચાલુ રહેશે. (એજન્સી)

### ટીએમસીમાં

સ્પિકરને આ નિર્ણયની જાણ કરી દીધી છે, એમ તેમણે કહ્યું હતું.

લોકસભામાં પોતે પક્ષના ચીફ વ્હીપ રહેશે એવો દાવો કરતાં દાસ્તીદારે કહ્યું હતું કે સાથી સાંસદો સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મમતા બેનરજીના વડપણ હેઠળમાં આંતરિક કટોકટી ઊભી થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અમે જનતાના ચુકાદાને સ્વીકાર્યો છે અને અમને જણાઈ આવ્યું છે કે અમારું ભાવિ રાજકીય પગલું એનડીએ સાથે જોડાઈ જવાનું છે.

જોકે મમતા બેનરજીએ આ મુદ્દે કોઈ જ પ્રતિક્રિયા નહોતી આપી.

### ફિલિપાઇન્સમાં

ઘરોમાં પાછા ફરતા પહેલા સલાહ લેવાની ચેતવણી આપી છે. કારણ કે આફ્ટરશોક્સ આવા માળખાઓને ધરાશાયી કરી શકે છે. આ શક્તિશાળી ભૂકંપ સવારે ૭-૩૭ વાગ્યે આવ્યો હતો. આ ભૂકંપથી બંદર શહેર જનરલ સેન્ટોસ ભયંકર રીતે પ્રભાવિત થયું છે. ભૂકંપના આંચકા બહુ શક્તિશાળી હતા. લોકો તેમના ઘરોમાંથી બહાર નીકળીને રસ્તાઓ પર દોડી આવ્યા હતા. જનરલ સેન્ટોસ ૭,૦૦,૦૦૦થી વધુની વસ્તી ધરાવતું બંદર શહેર છે. જે ટુના(મોટા કદની ખાદ્ય દરિયાઇ માછલી) નિકાસ ઉદ્યોગ અને અન્ય વેપારનું પ્રાદેશિક કેન્દ્ર છે.બાકોલકોલના જણાવ્યા અનુસાર આ વર્ષે ફિલિપાઇન્સમાં આવેલા સૌથી શક્તિશાળી ભૂકંપનું કેન્દ્રબિંદુ સરંગાની પ્રાંતના માસિમ શહેરથી લગભગ ૩૨ કિ.મી. દક્ષિણ-પશ્ચિમમાં આવેલા મિંડાનાઓ ટાપુ નજીક સમુદ્રમાં ૩૩ કિ.મી. ની ઊંડાઇએ સ્થિત હતું.

ફિલિપાઇન્સના પ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે વર્ગો રદ કરવાનો આદેશ આપ્યો હતો. તેમજ આપત્તિ-પ્રતિક્રિયા એજન્સીઓને ભૂકંપગ્રસ્ત પ્રાંતોમાં તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવાનો આદેશ આપ્યો હતો. ઝામ્બોઆંગા ડેલ સુરના એક દરિયાકાંઠાના ગામમાં ભૂકંપ અને સુનામીના લીધે છ ઝૂંપડીઓને નુકસાન થયું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

### ઉજજવલાના

ખનુજાએ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે નવો નિયમ ઉજ્જવલાના લાભાર્થીઓના ગસ સિલિન્ડરના સરેરાશ વાર્ષિક વપરાશ સાથે સુસંગત છે.

સ્વચ્છ અને પરવડી શકે તેવા ઈંધણના વપરાશને પ્રોત્સાહન આપવા સરકારે મે ૨૦૨૨માં પ્રતિસિલિન્ડર ૨૦૦ રૂપિયા સબસિડી આપવાની શરૂ કરી હતી અને આ રકમ સીધી જ લાભાર્થીના બૅન્ક ખાતામાં જમા કરાતી હતી.

વર્ષ ૨૦૨૩માં સબસિડીની આ રકમ પ્રતિસિલિન્ડર વધારીને ૩૦૦ રૂપિયા કરવામાં આવી હતી.

સબસિડીમાં કરવામાં આવેલા આ ઘટાડાને કારણે હવે એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. દિલ્હીમાં ૧૪.૨ કિલોના ગૅસ સિલિન્ડરના ભાવમાં છેલ્લાં ત્રણ મહિનામાં બે વખત કરવામાં આવેલા વધારાને કારણે કિંમતમાં પ્રતિસિલિન્ડર ૮૯ રૂપિયાનો વધારો થયો છે જેને કારણે સિલિન્ડરની રિટેલ પ્રાઈસ વધીને પ્રતિસિલિન્ડર ૯૪૨ રૂપિયા થઈ ગઈ છે. સબસિડીને ગણતરીમાં લેવામાં આવે તો લાભાર્થીએ પ્રતિસિલિન્ડર ૬૪૨ રૂપિયા ચુકવવા પડી રહ્યા છે. જોકે સરકારને આ સિલિન્ડર અંદાજે ૧૬૦૦ રૂપિયામાં પડતું હોવાને કારણે પ્રતિસિલિન્ડર લગભગ ૧,૦૦૦ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

અગાઉ છેલ્લે સાત જૂને સિલિન્ડરના ભાવમાં ૨૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ૧૬૦૦ ડિગ્રી

જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

મુખ્ય પ્રધાન નાયડુએ તમામ વિભાગોને મદદ પહોંચાડવા માટે પરસ્પર સંકલન સાધીને કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો. પોલીસે જણાવ્યું કે ક્રેન દ્વારા એક ડોલમાં લઇ જતી વખતે પીગળેલું લોખંડ નીચે ઢોળાઇ જતા આ દુર્ઘટના બની હતી. પીગળેલું લોખંડ અત્યંત ગરમ હતું. જેનું તાપમાન લગભગ ૧૬૦૦ ડિગ્રી સેલ્સિયસ હતું.

# ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ, પણ ગરમી અને બફારો બેફામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વરસાદની આગાહીઓ વચ્ચે ગરમી અને બફારો અસહ્ય બની ગયો છે. મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી ઉપર રહે છે. અમદાવાદ અને રાજકોટમાં સોમવારે ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમરેલી અને સુરેન્દ્રનગરમાં ૪૧ ડિગ્રી જ્યારે વડોદરા, ભાવનગર અને ડીસામાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ સહિત મોટાભાગના શહેરોમાં આ વખતનો ઉનાળો કપરો રહ્યો હતો. નિષ્ણાતોના મતે આ વખતે આકરા તાપ સાથે ભેજ અને ગરમ પવનોને કારણે ઉનાળો વધારે અકળાવનારો સાબિત થયો છે. રાજ્યમાં ૪૪ ડિગ્રી તાપમાન ઘણીવાર થયું છે, પરંતુ આ વખતે તે ૪૮ ડિગ્રી જેવું અનુભવાતું હતું, જેના કારણો ભેજ, ગરમ પવનો હોવાનું નિષ્ણાતો અહેવાલોમાં જણાવે છે.

નિષ્ણાતોએ શહેરી ગરમી માટે કોંક્રિટની ઈમારતો, ડામર રસ્તાઓ, વાહનોનું એમિશન અને એર કન્ડીશનરમાંથી નીકળતી ગરમી શહેરમાં જ રહે છે, જેના કારણે સૂર્યાસ્ત પછી પણ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતો નથી. આ વખતે રાત્રે પણ ગરમીથી રાહત મળી ન હતી.

અમદાવાદને લગભગ ૧૨ જૂન સુધી કોઈ રાહત મળશે નહીં અને ગરમીનું પ્રમાણ થોડું ઓછુ વધતું થશે, તેમ હવામાન વિભાગ જણાવે છે.

આવી જ સ્થિતિ ભાવનગર સહિત ગોહિલવાડ પંથકની છે. અહીં હવામાનમાં આવેલા ભારે પલટા વચ્ચે ગરમીનો પ્રકોપ વધુ આકરો બન્યો છે. સામાન્ય રીતે વાદળછાયું આકાશ થતાં ગરમીમાં રાહત મળતી હોય છે, પરંતુ સોમવારે તેનાથી ઊલટી જ સ્થિતિ સર્જાઈ હતી અને અરબી સમુદ્ર તરફથી આવતા ભેજવાળા પવનોને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધીને ૪૯ ટકાએ પહોંચી ગયું હતું. વાદળોના કારણે જમીનની ગરમી હવામાં પરાવર્તિત થઈ ન શકતા અને હવામાં ભેજનું પ્રમાણ ઊંચું હોવાના લીધે અસહ્ય બફારો અનુભવાયો હતો, જેને કારણે સવારથી જ લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા અને બપોરના સમયે રાજમાર્ગો પર લોકોની અવરજવર નહિવત જોવા મળી હતી. ■

# ઑપરેશન ડેલ્ટા હંટ: ગુજરાતમાંથી ૬૦૯ ગેરકાયદે બાંગ્લાદેશી પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઓપરેશન ડેલ્ટા હન્ટના ભાગ રૂપે, ગુજરાતભરમાં કાયદા અમલ કરતી એજન્સીઓએ ૬ જૂનના રોજ રાત્રે ૮ વાગ્યા સુધીમાં રાજ્યના વિવિધ ભાગોમાંથી કુલ ૬૦૯ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સત્તાવાર આંકડા અનુસાર, અટકાયત કરાયેલા લોકોમાં ૧૬૧ પુરુષ, ૩૨૩ મહિલા અને ૧૨૫ બાળકનો સમાવેશ થાય છે.

અમદાવાદ શહેરમાંથી સૌથી વધુ અટકાયત નોંધાઈ હતી, જ્યાં ૨૦૭ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ અમદાવાદ ગ્રામ્યમાં ૬૪, સુરત શહેરમાં ૧૨૦, ભરૂચ જિલ્લામાં ૬૧ અને ખેડા જિલ્લામાં ૨૨ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વ્યક્તિઓ ગુજરાતમાં ગેરકાયદે રીતે રહેતા હોવાનું જાણવા મળ્યું હતું અને પોલીસ અને અન્ય એજન્સીઓ દ્વારા અનેક જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમિયાન તેમની અટકાયત કરવામાં આવી હતી. લાગુ કાયદા અનુસાર વધુ ચકાસણી અને કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. ■

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર બે દિવસમાં બે અકસ્માતમાં સાતનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરા નજીક માત્ર બે દિવસમાં થયેલા બે અકસ્માતમાં સાત જણે જીવ ગુમાવ્યા હતા. શનિવારે મોડી રાત્રે થયેલા અકસ્માતમાં ચાર જણે જીવ ગુમાવ્યા હતા જ્યારે સોમવારે વહેલી સવારે થયેલા અકસ્માતમાં ત્રણ જણના જીવ ગયા હતા.

ઘટના અંગે મળતી માહિતી અનુસાર સોમવારે વહેલી સવારે વડોદરાના કરજણ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર પાર્ક થયેલી કારને ટ્રકે ટક્કર મારતાં ત્રણ જણનાં મોત નિપજ્યા હતા જ્યારે અન્યોને ઈજા થઈ હતી.

પરિવારના ૧૧ સભ્ય રાજસ્થાનના ખાટુ શ્યામ મંદિરના દર્શન માટે જવા નીકળ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, પરિવારે એક્સપ્રેસ વેની બાજુમાં પોતાનું વાહન રોક્યું હતું ત્યારે એક અજાણ્યા ટ્રકે પાછળથી ખૂબ જ ઝડપે ટક્કર મારી હતી. જેમાં ત્રણનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. અન્યને ઈજા થઈ હતી, જેમને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસના કહેવા અનુસાર અમુકની હાલત નાજુક છે.

મૃતકોની ઓળખ દાદરા અને નગર હવેલીના સિલ્વાસાના રહેવાસી વિશાલ બાલુ દેવરે અને વંદનાબાઈ બાલુ દેવરે અને મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના રહેવાસી પ્રમોદભાઈ ભાઈદાસ પાટિલ તરીકે થઈ છે. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રક ડ્રાઈવર સ્થળ છોડીને ભાગી ગયો હતો. પોલીસે તપાસ હાથ ધરી હતી.

આવા એક અન્ય અકસ્માતમાં ચાર જણના મોત થયા હતા. શનિવારે મોડી રાત્રે વડોદરા નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર રોંગ સાઈડ પર જઈ રહેલી કાર અને ટ્રક વચ્ચે ટક્કર થતાં ચાર લોકોનાં મોત થયા હતા અને પાંચ લોકો ઘાયલ થયા હતા.

આ અકસ્માત પણ વડોદરા નજીક સામિયાલા ગામ બહાર એક્સપ્રેસ વે પર થયો હતો. મૃતક પરિવાર આમપાડ ગામથી મહેસાણા ખાતે એક મંદિરમાં દર્શનાર્થે જઈ રહ્યો હતો.

પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર વાનનો ડ્રાઇવર નરેન્દ્રસિંહ રાઠોડ ભૂલથી એક્સપ્રેસ વેની અમદાવાદ તરફ જવાને બદલે મુંબઈ તરફ જતા કેરેજવેમાં ઘૂસી ગયો હતો. લગભગ ચાર કિલોમીટર સુધી વાહન ચલાવ્યા પછી, તેને ભૂલનો અહેસાસ થયો અને તેણે કથિત રીતે યુ-ટર્ન લીધો અને તે જ કેરેજવે પર ખોટી દિશામાં આગળ વધ્યો હતો. લક્ષ્મીપુરા ગામની હદમાં ટોલ પ્લાઝા નજીક વાન પાછળથી એક ટ્રક સાથે અથડાઈ હતી, જેમાં ચાર જણે જીવ ગુમાવ્યો હતો અને પાંચને ઈજા થઈ હતી. મૃતકોની ઓળખ ગૌરી સોલંકી, દલપત મેવાડા, નરેન્દ્રસિંહ રાઠોડ અને પ્રહલાદ બારડ તરીકે થઈ હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સ્કૂલ વૅનના ભાડામાં ₹૨૦૦ અને રિક્ષામાં ₹૧૦૦નો ધરખમ વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં જીવન જરૂરિયાતની ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે. કમરતોડ મોંઘવારીના કારણે મધ્યમ વર્ગની સ્થિતિ એક સાધે ત્યાં તેર તુટે તેવી થઈ છે. આ પરિસ્થિતિમાં સ્કૂલ વર્ધી એસોસિયેશન દ્વારા ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો છે. અમદાવાદમાં સ્કૂલવર્ધી એસોસિએશનની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે સ્કૂલ વાનના ભાડામાં ૨૦૦ રૂપિયા અને સ્કૂલ રિક્ષાના ભાડામાં ૧૦૦ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય કરવમાં આવ્યો હતો.

સ્કૂલ વર્ધી એસોસિએશને આ અંગે જણાવ્યું હતું કે, વધતી જતી મોંઘવારીમાં અને સીએનજીના ભાવમાં વધારો થતો હોવાથી ભાડામાં વધારો કરવો કે નહીં તેને લઈને ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સ્કૂલ વર્ધીના ચાલકોને ભાવ વધારામાં ઘર ચલાવવું મુશ્કેલ ન બને તે માટે ભાડામાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી હવે રાજ્યભરમાં વાલીઓએ નવા વધારા સાથે સ્કૂલ વાન અને સ્કૂલ રિક્ષાનું ભાડું ચૂકવવું પડશે.

નવા ભાડા પ્રમાણે વાલીઓને હવે એક કિલોમીટર મુજબ સ્કૂલ રિક્ષાનું ભાડું ૭૫૦ ના બદલે ૮૫૦ રૂપિયા ચૂકવવું પડશે. તો સ્કૂલ વાનનું ભાડું એક કિલોમીટર પ્રમાણે ૧૨૦૦ રૂપિયા બદલે હવે ૧૪૦૦ આપવું પડશે. જેથી વાલીઓને સ્કૂલ યુનિફોર્મની સાથે સાથે સ્કૂલ વાનના ભાડામાં પણ વધારો થતા તેમને વધુ એક મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. ■

# લવ જેહાદ મામલે વલસાડના હિન્દુ અને જૈન સમાજે પોલીસવડાને આપ્યું નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ જિલ્લાના અમુક ગામોમાં હિન્દુ અને જૈન સમાજની છોકરીઓને ઈરાદાપૂર્વક લવ જેહાદમા ફસાવવામાં આવતી હોવાના આક્ષેપો સાથે હિન્દુ-જૈન સમાજ દ્વારા વલસાડ જિલ્લા પોલીસવડાને લેખિત નિવેદન આપી તપાસની માગણી કરી હતી.

ધર્માતરણ ને વિદેશ ભગાવી જવાના કથિત કિસ્સાઓ વધી ગયા હોવાના આક્ષેપો સાથે તેમણે રોષ વ્યક્ત કર્યો હતો. ખાસ કરીને ઉમરગામ તાલુકાના સંજાણ ગામ અને આસપાસમાં હિન્દુ છોકરીઓને પ્રેમજાળમાં ફસાવી તેમનું ધર્માતરણ કરવામાં આવે છે, તેવા આક્ષેપો તેમણે કર્યા હતા.

આવેદનપત્ર અનુસાર ગુજરાતમાં લવ જેહાદ માટે કાયદો કડક હોવાથી મહારાષ્ટ્રના પાલઘરમાં લગ્ન કરવામાં આવે છે. આ સાથે તેમની માટે રાતોરાત વિદેશ ભાગી જવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આવા કિસ્સા બન્યા હોવાથી સ્થાનિકોએ આરોપ લગાવ્યો હતો કે આ ષડ્યંત્ર ઘણા લોકોની મદદથી ચાલી રહ્યું હોય તેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ. છોકરીઓને કઈ રીતે ફસાવાય છે, તેમને બહારગામ જવા કે વિદેશ જવા આર્થિક મદદ કોણ કરે છે, આ સાથે વિઝા-પાસપોર્ટ માટે કાનૂની સલાહ આપી મદદ કોણ કરે છે વગેરે માટે ખાસ તપાસ થવી જોઈએ.

સંગઠને એમ પણ જણાવ્યું હતું કે આ હ્યુમન ટ્રાફિકિંગનું ષડ્યંત્ર પણ હોઈ શકે. તેમણે પોલીસ વિભાગની આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ કરવા અને ભોગ બનેલા પરિવારોને મદદ કરવા વિનંતી કરી હતી. આ મામલે પોલીસ વિભાગ સાથે વાત થઈ શકી ન હતી. ■

# ગુજરાતની શાળાઓમાં વેકેશન પૂરું, શૈક્ષણિક વર્ષનો વિધિવત્ આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાંની સાથે જ ૮ જૂનને સોમવારથી તમામ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭નો વિધિવત શુભારંભ થયો હતો. શૈક્ષણિક સત્રના આરંભના પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓના આગમનથી શાળાઓનું પરિસર ફરી જીવંત થયું હતું. રાજ્યની તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં એક અનોખો ઉત્સાહ, ઉમંગ અને નવી આશાઓનો માહોલ જોવા મળ્યો હતો.

શાળા પ્રવેશના પ્રથમ દિવસે જ નવા નાના ભૂલકાઓને આવકારવા માટે ખાસ આચાર્ય, શિક્ષકો સહિતનો સ્ટાફ સ્કૂલના દરવાજાની સામે ઊભો રહ્યો હતો. વિદ્યાર્થીઓના સ્વાગત સાથે કંકુ તિલક કરીને મોઢું મીઠું કરાવી આવકાર્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કાળઝાળ ગરમીના કારણે શાળા સંચાલકો દ્વારા વેકેશન લંબાવવાની માંગ કરવામાં આવી હતી.

જો કે વહીવટી તંત્ર તરફથી વેકેશન લંબાવવાની કોઈ અન્ય સૂચના ન મળતાં પૂર્વ નિર્ધારિત સમયપત્રક મુજબ જ નવું શૈક્ષણિક વર્ષ શરૂ કરવામાં આવ્યું છે. ■

# રાજકોટ મામાને ઘરે ગયેલી જામનગરની ૧૪ વર્ષની કિશોરીનું હાર્ટ અટેકથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ફરી નાની વયની કિશોરીનું હાર્ટ અટેકથી મોત થયાની ઘટના બની હતી. મૂળ જામનગરમાં રહેતી આનંદી મોદી રાજકોટ મામાના ઘરે ગઈ હતી અને પરિવાર સાથે રમતા રમતા જ ઢળી પડી હતી. તેને હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. હાલમાં પુરુષોત્તમ મહિનો ચાલી રહ્યો છે ત્યારે ભાણેજની સરાભરા થતી હોય છે, પરંતુ રાજકોટમાં એક કમનસીબ ઘટના ઘટી હતી. જામનગરના ચાંદી બજારમાં રહેતી આનંદી મોદી રાજકોટ મામાને ઘરે ગઈ હતી. અહીં આખો પરિવાર બહાર હૉટેલમાં જમવા ગયો હતો. જમ્યા બાદ તે બીજા છોકરાઓ સાથે રમતી હતી ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડી હતી. પરિવારના સભ્યોએ તેને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ પહોંચાડી હતી. જોકે અહીં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર આનંદીનું મોત હાર્ટ અટેકથી થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. મેડિકલ રિપોર્ટ સહિતનાં પરિક્ષણો બાદ મોતનું ચોક્કસ કારણ જાણવા મળશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આટલી નાનકડી દીકરીનું આ રીતે મોત થતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ■

# રાજકોટમાં બાબા બાગેશ્વરના દિવ્ય દરબારમાં લોકો ધુણતા વિવાદ સર્જાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાયેલા બાગેશ્વરધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીના દિવ્ય દરબારમાં ભૂતપ્રેતના નામે અમુક લોકો ધુણ્યા હતા અને ત્યારબાદ પત્રકારો પર કરાયેલા હુમલાના વીડિયો વાઇરલ થતા વિવાદ સર્જાયો હતો. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઊભી કરવા અને અંધશ્રદ્ધા ફેલાવા અંગેના આક્ષેપોને લીધે મામલો ગરમાયો હતો. સામાજિક અગ્રણી પરષોત્તમ પીપળીયાએ મીડિયા સાથે વાત કરી હતી અને સમગ્ર કાર્યક્રમને પૂર્વ નિયોજિત કહ્યો હતો. તેમણે બાબા આ પ્રકારે અંધશ્રદ્ધા ફેલાવે છે અને લાભ ખાટવા માગે છે, તેવો આક્ષેપ તેમણે કર્યો હતો. તેમણે બાબાનું નામ લઈ તેમને પડકાર ફેંક્યો હતો અને સામસામે આવવા કહ્યું હતું. તેમણે અગાઉ પણ તેમના પર અંધશ્રદ્ધા ફેલાવવાનો આક્ષેપ કર્યો હતો. લોકો ધુણતા હોય તેવા વીડિયો બાદ ફરી તેમણે આક્ષેપો કરી ઘટનાને વખોડી હતી. આ ઘટનાના વીડિયો સોશ્યલ મીડિયા પર ખૂબ વાઇરલ થયા હતા. આ અંગે મળતી માહિતી અનુસાર ધીરેન્દ્ર શાસ્ત્રીએ મંચ પરથી કોઈ આહ્વાન કે જેને હુંકાર કહેવાય તેવું કંઈક કરતા અહીં હાજર અમુક લોકો અચાનક કથિત રીતે ધુણવા લાગ્યા હતા. જેમાંથી એક મહિલાએ કાબૂ ગુમાવી દીધો હતો અને ત્યાં હાજર લોકો અને પત્રકારો પર હુમલો કરવાની કોશિશ કરી હતી. આ અંગે આયોજકો કે પોલીસ સાથે સીધો સંપર્ક થઈ શક્યો નથી. ■

# જાણીતી બ્રાન્ડની ફ્રેન્ચાઈઝીના નામે રાજકોટના માત્ર ૧૯ વર્ષના ઑન્ટ્રપ્રેન્યોર સાથે ₹ ૨૯ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં એક માત્ર ૧૯ વર્ષીય ઍન્ટ્રપ્રેન્યોરને શરૂઆતમાં જ મોટો ઝટકો સાયબર ઠગોએ આપ્યો છે. અહીંના સિટી સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર જાણીતી બ્રાન્ડના પ્રતિનિધિ તરીકે પોતાની ઓળખ આપી યુવક પાસેથી રૂ. ૨૯ લાખ જેટલી મોટી રકમ સેરવી લીધી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ફરિયાદ મુજબ, ગીતાનગરના રહેવાસી અને મેટોડા જીઆઈડીસીમાં મેટલ પાર્ટ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ ચલાવતા હિતાર્થ અમીપરાએ એપ્રિલમાં સ્નિચ એપેરલ્સ પ્રાઇવેટ લિમિટેડ મેન્સવેર બ્રાન્ડની ફ્રેન્ચાઇઝી માટે ઓનલાઈન વેબસાઈટ શોધી હતી અને પોતાની અરજી સબમિટ કરી હતી, પરંતુ એક જ સરખી લાગતી આ વેબસાઈટ કંપનીની ઓરિજનલ વેબસાઈટ ન હતી.

પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં બ્રાન્ડના ફ્રેન્ચાઇઝ મેનેજર હોવાનો દાવો કરતી એક વ્યક્તિએ તેમનો સંપર્ક કર્યો હતો, જેણે સત્તાવાર દેખાતા દસ્તાવેજો શેર કર્યા હતા અને યુવકને કાયદેસર ઓનબોર્ડિંગ પ્રક્રિયામાં માર્ગદર્શન આપ્યું હતું. યુવકના પ્રસ્તાવિત આઉટલેટના લોકેશનને મંજૂરી મળી ગઈ હોવાની જાણ કર્યા પછી, આરોપીએ કથિત રીતે ટોકન રકમ, એનઓસી ચાર્જ, સુરક્ષા ડિપોઝિટ અને વહીવટી ફી તરીકે ચૂકવણી કરી હતી. ઓફરને સાચી માનીને, અમીપરાએ અનેક આરટીજીએસ વ્યવહારો દ્વારા ૨૯ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. છેતરપિંડી કરનારાઓએ તેમને બેંગલૂરુમાં કંપનીના કથિત મુખ્ય કાર્યાલયની મુલાકાત લેવા આમંત્રણ આપતો પત્ર પણ મોકલ્યો હતો.

જોકે આરોપીએ સ્ટોર ફીટ આઉટ ખર્ચના નામે રૂ. ૨૧ લાખની ફરી માગણી કરી ત્યારે યુવકને શક ગયો. ગોટાળાની શંકા જતા, અમીપરાએ પૈસા ચૂકવવાનો ઇનકાર કર્યો અને રિફંડ માંગ્યું. જોકે તેને ખાતરી આપવામાં આવી હતી કે પૈસા ૪૦ દિવસમાં પરત કરવામાં આવશે, પરંતુ કોઈ રિફંડ આપવામાં આવ્યું નહીં.

પરિવારને પાછળથી એક અનામી ઇમેઇલ મળ્યો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ફ્રેન્ચાઇઝ ઓફર અને સંબંધિત દસ્તાવેજો છેતરપિંડી ભર્યા હતા. ત્યારબાદ તેમણે નેશનલ સાયબર ક્રાઇમ હેલ્પલાઇનનો સંપર્ક કર્યો અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે બીએનએસ અને માહિતી ટેકનોલોજી કાયદાની સંબંધિત કલમો હેઠળ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો છે. વ્યવહારો સાથે જોડાયેલા બેંક ખાતાઓ, મોબાઇલ નંબરો અને ઇમેઇલ આઈડી દ્વારા આરોપીઓને શોધવાના પ્રયાસો ચાલુ છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# કોની મંજૂરીથી કર્યું ફેન્સિંગ?: સરકારી જમીન પચાવી પાડવા મુદ્દે યુસુફ પઠાણ પર ગુજરાત હાઈ કોર્ટ લાલઘૂમ

અમદાવાદ: ગુજરાત હાઇ કોર્ટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીન પર કથિત ગેરકાયદે કબજો જમાવવા બદલ પૂર્વ ક્રિકેટર અને તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના સાંસદ યુસુફ પઠાણની આકરી ઝાટકણી કાઢી હતી.

ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રાયની ડિવિઝન બેન્ચે પઠાણની અપીલ પર સુનાવણી કરતા મૌખિક રીતે સવાલ કર્યો હતો કે, કોઈ પણ જાતની ફાળવણી પ્રક્રિયા પૂરી કર્યા વિના કે પૈસા ચૂકવ્યા વિના તમે આ સરકારી જમીન પર ફેન્સિંગ કરીને કબ્જો કેવી રીતે મેળવી લીધો?

કોર્ટે સ્પષ્ટ કર્યું કે યોગ્ય પ્રક્રિયા વિના જાહેર જમીન પર કબજો કરનાર વ્યક્તિ કોર્ટ પાસે રાહતની અપેક્ષા રાખી શકે નહીં. સાથે જ કોર્ટે સંકેત આપ્યો છે કે પઠાણને બે સપ્તાહમાં જમીન ખાલી કરવી પડી શકે છે અને જાહેર સંપત્તિના ઉપયોગ બદલ દંડ પણ ભરવો પડી શકે છે.

મળતી વિગતો અનુસાર, યુસુફ પઠાણ તરફથી હાજર રહેલા સિનિયર એડવોકેટે રજૂઆત કરી હતી કે ૧૯૯૯ ની રાજ્ય સરકારની નીતિ મુજબ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોને અમુક શરતો હેઠળ જમીન ફાળવી શકાય છે અને વીએમસીએ ૯૭૮ ચોરસ મીટરનો આ પ્લોટ બજાર ભાવે ફાળવવાનો ઠરાવ પણ પસાર કર્યો હતો.

જોકે, હાઇ કોર્ટે આ દલીલ ફગાવતા નોંધ્યું હતું કે રાજ્ય સરકારની મંજૂરી વિના આ દરખાસ્ત ક્યારેય કાયદેસરની ફાળવણી બની શકી નથી. કોર્ટે એ મ્યુનિસિપલ અધિકારીઓ સામે પણ તપાસની ચેતવણી આપી હતી જેમણે પઠાણને જમીન પર વાડ લગાવવા અને કબજો કરવાની છૂટ આપી હતી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે સરકાર દ્વારા જ્યાં સુધી સત્તાવાર રીતે ફાળવણી કરવામાં ન આવે ત્યાં સુધી સરકારી પ્લોટ પર ફેન્સિંગ કરવું એ પણ એક ગુનો છે. આ મામલે આગામી સુનાવણી ૧૫ જૂને થશે.

આ સમગ્ર વિવાદની શરૂઆત વર્ષ ૨૦૧૨માં થઈ હતી જ્યારે પઠાણે વડોદરાના ટંડલજા વિસ્તારમાં પોતાના બંગલાને અડીને આવેલા ૯૭૮ ચોરસ મીટરના પ્લોટની ફાળવણી માટે વીએમસીમાં અરજી કરી હતી.

વડોદરા મનપાએ હરાજી વિના ૯૯ વર્ષના ભાડાપટ્ટે આ જમીન આપવા રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી હતી. ■

# મુખ્ય પ્રધાને કચ્છના છ રસ્તા ફોરલેન બનાવવા ₹ ૬૨૯ કરોડ મંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અતિ મહત્ત્વના માર્ગોને ફોરલેન તરીકે વિકસાવવાનો અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાને રૂ. ૬૨૯ કરોડ કચ્છ જિલ્લાના ૬ રસ્તાઓના ફોરલેન માટે મંજૂર કર્યા છે.

મુખ્ય પ્રધાને કચ્છ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોને સુદ્રઢ રોડ કનેક્ટિવિટી મળી રહે તે માટે જે માર્ગોને ચાર માર્ગીય કરવા માટે નાણાં ફાળવ્યા છે તેમાં મુન્દ્રા લુણી વડાલા રોડના ૪.૧ કિ.મી., વાઈડનિંગ અને ઈમ્પ્રુવમેન્ટ ઓફ દેશલપર સીરચા રોડ ૫.૧ કિ.મી., મુન્દ્રા ઝરપરા કાંડગરા ધ્રબ અને ઝરપરા ગામના બાયપાસ રોડના ૫.૫ કિ.મી., નાવીનલ ગામના બાયપાસ રોડના ૩.૩ કિ.મી, મોટા કાંડગરા ગામના ૪.૫ કિ.મી., અને મુન્દ્રા ઝરપરા કાંડાગરા રોડ ચે. ૧૯થી ૩૯ ના ૨૦ કિ.મી.નો સમાવેશ થાય છે.

આ ફોરલેન માર્ગો બનવાના પરિણામે ગ્રામજનો માટે મહત્ત્વપૂર્ણ અને સુવિધાયુક્ત બની રહેશે. એટલું જ નહિ, બાયપાસ બનવાથી મુન્દ્રા પોર્ટ અને આસપાસના નાના-મોટા ઈન્ડસ્ટ્રિયલ કોમર્શિયલ વિસ્તારોમાં અવર-જવર કરતા ભારે વાહનો ઝડપથી અને સુરક્ષિત માલ પરિવહન કરી શકશે. આ માર્ગોના વિકાસ થતાં કચ્છમાં પ્રવાસન ક્ષેત્રને પણ વધુ બળ મળશે અને લોકોનું ઈઝ ઓફ લિવિંગ પણ વધશે, તેમ રાજ્ય સરકારે અખબારી યાદીમાં જણાવ્યું હતું. ■

# મહેસાણાના વિસનગરમાં ભાજપ નગરસેવક દીપક મોદીએ ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લાના વિસનગરના વોર્ડ નંબર-૧ના ભાજપ નગરસેવક દીપક મોદીએ વહેલી સવારે વરેઠા-ગાંધીનગર પેસેન્જર ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરતા સમગ્ર શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. ટ્રેન નીચે આવી જવાથી તેમના શરીરના બે ટૂકડા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને તેમના પરિચિતો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. હાલ પોસ્ટમોર્ટમ કર્યા બાદ મૃતદેહને ઘરે લઈ જવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ બાદ તેમના ઘરેથી અંતિમ યાત્રા નીકળી હતી, જેમાં પરિવારના સભ્યો ઉપરાંત મોટી સંખ્યામાં ભાજપના સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરો જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, દીપક મોદી વિસનગર નગરપાલિકાની તાજેતરની ચૂંટણીમાં વોર્ડ નંબર-૧માંથી બિનહરીફ વિજેતા બન્યા હતા. તેમને પાલિકામાં પક્ષના નેતા તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૫૪ વર્ષના દીપક મોદી ભાજપ ઉપરાંત આરએસએસના સભ્ય તરીકે પણ સક્રિય રીતે જોડાયેલા હતા. તેમના પરિવારમાં એક દીકરી અને બે દીકરા એમ કુલ ત્રણ સંતાન છે. ■

# વિરમગામમાં પત્ની અને પુત્રએ જ પતિની હત્યા કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના વિરમગામમાં સગા દીકરા અને પત્નીએ જ ભેગા મળીને સોની વેપારીની હત્યા કરતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પારિવારિક ઝઘડાના કારણે દીપકકુમાર સોનીની હત્યા કરવામાં આવી હોવાનું ફોરેન્સિક તપાસમાં ખુલ્યું હતું. શરૂઆતમાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. જો કે વિરમગામ સરકારી હૉસ્પિટલના તબીબને શંકા જતાં પોલીસે લાશને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ મોકલી હતી. રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે, મૃતકના કપાળે ઊંડો ઘા હતો, શરીરે ગંભીર ઇજાઓ હતી. વિરમગામની વ્રજ વિહાર સોસાયટી ખાતે રહેતા અને અક્ષર જ્વેલર્સના નામે જ્વેલરીનો ધંધો કરતા ૪૮ વર્ષીય દીપકકુમાર જયંતિભાઈ રાધનપુરા (સોની) અને તેમના નાના પુત્ર ઉદય વચ્ચે દુકાનના કામકાજ તેમ જ વેપારમાં સહયોગ ન આપવા બાબતે અવારનવાર વિવાદ થતો હતો. ■

# સંસ્થા સમાચાર

## મેગા ફ્રી બુક ડિસ્ટ્રિબ્યુશન ને બ્લડ ડોનેશન કેમ્પ

વિલેપાર્લે સ્થિત પાર્શ્વ અનુકંપા ટ્રસ્ટ દ્વારા ૩૧ મે અને ૭ જૂનના રોજ ફ્રી બુક ડિસ્ટ્રિબ્યુશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિલેપાર્લેમાં ૭ હજાર વિદ્યાર્થીઓ અને નાલાસોપારામાં અઢી હજાર વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો હતો. સાથે જ શૈક્ષણિક સામગ્રીઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં પણ લોકોએ સ્વેચ્છાએ ભાગ લીધો હતો.

## ‘પાણિનીય શિક્ષા’

ભારતીય વિદ્યા ભવન દ્વારા ૩ જુલાઈથી મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિની દ્વારા ભાષાશાસ્ત્ર, સ્વર-વિજ્ઞાન અને વર્ણોચ્ચાર વિશે લિખિત ગ્રંથ પાણિનીય શિક્ષા સંદર્ભે ત્રણ મહિનાનો ઓનલાઇન કોર્સ હિન્દીમાં શરૂ કરવામાં આવશે. દર શુક્રવારે સાંજે ચારથી પાંચ વાગ્યા સુધી આ કલાસ લેવામાં આવશે.

## ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધા

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધા ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. એના માટે ૨૦૨૫માં પ્રકાશિત પુસ્તકો સ્પર્ધકોએ મોકલવાના રહેશે. લેખકે નવલકથા, નવલિકા, નિબંધ, કાવ્ય, નાટક, આત્મકથા, જીવનચરિત્ર, બાળ સાહિત્ય અને અનુવાદ કરેલાં પુસ્તકો ૩૧ ઑગસ્ટ સુધી મોકલવાનાં રહેશે.

## ટેલેન્ટ કોન્ટેસ્ટ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશનના નેતૃત્વ હેઠળ હેપીનેસ ફાઉન્ડેશન દ્વારા ટેલેન્ટ કોન્ટેસ્ટનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ૨૩ સ્પર્ધકોએ એમાં ભાગ લીધો હતો. ચાર વિજેતાને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## કેરીનો મનોરથ

શ્રી પૂષ્ટિ માર્ગીય વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ દ્વારા અધિક માસ નિમિત્તે કેરીના મનોરથનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. લગભગ ૩૦૦ વૈષ્ણવોએ મનોરથના દર્શન કર્યાં હતાં. આ સંસ્થા ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પણ અગ્રેસર રહે છે.

### પ્રોજેક્ટ એક્સ પાર્ટી વિવાદ

# શું પુણે પોલીસ કોઈના રિમોટ કંટ્રોલથી ચાલે છે?: રોહિણી ખડસેનો સવાલ

પુણેઃ પુણે નજીક આવેલા તુળાપુર ખાતે પુણે પોલીસે એક પાર્ટી પર પાડેલા દરોડા અંગે અસંખ્ય પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. તેમાં હવે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી શરદચંદ્ર પવાર પક્ષના મહિલા પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસેએ પણ એક સવાલ ઉઠાવ્યો હતો. તેમણે પૂછ્યું હતું કે, વાસ્તવમાં આ પાર્ટીમાં ૧૫૬ લોકો સામેલ હતા, તો પછી માત્ર ૭૮ લોકો સામે જ ગુનો કેમ નોંધવામાં આવ્યો? બાકીના ૭૮ આરોપીઓને કેમ છોડી દેવામાં આવ્યા?

આ અંગે વિગતવાર વાત કરતા ખડસેએ આક્ષેપ કર્યો કે, પ્રાંજલના કેસમાં માત્ર ૪-૫ લોકો હોવા છતાં પુણે પોલીસે તેને ‘રેવ પાર્ટી’ કહીને બધાના ટેસ્ટ કર્યા હતા. હવે ૧૫૬ લોકો મળ્યા તો તેને ‘હાઉસ પાર્ટી’ કહી રહ્યા છે. પોલીસે ૧૫૬માંથી માત્ર ૭૮ લોકો પર જ કેમ કાર્યવાહી કરી અને બાકીનાને કેમ છોડી દીધા? માત્ર ૨૯ લોકોના જ ટેસ્ટ કેમ કરાયા? આ પુણે પોલીસનું બેવડું વલણ દર્શાવે છે.

રોહિણી ખડસેએ આગળ કહ્યું હતું કે, બીજા જે લોકોને છોડી દેવામાં આવ્યા, શું તેઓ કોઈ ધારાસભ્ય કે સાંસદનાં સંતાનો હતાં? કે પછી સરકારને મદદ કરનારા કોઈ હાઈ-પ્રોફાઈલ લોકો હતા? પોલીસ કહી રહી છે કે આ પાર્ટીની મંજૂરી લેવામાં આવી હતી, પણ મંજૂરીનો એક સાદો કાગળ પણ બતાવવામાં આવી રહ્યો નથી. તેમજ અત્યાર સુધી કાર્યવાહીનો કોઈ વીડિયો પણ સામે આવ્યો નથી.

આવા ગંભીર આક્ષેપો કરવાની સાથે જ તેમણે સવાલ ઉઠાવ્યો કે, શું પુણે પોલીસને કોઈ રિમોટ કંટ્રોલથી ચલાવે છે, તેમ પોલીસ વર્તી રહી છે? સૌથી પહેલી વાત તો એ કે, તુળાપુરમાં આ પાર્ટીની મંજૂરી આપવામાં જ કેમ આવી, અને તે પણ છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકના દિવસે! આ અંગે ગૃહપ્રધાને ખુલાસો કરવો જોઈએ, એવી તેમણે માંગ કરી હતી.

દરમિયાન, ’પ્રોજેક્ટ એક્સ’ પાર્ટીના કેસમાં હાજર રહેલા યુવક-યુવતીઓમાંથી ૨૩ જણાના બ્લડ સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

તપાસનો રિપોર્ટ આવ્યા બાદ આગળની પ્રક્રિયા કરવામાં આવશે. આ કેસની માહિતી સંબંધિત યુવાનોના વાલીઓને આપવામાં આવશે અને તેમનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવશે. જો કે, હાલ આ યુવક-યુવતીઓ વિરુદ્ધ કોઈ ગુનો નોંધવામાં આવ્યો નથી, તેવી માહિતી પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે આપી હતી.

# કાશ્મીરી હોવાના કારણે હોટલમાંથી કાઢી મુકાયોઃ ભાજપ મીડિયા પ્રભારીનો આરોપ

છત્રપતિ સંભાજીનગર : જમ્મુ અને કાશ્મીરના ભાજપ મીડિયા પ્રભારીએ આરોપ લગાવ્યો છે કે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરની એક હોટલમાં તેમને ‘‘કાશ્મીરી ઓળખ’’ ના કારણે રૂમ આપવાની ના પાડી દેવામાં આવી હતી. જોકે, હોટલ માલિકે આ આરોપને નકારી કાઢ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરના ભાજપના સહ-મીડિયા પ્રભારી સાજિદ યુસુફ શાહે રવિવારે X પર વડા પ્રધાન કાર્યાલય, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને એક પોસ્ટ ટેગ કરીને પોતાનો અનુભવ વર્ણવ્યો.

‘‘શું આ દેશના કોઈપણ નાગરિકને તેમની ઓળખ અથવા મૂળ સ્થાનના કારણે સહન કરવું પડે અથવા મોડી રાત્રે ત્યાંથી જવાનું કહેવામાં આવે તે યોગ્ય છે ?’’ તેમણે પોતાની પોસ્ટમાં પૂછ્યું. ‘‘આજે, મેં કંઈક એવું અનુભવ્યું જેનાથી મને ખૂબ દુ:ખ થયું. મહારાષ્ટ્રના ઔરંગાબાદ (હવે છત્રપતિ સંભાજીનગર કહેવાય છે) માં એક હોટલમાં ચેક-ઇન કર્યા પછી, મને પાછળથી (એક કલાક પછી) મારી કાશ્મીરી ઓળખને કારણે ત્યાંથી જવાનું કહેવામાં આવ્યું,’’ તેમણે દાવો કર્યો.

દશકોથી, અસંખ્ય કાશ્મીરીઓએ જમ્મુ અને કાશ્મીર અને બાકીના ભારત વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે કામ કર્યું છે. ‘‘મોટાભાગના ભારતીયોએ અમને ઉષ્મા અને આદર સાથે આવકાર્યા છે. છતાં આવી ઘટનાઓ દર્શાવે છે કે આશંકાઓ યથાવત છે,’’ તેમણે ઉમેર્યું.

‘‘હું આ વાત શેર કરીને યાદ અપાવવા માગું છું કે,કાયદાઓ રાષ્ટ્રને એક કરી શકે છે, પરંતુ વિશ્વાસ અને સમજણ કેળવવામાં સમય લાગે છે,’’ તેમણે ટિપ્પણી કરી. શાહે એમ પણ કહ્યું કે તેઓ હોટલ માલિકની પ્રામાણિકતાની પ્રશંસા કરે છે અને તેઓ સહાનુભૂતિ મેળવવા કે દોષારોપણ કરવા માટે પોતાનો અનુભવ શેર કરી રહ્યા નથી.

તેઓ જે હોટેલમાં રહેવાના હતા તે છત્રપતિ સંભાજીનગર શહેરના મિલ કોર્નર વિસ્તારમાં આવેલી છે. જ્યારે હોટલ માલિકનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું કે રૂમ પહેલાથી જ બુક હતો, પરંતુ સ્ટાફે તે શાહને ફાળવી દીધો.

# ધારાવી પ્રોજેક્ટ સિંગાપોર અને હોંગકોંગ હાઉસિંગ ડેવલપમેન્ટ મોડેલને અનુસરશેઃ ફડણવીસ

### સ્થાનિક રહેવાસીઓના હિત, આજીવિકાને પ્રાધાન્ય

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ સિંગાપોર અને હોંગકોંગમાં આધુનિક હાઉસિંગ ડેવલપમેન્ટની જેમ અમલમાં મૂકવામાં આવશે. પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો માર્ચ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવા અને સોંપવાનો લક્ષ્યાંક છે. સ્થાનિક રહેવાસીઓના હિત, આજીવિકા અને અનન્ય ઓળખ જાળવી રાખવી એ પ્રોજેક્ટની પ્રાથમિકતા હોવાનું પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટ એક વિશાળ શહેરી નવીનીકરણ પહેલ છે જેનો ઉદ્દેશ્ય મધ્ય મુંબઈમાં ઝૂંપડપટ્ટી વસાહતને આધુનિક, સંકલિત ટાઉનશીપમાં પરિવર્તિત કરવાનો છે. આ પ્રોજેક્ટ રાજ્ય સરકાર દ્વારા અદાણી ગ્રૂપ સાથે ભાગીદારીમાં અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. મુંબઈમાં એક બેઠકમાં પ્રોજેક્ટની સમીક્ષા કરતા ફડણવીસે જણાવ્યું હતું કે પુનર્વિકાસને પગલે ધારાવીના રહેવાસીઓનો સર્વાંગી વિકાસ થશે.

ફડણવીસે કુંભારવાડાના માટીકામના કેન્દ્રને જાળવવાની જરૂરિયાત પર પણ ભાર મૂકી તેને ધારાવીના સાંસ્કૃતિક અને પર્યટન વારસાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો અને અધિકારીઓને તેની વિશિષ્ટતાને સુરક્ષિત રાખવા માટે સલાહ લેવા નિર્દેશ આપ્યા હતા. ફડણવીસે એમ પણ જણાવ્યું હતું કે પુનર્વિકાસ યોજનાના ભાગ રૂપે પ્રસ્તાવિત નેચર પાર્ક ઊભો કરવો જોઈએ અને પર્યાવરણીય સંતુલન જાળવવા માટે વૃક્ષોનું પ્રત્યારોપણ અને તાજા વાવેતરના પગલાં લેવા હાકલ કરી હતી. અધિકારીઓને પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ૨૦૨૮ સુધીમાં પાત્ર રહેવાસીઓને ઓછામાં ઓછા ૧૦ ઘર આપવાની યોજના બનાવવા અને મંજૂરીઓ અને પરવાનગીઓ ઝડપી બનાવવા માટે એક ખાસ સિંગલ-વિન્ડો મિકેનિઝમ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# કે-ઉત્તર વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર આખરે સસ્પેન્ડ

### ફિલ્મ અભિનેતાની પત્ની સાથે કરોડોની છેતરપિંડી બદલ ફરિયાદનો કેસ પોલીસમાં દાખલ

મુંબઈઃ પ્રોપર્ટીની ૧૬.૨૪ કરોડની છેતરપિંડીના કેસમાં કથિત રીતે સંકળાયેલા મુંબઈ મહાનગરપાલિકાના ‘કે-ઉત્તર’ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર મહેશ સુભાષ પાટીલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પાલિકા પ્રશાસનના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ મહેશ પાટીલને બીએમસી(સર્વિસ) રૂલ, ૧૯૮૯ ની જોગવાઈઓ હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેમની સામે નોંધાયેલા ફોજદારી કેસની તપાસ બાકી છે. મહેશ પાટીલ પર અન્યો સાથે મળીને અભિનેતા જાવેદ જાફરીની પત્ની હબીબા જાફરીને પ્રોપર્ટી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાંથી ઊંચા વળતરના વચનો આપીને છેતરવાનું કાવતરું ઘડવાનો આરોપ છે. જાવેદ જાફરી દ્વારા ૧૩ મેના રોજ નોંધાવવામાં આવેલી ફરિયાદ બાદ ક્રાઈમ બ્રાન્ચના પ્રોપર્ટી સેલે ખાર પોલીસ સ્ટેશનમાં પાટીલ અને અન્ય લોકો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ કેસમાં ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ), ૨૦૨૩ ની વિવિધ જોગવાઈઓ હેઠળ ગંભીર આરોપોનો સમાવેશ થાય છે, જેમાં કલમ ૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૩૪૧(૧), ૬૧(૨), અને ૩(૫) જેવા ફોજદારી, વિશ્વાસઘાત જેવા અનેક ગુનાનો સમાવેશ થાય છે. સસ્પેન્શનનો આદેશ શુક્રવારે જાહેર કરવામાં આવ્યો હતો અને સાત જૂને તેમને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમને ઘરે બેસાડવામાં આવ્યા હતા. સસ્પેન્શન પ્રક્રિયાના ભાગરૂપે, પાલિકાએ અધિકારીઓને પાટીલને ઓર્ડર આપવા, તેમના સર્વિસ રેકોર્ડ્સ અપડેટ કરવા અને ચીફ એકાઉન્ટન્ટના વિભાગને જાણ કરવા સૂચના આપી છે.

# ભાયંદરમાં ‘ગેરકાયદે’ મંદિર-મસ્જિદ પર બુલડોઝર એક્શન, ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી

મીરા-ભાઈંદરઃ મીરા-ભાઈંદર મ્યુનિસિપલ કોર્પોરેશનએ સોમવારે વહેલી સવારે એક મોટી ડિમોલિશન ઝુંબેશમાં ભાયંદર પૂર્વના ગોલ્ડ નેસ્ટ સર્કલ વિસ્તારમાં કથિત રીતે અનધિકૃત નૂરી મસ્જિદ અને અન્ય ગેરકાયદેસર બાંધકામો સામે બુલડોઝર કાર્યવાહી હાથ ધરી હતી. વહેલી સવારે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કામગીરી શરૂ થઈ હતી, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સમગ્ર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ડિમોલિશન દરમિયાન બેરિકેડ્સ ઊભા કર્યા હતા અને આસપાસના વિસ્તારોમાં ગતિવિધિઓનું નિયમન કરવામાં આવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગેરકાયદેસર ઇમારતો પર નાગરિક સંસ્થા દ્વારા ચાલી રહેલી કાર્યવાહીના ભાગ રૂપે, મસ્જિદના માળખા, કમ્પાઉન્ડમાં અન્ય બાંધકામોને તોડવામાં આવ્યા હતા. અધિકારીઓએ આસપાસના વિસ્તારમાં કથિત રીતે અનધિકૃત મંદિરના માળખા સામે પણ કાર્યવાહી શરૂ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે બંને સમુદાયોએ પ્રક્રિયા દરમિયાન વહીવટીતંત્રને સહકાર આપ્યો હતો, જેનાથી કામગીરી શાંતિપૂર્ણ રહે તે સુનિશ્ચિત કરવામાં મદદ મળી હતી. ડિમોલિશન શરૂ થતાં વિસ્તારમાં થોડા સમય માટે તણાવ સર્જાયો હતો, પરંતુ વ્યાપક પોલીસ તૈનાત અને નાગરિક અધિકારીઓ અને સ્થાનિક પ્રતિનિધિઓ વચ્ચે સંકલનને કારણે પરિસ્થિતિ નિયંત્રણમાં રહી. અધિકારીઓએ પુનરોચ્ચાર કર્યો કે ગેરકાયદેસર બાંધકામો સામે ઝુંબેશ ચાલુ રહેશે અને તમામ અનધિકૃત બાંધકામો સામે એકસરખી કાર્યવાહી કરવામાં આવશે.

# વિરારમાં ડેકોરેશન મટીરિયલના ગોડાઉનમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

પાલઘરઃ વિરારમાં ડેકોરેશન મટિરિયલના ગોડાઉનમાં રવિવારના આગ ફાટી નીકળી હતી, જેમાં ગોડાઉનમાં રહેલો તમામ માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ રવિવારે સાંજના વિરારના સામંતપાડામાં આ બનાવ બન્યો હતો, જેમાં પાંચ વાગ્યાની આસપાસ ગોડાઉનમાં રહેલા ડેકોરેશનના મટિરિયલમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના ત્રણ ફાયર એન્જિન પહોંચી ગયા હતા અને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આગમાં કોઈ જખમી થયું નહોતું પણ આગને કારણે ગોડાઉનમાં રહેતો તમામ માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનાની તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

સુકેશીબેન તન્ના તા. ૭ જૂન ૨૦૨૬ના શ્રી પ્રભુ ચરણે પધાર્યાં. દીપકભાઇ તન્ના (પતિ). રાધિકા (પુત્રી) તથા અજય શ્રીવાસ્તવ (જમાઇ). નિરવ (પુત્ર) તથા અર્ચના તન્ના (પુત્રવધુ). શિવાની, સંજના તથા અનન્યા (પૌત્રીઓ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ ચલાલા નિવાસી હાલ મલાડ, સ્વ. ઈચ્છાબેન ધીરજલાલ ઠક્કર ઉનડકટના પુત્ર અશોક ઠક્કર (ઉં. વ. ૬૭) તે રીટાબેનના પતિ. પ્રદીપભાઈ, ભારતી મશરૂ, રેખાબેન કારિયાના ભાઈ. બિમલ તથા નીલના પિતા. કિંજલ તથા પલકના સસરા. સાસરાપક્ષે સ્વ. રસિકલાલ ચુનીલાલ ગણાત્રાના જમાઈ ૭/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે : ૫૦૧, નિર્માણ બિલ્ડિંગ, લીબર્ટી ગાર્ડન, મલાડ વેસ્ટ.

**મોઢ ચાતુરવેદીય ચૂથા સમવાય બ્રાહ્મણ**

વરતેજવાળા હાલ મુંબઈ, અરૂણાબેન નવીનચંદ્ર દિક્ષિત (ઉં. વ. ૭૩) તા. ૭-૬-૨૬ના રોજ કૈલાસવાસ પામ્યા છે. તે નવીનચંદ્ર ચુનીલાલ દિક્ષિતના પત્ની. કુંજન કમલેશભાઈ ત્રિવેદી (ગાંધીનગર)ના માતુશ્રી. સ્વ. જયંતિભાઈ, સ્વ. રતિલાલભાઇ, સ્વ. હસમુખરાય, ભાનુમતીબેન નૌતમલાલ ત્રિવેદીના નાનાભાઈના પત્ની. ભારતીબેન નરેન્દ્રભાઈ પાઠકના ભાભી. પિયરપક્ષે સ્વ. બળવંતરાય અમૃતલાલ ત્રિવેદી તથા અનસુયાબેન (અરવિંદાબેન) બળવંતરાય ત્રિવેદીના મોટા દીકરી. સ્વ. અક્ષયભાઇ, ભૃગુરાજભાઇ, સ્વ. હિમાંશુભાઈ, ત્રિગુણાબેન ભરતભાઈ પાઠક, રિધ્ધિબેન ધ્રુવભાઈના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ મુંબઈ, સ્વ. કમલાવંતી અને પિતાંબરદાસ દુર્લભદાસ વોરાના સુપુત્ર કાંતિલાલ (ઉં. વ. ૮૯) તે મીનાક્ષીબેન (મીના)ના પતિ. દ્રુપદ, તથા દીપાલીના પિતા. સ્વ. હરકિશનદાસ નાનજીભાઈ કાપડિયાના જમાઈ. અ. સૌ.અર્ચનાના સસરા. સ્વ. નિર્મળા વલ્લભદાસ સંઘવી, સ્વ. હીરાલક્ષ્મી ગોપાલદાસ વોરા, સ્વ. હંસાબેન વખારિયા, સ્વ. પુષ્પાબેન જવાહરલાલ ગોરડિયા, સ્વ.ચંદ્રવદન, કૌશિક, ભરતના ભાઈ. રવિવાર તા. ૭/૬/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ગામ ભાથાણાવાળા હાલ નાલાસોપારા, સ્વ. રમાબેન તથા હરિદાસ લાલજી નથવાણીના સુપુત્ર સોમિલ તથા યશના પિતા. ડિમ્પી યશ નથવાણીના સસરા. નીતા સંગીતા અને સંજુના ભાઈ. સ્વ. ગોપાલદાસ ખીમજી કક્કડના જમાઈ. સ્વ. ખ્યાતિ નથવાણીના પતિ ચેતન હરિદાસ નથવાણી ૬/૬/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

શિહોરવાળા સ્વ. જયાલક્ષ્મી મણીલાલ ગાંડાલાલ પારેખની સુપુત્રી ઊષાબેન (ઉં. વ.૭૯) તે બીપિનચંદ્ર પીતાંબરદાસ કણકિયા (ચાવંડવાળા)ના ધર્મપત્ની. તે સેજલ રાજ કૈઝર અને મિહિરના માતૃશ્રી. તે અનાયાના દાદી અને રૂષા તથા અનુષાના નાની, તે તાઃ ૭-૬-૨૬, રવિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા (બેસણું) તા : ૯-૬-૨૬, મંગળવારના રોજ, સાંજે ૫ થી ૭ વાગે રાખેલ છે. સ્થળઃ અમૃતબાગ, બજાજ રોડ, વિલે પાર્લે વેસ્ટ, મુંબઈ.

**રાજપૂત ક્ષત્રિય**

ગામ દેશલપૂર કંઠી કચ્છ હાલ નાલાસોપારા, રાજેશ સિંહ જખુભા વાઘેલા (ઉં. વ. ૪૭) તે ગં. સ્વ. લિલાબા જખુભા વાઘેલાના સુપુત્ર તા. ૪-૬-૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તે મોંઘીબા હમીરજી વાઘેલાના પૌત્ર. જોશનાબા, કિર્તિકાબા,પરેશ સિંહના ભાઈ. પરેશભાઈના સાલા. રુચીતાના જેઠ.

**અનાવિલ બ્રાહ્મણ સમાજ**

મૂળ વતન દેલાડવા તથા હાલ મુંબઈ નિવાસી, મીનાક્ષી અતુલભાઈ દેસાઈ (ઉં. વ. ૮૪) સ્વ. અતુલભાઈ દેસાઈના ધર્મપત્ની તા. ૬ જૂન, ૨૦૨૬ના રોજ સ્વધામ પધાર્યા છે. પુત્રી અનુજા દેસાઈ, જમાઈ રૂપેશ દેસાઈ, દોહિત્રી શાયના તથા દોહિત્ર પ્રમર્થ.

**નથુતુલસી ઔદીચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ**

મૂળ લતીપર હાલ મુંબઈ, કેતન પ્રદ્યુમન મહેતા તે સ્વ. પ્રદ્યુમન જીવરામ મહેતા અને ગં.સ્વ. શારદાબેનના દીકરા. ભારતીબેનના પતિ. પિયુષના પિતા. ભારતી હરેકૃષ્ણ મોદીના મોટાભાઈ તા. ૫-૬-૨૬નાં રોજ કૈલાશવાસ પામેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મનોરમાબેન (ઉં. વ. ૮૦) સ્વ. મુકેશ કરમશી કોઠારીના ધર્મપત્ની. સ્વ. કરમશીભાઇ અને સ્વ. હીરાલક્ષ્મીબેનના પુત્રવધુ. ધીમંત અને કૌશિકના માતુશ્રી. પ્રિયા અને પ્રિયંકાના સાસુજી. ઝીશાન અને મેહેરના દાદી. સ્વ. લક્ષ્મીબેન અને સ્વ. મુળજીભાઇ પલનના સુપુત્રી. તેમનું અવસાન તા. ૪-૬-૨૬ના મુંબઇમાં થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ તળાજા હાલ મુંબઇ સ્વ. મનુભાઇ મગનભાઇ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. રેખાબેન (ઉં.વ.૭૪) તે અમિતભાઇ, વિક્રમભાઇના માતુશ્રી. મહિમાબેન, ભૂમિકાબેન,જાહનવીબેનના સાસુ. તથા વિશાલભાઇ, જીગરભાઇ, યોગ્યતા મનીષ હરસોરા, વૈશાલી કૌશિક ગોહિલ અને અમી હિતેશ મહેતાના મોટા બા. ગં. સ્વ. રસિલાબેનના જેઠાણી. સ્વ. હરજીવનભાઇ પીઠવાની દીકરી. મનન, ત્વિષા, ક્રીશીવ, માહીરના દાદીમાં. શનિવારે તા. ૬-૬-૨૬ના શ્રીરામશરણ પામ્યા છે. સાદડી તા. ૧૧-૬-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુથાર જ્ઞાતિ વેલફેર સેન્ટર, કાર્ટર રોડ, નંબર-૩. બોરીવલી (ઇસ્ટ).

# દિલ્હી એરપોર્ટ પર એર ઇન્ડિયાના ત્રણ વિમાનને થયેલા નુકસાનની તપાસ થશે

મુંબઈઃ એવિએશન સેફ્ટી રેગ્યુલેટર ડીજીસીએ એ ઘટનાની તપાસ કરી રહ્યું છે જેમાં રવિવારે દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પાર્ક કરેલા એર ઇન્ડિયાના ત્રણ વિમાન ગ્રાઉન્ડ સપોર્ટ ઇક્વિપમેન્ટ સાથે અથડાયા બાદ નુકસાન થયું હતું એ ઘટનાની તપાસ એવિએશન સેફ્ટી રેગ્યુલેટર ડીજીસીએ કરી રહ્યું હોવાની સ્પષ્ટતા સોમવારે એક સત્તાવાર નિવેદનમાં કરવામાં આવી છે. ત્રણેય વિમાનને નિરીક્ષણ અને જાળવણી માટે રાખવામાં આવ્યા છે એમ તેમાં જણાવાયું છે.

રવિવારે દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટર્મિનલ ટૂ ર પાર્ક કરેલા એર ઇન્ડિયાના ત્રણ વિમાનને અચાનક જોરદાર પવન અને વરસાદને કારણે ગ્રાઉન્ડ સપોર્ટ સાધનો અથડાતા નુકસાન થયું હોવાનું એરપોર્ટ ઓપરેટરે જણાવ્યું હતું.

નિવેદન અનુસાર ભારે પવનને કારણે બાજુમાં રહેલા સ્ટેન્ડ અને નજીકના વિસ્તારોમાં સ્થિત બે સાધનો તેમના સ્થાનોથી ખસી ગયા અને વિવિધ સ્થાનો પર બે અલગ અલગ વિમાનોને ટક્કર મારીને નુકસાન પહોંચાડ્યું હતું. (પીટીઆઈ)

# ખોટા વાયદા કરીને શિક્ષિકા પાસેથી ૨૦ લાખ રૂપિયા પડાવ્યા

થાણેઃ ખોટા વાયદા કરીને થાણે જિલ્લામાં રહેતી શિક્ષિકા પાસેથી ૨૦.૪૪ લાખ રૂપિયા પડાવીને કથિત છેતરપિંડી કરનારા વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ૩૩ વર્ષના આરોપીએ કલવામાં આવેલી પાલિકાની હૉસ્પિટલમાં રિસેપ્શનિસ્ટની નોકરી અપાવવાને બહાને ૩૬ વર્ષની શિક્ષિકા પાસેથી સૌપ્રથમ પાંચ લાખ રૂપિયા લીધા હતા. રૂપિયા લઈને આરોપીએ શિક્ષિકાને બનાવટી ઑફર લેટર આપ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપીએ બાદમાં પોસ્ટ ઑફિસ સ્કીમ માટે ફ્રેન્ચાઈઝી લાઈસન્સની સગવડ કરવાની ખાતરી આપી ૫૦ હજાર રૂપિયા લીધા હતા. એ સમયે પણ તેણે બોગસ દસ્તાવેજો શિક્ષિકાને આપ્યા હતા, એવું રાબોડી પોલીસે જણાવ્યું હતું.

આરોપીએ શિક્ષિકા માટે ઘર બૂક કરાવી આપવાને બહાને ૧૩ લાખ રૂપિયા લીધા હતા. એ રકમ પણ આરોપી ચાઉં કરી ગયો હતો. આ રીતે ઑક્ટોબર, ૨૦૨૨થી જૂન, ૨૦૨૪ દરમિયાન વિવિધ વાયદા કરી આરોપીએ ૨૦ લાખથી વધુની રકમ પડાવી હતી. આરોપી વારંવાર છેતરી રહ્યો હોવાથી શિક્ષિકાએ આખરે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

## પારસી મરણ

અરનાવાઝ સામ નલલાદારૂ તે મરહુમ સામના ધનીયાની. તે મરહુમો કુમા માણેકશા મેહતાની દીકરી. તે પરીઝાદ ને હોશેદરના ફૂઇ. તે શેરનાઝ ને સાઇરસના માસી. તે સાઇરસ ને માહારૂખના કઝીન. (ઉં. વ. ૭૯) રે. ઠે. જાઇ ટેરેસ, પ્લોટ-૯, બીજી માળે, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

ગોદરેજ રુસ્તમજી પોરબંદરવાલા તે ધનના ધની. તે મરહુમો નાજામાય રુસ્તમજી પોરબંદરવાળાના દીકરા. તે સનોબરના પપા. તે અદીલના સસરા. તે મરહુમો સોલી, ફલી, લવજી, જાલ, હોમાયના ભાઇ. તે મેહેરનાઝ, કેશમીરા ને શેરનાઝના મમાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૯૮/૩૦૧, મંગલ સુધા કો. હા. સો, ૭મો રસ્તો, ખાર (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાંદરા પંથકી અગિયારીમાં છેજી.

દેઝી અજય ચોકસી તે મરહુમ અજયના ધનીયાની. તે મરહુમો દીના બરજોર કાકાના દીકરી. તે જેહાન ને યશના માતાજી. તે પલક ને અનુજાના સાસુજી. (ઉં. વ. ૭૩) રે. ઠે. ૭૫/બી, એમ્પાયર એસ્ટેટ, ૭મે માળે, કેમ્પસ કોર્નર, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૬-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

ફ્રેની સોલી ફતાકીયા તે મરહુમ સોલીના ધનીયાની. તે મરહુમો દોલતબાનુ ધનજીશા કેરાવાલાના દીકરી. તે ખુશનુમા ને રોકસાનના માતાજી. તે બોમી ને રોનીના સાસુજી. (ઉં. વ. ૯૮) રે. ઠે. ૬૦૭-ડી, દોલત મંઝીલ બિલ્ડિંગ નં-૨, ડો. આંબેડકર રોડ, દાદર મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૬-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે. રુસ્તમ ફરામ અગિયારીમાં છે.

મની બરજોરજી કરનજીયા તે મરહુમો પીરોજા બરજોરજી કરનજીયાના દીકરી. તે પેરોજના બહેન. તે હનોઝ દીનયાર ઉદાચીયાના ભારુત. (ઉં. વ. ૯૪) રે. ઠે. એફ. એસ. પારુખ ધરમશાલા, ૩૪ હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૬-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, લાલબાગ અગિયારીમાં છે.

ગુલચેર બમન ઇરાની તે મરહુમ બહમનના ધનીયાની. તે મરહુમો બાનુમોબેદ બમન ખોદાદાદ મોબેદના દીકરી. તે ઓઝીતા ને મરહુમ શીરોયના મમા. તે નરેશ ને આરઝુના સાસુજી. તે દીનયાર, રુસ્તમ, ઇરાન, સીમીન ને મરહુમ ખુશરુના બહેન. તે ઓઝેરના બપઇજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ફ્લેટ નં-૨૧, આવબેક, ૨૨૭, સેન્ટ એન્ડ્રુસ રોડ, પાલી હીલ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે દાદીશેઠ અગિયારી.

## જૈન મરણ

**વેરાવળ વિશા ઓસવાલ જૈન**

સ્વ. ચંદ્રમણી મનસુખલાલ રતનજી દલાલના પુત્ર ભુપેન્દ્રભાઈ (ઉં. વ. ૭૬) હાલ બોરીવલી ૬/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શોભનાબેનના પતિ. પ્રભાસ પાટણ નિવાસી સ્વ. પદ્માવતી હરિલાલ શાહના જમાઈ. શ્વેતા, ઋષભના પિતા. અશ્વિનીના સસરા. સ્વ. કલ્પનાબેન, પ્રદીપભાઈ, દિલીપભાઈના ભાઈ. સ્વ. દીનાબેન, પ્રદીપભાઈ તથા નીતિનભાઈના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી, હાલ બોરીવલી, શશિકાંત દલીચંદ શેઠના ધર્મપત્ની મંજુલાબેન(મીનાબેન) (ઉં. વ. ૭૪) તા. ૭-૬-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે હેમાંગના માતુશ્રી. હેતલ (હની) ના સાસુમાં. હિયાના દાદી. સ્વ. સુશીલાબેન રમણીકલાલ શાહ, અરુણાબેન કૃષ્ણકાંત મહેતાના ભાભી. પિયરપક્ષે સ્વ. લાભકુંવર શાંતિલાલ મહેતાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી દશાશ્રીમાળી વણિક જ્ઞાતિ જૈન**

મૂળ ગામ કચ્છ (મુન્દ્રા) હાલ ઘાટકોપર, રસિકલાલ મણિલાલ દોશી (ઉં. વ. ૮૧) તા. ૭/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પત્નીઃ સ્વ. દક્ષાબેન રસિકલાલ દોશી, માતાપિતાઃ સ્વ. દિવાળીબેન મણિલાલ દોશી, દીકરી/જમાઈઃ અ.સૌ. રૂપલબેન જીગ્રેશભાઈ દોશી, અ.સૌ. નેહાબેન ફેનીલભાઈ ઢિલા અ. સૌ. પિકીબેન ભાવેશભાઈ પટેલ,ભાઈ/ભાભીઃ સ્વ. ચંદ્રિકાબેન બળવંતરાય દોશી, અ.સૌ. પલ્લવીબેન કિશોરભાઈ દોશી. સાસરપક્ષઃ સ્વ. હરિલાલ મોરારજી મહેતા, સ્વ. જયેષ્ઠરામ ઠક્કર પ્રાર્થનાસભા રાખેલ છે.

**કચ્છી દશા ઓશવાળ જૈન**

ગામ નાની ખાવડી, હાલ ડોમ્બિવલી રોહિત મણિલાલ ધરમશી (ઉં. વ. ૫૨) તા.૬/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અ.સૌ. ભારતીના પતિ. અક્ષિતના પિતાશ્રી. સ્વ. મધુરીબાઈ મણીલાલ મુલજી ધરમશીના સુપુત્ર. પૂર્ણિમાના ભાઈ. પાનબાઈ લક્ષ્મીચંદ હંસરાજ દૌલતના દૌયત્ર. સાસરાપક્ષના. સ્વ. સરોજબાઈ માણેકજી રૂપશી લોડાયા (ભાભાવાળા)ના જમાઈ, પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (સાવલા ફ.)ના રાજેશ ગાલા (ઉં. વ. ૬૧) તા. ૬-૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન પ્રેમજીના સુપુત્ર. સ્મિતાના પતિ. દર્શીલ, નીલના પિતાશ્રી. રેવંતી, સરોજ, કેતનાના ભાઇ. લતાબેન (વિમળા) લક્ષ્મીચંદના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુ-ત્વચાદાન કરેલ છે. નિ. સ્મિતા ગાલા, બી/૭, ભીમા મહાત્રે, બીલ્ડીંગ, કે.ડી. અગ્રવાલ હોલની સામે, માનપાડા રોડ, ડોંબીવલી (ઇસ્ટ) ૪૨૧૨૦૧.

દેઢીઆના જેઠાલાલ છેડા (ઉં. વ. ૬૪) તા. ૬-૬-૨૬ના અવસાન પામ્યા છે. પાનબાઈ ટોકરશીના સુપુત્ર. નૂતનના પતિ. હેત્વી, ભક્તિ, કેવલના પિતા. મણિબેન, છસરા પ્રેમીલા રવીન્દ્ર, લીલાવંતી, બાડા કલ્પના ભૂપેનના ભાઈ. નાગલપુર કસ્તુરબેન ધનજી લાલનના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. નૂતન છેડા, સી-૫૬, ૪થે માળે, સેવાધામ, રાજાજી રોડ નં. ૩, ડોંબિવલી (ઇ).

નવીનારના કલ્પેશ જયંતિલાલ વોરા (ઉં. વ. ૫૦) તા.૬-૬-૨૬ના અવસાન પામેલ છે. હેમલતાબેન જયંતિલાલના પુત્ર. તેજલના પતિ. ધ્રુવ, નિધીના પિતા. સચીનના ભાઈ. ઉર્મિલાબેન કિકુભાઈના જમાઈ. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૧૨ થી ૧.૩૦. માંસપેશીઓ, હાડકા, ત્વચા અને નેત્રદાન કરેલ છે.

ભુજપુરના અ.સૌ. નલીની દેવચંદ દેઢિયા (ઉં. વ. ૭૩) તા.૬-૬-૨૬ના અરિહંતશરણ થયા છે. સ્વ. નેણબાઈ નરશી રાયમલ દેઢિયાના પુત્રવધૂ. દેવચંદ નરશીના ધર્મપત્ની, મીતા અને પરાગના માતુશ્રી. કપાયાના લક્ષ્મીબેન મોરારજી મેઘજી રવજી સંગોઈના સુપુત્રી. રોહિત, ભુજપુરના ઉષાબેન રમણીક મગનલાલ, બેરાજાના આશાબેન હીરાલાલ લાલજી, રતાડીયા ગણેશના વર્ષાબેન જયંતિ વિશનજીના બહેન, પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. : દેવચંદ દેઢિયાઃ ફ્લેટ નં. ૧૯૦૨, શિવ ગંગા કો.સો., મેક ડોનલ્ડની બાજુમાં, એસ.વી.રોડ, ગોરેગાવ (વે.), મું.૧૦૪.

વિંઝાણ હાલે અંકલેશ્વરના હરખચંદ ખીમજી ગડા (ઉં. વ. ૭૧) તા ૬/૬ના અવસાન પામેલ છે. સંસાર પક્ષે લક્ષ્મીબેન ખીમજી આસુ (પુ. અમીપુર્ણાશ્રી જી મ.સા.)ના પુત્ર. ભાનુમતિના પતિ. નિલેશ, વિનેશ, રિતેશના પિતા. લીલાધર, ડુમરાના ગંગાબાઈ લખમશી, ફરાદીના ઝવેરબેન નરશી, દેઢિયાના અમૃતબેન ધનજી, પ્રેમજી, સંસાર પક્ષે પુ. તત્વપુર્ણાશ્રી જી મ. સા.ના ભાઈ. ગઢશીશા ના માતુશ્રી ખેતબાઈ પ્રેમજી કચરા દેઢિયાના જમાઈ. પ્રાર્થના : મંગળવાર ૯/૬-૨૬, ટા. : ૩.૩૦ થી ૫.૩૦ અંકલેશ્વરમાં રાખેલ છે. મુંબઈમાં રાખેલ નથી.

બાંભડાઇના કેસરબેન લક્ષ્મીચંદ છેડા (ઉં. વ. ૭૪) તા. ૬/૬/૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન ડુંગરશી ખીંયશી છેડાના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. કમલેશ, ધવલ, બાડાના વર્ષા સંજય, વીઢના જયશ્રી તુષારના માતુશ્રી. બાંભડાઇના મઠાબાઈ લખમશી લીલાધરના પુત્રી. સાકરચંદ, કાંતિલાલ, ભરત, વસંત, શેરડીના રાજુલ (પ્રભા) લક્ષ્મીચંદ ગોસરના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. : ધવલ છેડા, ૨૦૩, એ/૧૦, શંખેશ્વર નગર, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧.

બિદડા (નાયાણી ફરીયો) (મોક્ષ-એ)ના મનસુખ કલ્યાણજી ટોકરશી ફુરીયા (ઉં. વ. ૭૨) તા. ૭-૬-૨૬ના અવસાન પામેલ છે. કસ્તુરબેન/કેશરબેન કલ્યાણજીના સુપુત્ર. નિર્મલાના પતિ. સુચીતના પિતા. મણીલાલ, હેમલતા, શાંતીલાલ, અશ્વીનના ભાઇ. મેરાઉના દેવકાબાઈ કલ્યાણજી શામજી ગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુચીત મનસુખ ફુરીયા, ૪૦૩ ન્યુ રણદિવે એપાર્ટમેન્ટ, ચરઈ, થાણા (વેસ્ટ)- ૪૦૦૬૦૧.

**સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ મુંબઇ જિતેન્દ્રભાઇ મણીલાલ શેઠ (ઉં. વ. ૮૬) તા. ૬-૬-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. મંગળાબેન મણીલાલ શેઠના સુપુત્ર. સરોજબેનના પતિ. રુમાબેન, રોમલભાઇના પિતા. સુકેતુભાઇ, પારુલબેનના સસરા. મનુભાઇ મણીલાલ શેઠના ભાઇ. લલિતભાઇ છોટાલાલ વિરાણી, સરલાબેન કુમુદભાઇ મહેતા, સુનંદા સુબોધભાઇ શાહના બનેવી. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૯-૬-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. મહિલા વિકાસ મંડળ, નરીમાન પોઇન્ટ, મુંબઇ.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો તરોતાજા

# ચાલો, પોતાની સંપત્તિને માણીએ




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

તમારી સંપત્તિ તમે ભોગવી શકશો કે નહીં એ નક્કી કરનારાં ત્રણ મુખ્ય પરિબળો છે - સમય, મનની સ્થિરતા અને તંદુરસ્ત શરીર. આ ત્રણેય પરિબળો એકસાથે અસ્તિત્વ ધરાવતાં હશે તો જ આપણે ભૌતિક સંપત્તિનો ઉપયોગ કરી શકીશું. કમનસીબે, આજના અતિ ઝડપી અને વ્યસ્ત જીવનમાં આપણે આ ત્રણેય પરિબળો સાથે બાંધછોડ કરીએ છીએ. પરિણામે બને છે એવું કે આખરે સંપત્તિ એકત્રિત થાય ત્યાં સુધીમાં આ ત્રણેય પરિબળોએ આપણો સાથ છોડી દીધો હોય છે.

આપણે દિવસમાં કલાકોના કલાકો સુધી કામ કરીએ છીએ. મીડિયા, બીપીઓ, નાણાકીય સેવાઓ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને વ્યાપારો, કે જેની ગતિવિધિઓ વૈશ્વિક સ્તરે ચાલતી હોય છે, તેમાં કામકાજના કલાકોનો આપણા દિવસ અને રાત વચ્ચેની ભેદરેખા સાથે કોઈ મેળ બેસતો નથી. કેટલાકે તો રજાના દિવસોમાં પણ જરૂર પડ્યે હાજર થઈ જવું પડે છે. આજના મોબાઈલ અને ઈમેલ્સના જમાનામાં આપણામાંના અનેક લોકો વેકેશનમાં પણ કામકાજ કરતા રહે છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં આપણી આવકમાં વધારો થયો છે, પણ આ કમાણી દ્વારા ઊભી થયેલી સંપત્તિનો આનંદ લૂંટવાનો સમય સાવ સંકોચાઈ ગયો છે.

રેશમા છેલ્લા કેટલાક સમયથી મારી ક્લાયન્ટ છે. ઈન્ટરનેશનલ બિઝનેસમાં તેણે પીએચ.ડી. કર્યું છે અને તે ખુદની કન્સલ્ટિંગ પેઢી ધરાવે છે. તેની આવક ઘણી ઊંચી છે. છેલ્લે ઈંગ્લેન્ડના પ્રવાસે ગઈ હતી ત્યારે એણે એક કેમેરો ખરીદ્યો હતો. નવીનતમ ટેક્નોલોજી ધરાવતો આ અદ્યતન કેમેરા ખાસ્સો મોંઘો હતો. પાંચેક મહિના પછી મેં એને પૂછેલું કે તને તારા નવા કેમેરાથી ફોટોગ્રાફી કરવાની બહુ મજા આવતી હશેને? એણે મને જવાબ આપ્યો, 'ફોટોગ્રાફીની તો વાત જ જવા દો, તે કેવી રીતે વાપરવાનો છે તે સમજવા માટેનું યુઝર મેન્યુઅલ પણ મેં હજુ સુધી જોયું નથી. મારી પાસે સમય જ નથી!' પરિશ્રમ કરીને એકઠી કરેલી સંપત્તિને ભોગવવી હોય તો આપણી પાસે સમય હોવો જરૂરી છે.

એક વાર હું યુરોપમાં રજાઓ ગાળી રહ્યો હતો ત્યારે એક રૂપકડા ભારતીય યુગલ સાથે મારો ભેટો થઈ ગયો હતો. તેઓ નવી દિલ્હીથી આવ્યાં હતાં. પત્નીને ફ્રાન્સમાં કેટલાક ટ્રેનિંગ પ્રોગ્રામ એટેન્ડ કરવાના હતા, જ્યારે પતિ તેને સાથ આપવા માટે તેની ઓફિસમાંથી રજા લઈને તેની સાથે આવ્યો હતો. પત્નીની તાલીમ પૂરી થયા બાદ તેમણે મધ્ય યુરોપનાં કેટલાંક સ્થળોની મુલાકાત લેવાનું નક્કી કરેલું. એક વખત મેં બન્નેને નાસ્તાની સાથે દવા લેતાં જોયાં. મે કુતૂહલવશ પૃચ્છા કરી તો ખબર પડી કે બન્નેને બ્લડપ્રેશરની સમસ્યા હતી. આ ઉપરાંત પત્નીને તો ઊંઘની પણ તકલીફ હતી. આગલી રાતે સરખું ઊંઘી ન શકે તો બીજા દિવસે એનું માથું દુખવા લાગતું હતું. જે દિવસે સ્વિટ્ઝરલેન્ડનું કુદરતી સૌંદર્ય માણવા માટે ગ્લેશિયર એક્સપ્રેસમાં સફર કરવાનું નક્કી કર્યું હતું તે જ દિવસે એને માથામાં દુખાવો ઊપડ્યો હતો. ટ્રેનમાં મોટા ભાગનો સમય એ સૂતી રહી હતી.

આરોગ્ય આપણી સૌથી મોટી સંપત્તિ છે. કોઈ અફલાતૂન જગ્યાએ આવેલી ઉત્તમ રેસ્ટોરાંમાં પીરસાતી વાનગીઓમાંથી જો અડધોઅડધ વાનગીઓ ખાવાની ડૉક્ટરે આપણને મનાઈ ફરમાવી હોય તો ત્યાં જમવા જવાનો કોઈ અર્થ નથી.

આપણું મગજ આપણા સમગ્ર શરીરનું સૌથી શક્તિશાળી શસ્ત્ર છે. આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં સૌથી વધુ નુકસાન થયું હોય તો આપણા મનને. મુંબઈ જેવા શહેરમાં મોટા ભાગના લોકો માનસિક તાણની ફરિયાદ કરતા હોય છે. આપણે અનેક યુવાનોના મોઢે થકાવટ, હાઈપરટેન્શન અને હતાશાની ફરિયાદો સાંભળતા હોઈએ છીએ.

બીમાર મન આપણને જીવનનો સામાન્ય આનંદ પણ લેવા દેતું નથી. સંપત્તિને માણવાની તો વાત જ દૂર રહી. ઈશ્વરે જે આપ્યું છે અને આપણે જાતમહેનતે જે મેળવ્યું છે તેની આપણે પૂરતી લિજ્જત લેતા નથી.

આપણે સંપત્તિ એટલા માટે એકઠી કરીએ છીએ કે એનાં મીઠાં ફળ ખાઈ શકાય, પરંતુ સમય, શારીરિક તંદુરસ્તી અને સ્થિર માનસિકતાના અભાવે આપણે તેમ કરી શકતા નથી. ■

### યોગિક વેલ્થ

લાગણીના સ્તરે મજબૂત હોય તેવા માણસો સંપત્તિનું સર્જન પણ વધારે કરી શકે અને તેને માણી પણ વધારે શકે છે. માનસિક તાણ માણસને સંપત્તિના આનંદથી વંચિત રાખે છે.

---

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા



# ઊંચા વળતરની લાલચ, જ્યારે રોકાણ એક 'જાળ' બની જાય...

રાકેશને શેરબજારમાં સીધું રોકાણ કરવામાં ખાસ રસ નહોતો. વર્ષો સુધી તેણે શાંતિથી ફિક્સ્ડ ડિપોઝિટમાં પૈસા મૂક્યા અને ક્યારેક મ્યુચ્યુઅલ ફંડમાં થોડી-ઘણી રકમ રોકતો. તેનો અભિગમ એકદમ સ્પષ્ટ હતો. સૌથી પહેલાં સુરક્ષા.

જોકે એક વાર એક પારિવારિક પ્રસંગમાં વાતચીત રોકાણ તરફ વળી. એક સગાએ એવી કંપનીના શેર વિશે વાત કરી જે એક વર્ષથી પણ ઓછા સમયમાં બમણા થઈ ગયા હતા. બીજા કોઈએ ટ્રેન્ડિંગ એસેટ ક્લાસમાં ઝડપથી નફો કમાવાની વાત કરી, તો વળી કોઈકે એવી સ્કીમ બતાવી જે પરંપરાગત વિકલ્પો કરતા ઘણું વધુ ખાતરીપૂર્વકનું વળતર આપવાનો દાવો કરતી હતી.

શરૂઆતમાં રાકેશ થોડો અચકાયો, પણ થોડા અઠવાડિયા સુધી આ વિચારો તેના મનમાં સતત ચાલતા રહ્યા. તેને લાગવા માંડ્યું કે તેની આસપાસના લોકો રોકાણથી રાતોરાત સમૃદ્ધ થઈ રહ્યા છે. ધીમે-ધીમે સાવચેતીનું સ્થાન ઉત્સુકતાએ અને પછી લાલચે લઈ લીધું.

શું હું કોઈ મોટી તક તો નથી ગુમાવી રહ્યોને ? આ વિચારે તેને ઘેરી લીધો.

અંતે, તેણે પોતાની જીવનભરની બચતનો મોટો ભાગ એવી કેટલીક 'હાઈ-રિટર્ન' તકમાં રોકી દીધો, જેને તે પોતે પૂરતી રીતે સમજતો પણ નહોતો. શરૂઆતમાં બધું સરસ ચાલ્યું અને આંકડા વધી રહ્યા હતા, પણ પછી બજારે અચાનક વળાંક લીધો. ભાવ ઝડપથી ઘટવા લાગ્યા અને જે રોકાણ ખાતરીપૂર્વકના લાગતા હતા, તે જોખમી બની ગયા. રાકેશ તેમાંથી બહાર નીકળે ત્યાં સુધીમાં તો તેની મહેનતની કમાણીનો મોટો હિસ્સો ઓગળી ચૂક્યો હતો.

### ભૂલ શું હતી?

ભૂલ એ નહોતી કે તે વધુ સારું વળતર ઈચ્છતો હતો, પણ ભૂલ એ હતી કે તે જોખમને સમજ્યા વગર માત્ર ઊંચા વળતરની પાછળ દોડી રહ્યો હતો.

### આવું કેમ થાય છે?

રોકાણની દુનિયામાં ઊંચું વળતર આકર્ષક લાગે તે સ્વાભાવિક છે. સમસ્યા ત્યારે શરૂ થાય છે જ્યારે વધુ વળતર મેળવવાની ઈચ્છા સમજદારી અને શિસ્ત પર હાવી થઈ જાય છે. આ માટે મુખ્યત્વે ત્રણ માનસિક પરિબળો જવાબદાર છે:

- **FOMO (પાછળ રહી જવાનો ડર):** બીજાને કમાતા જોઈને આપણને લાગે છે કે આપણે કંઈક ગુમાવી રહ્યા છીએ.
- **તાજેતરનો પ્રભાવ:** જો કોઈ રોકાણે છેલ્લા થોડા સમયમાં સારું વળતર આપ્યું હોય, તો આપણે માની લઈએ છીએ કે તે હંમેશાં આવું જ આપશે.
- **અધીરાઈ:** ધીમે અને સતત સંપત્તિ સર્જનની પ્રક્રિયા ઝડપી નફાની સરખામણીમાં ઘણીવાર નિરસ લાગે છે.

### છૂપી કિંમત: લાંબા ગાળાનું નુકસાન

ઊંચા વળતર પાછળની આ આંધળી દોડ માત્ર તાત્કાલિક આર્થિક નુકસાન જ નથી લાવતી, પણ તે તમારા લાંબા ગાળાના લક્ષ્યોને પણ ખોરવી નાખે છે. નિવૃત્તિ, બાળકોનું શિક્ષણ કે ઘર ખરીદવા જેવા મહત્ત્વનાં કામો વર્ષો પાછળ ઠેલાય છે. આનાથી રોકાણકારનો આત્મવિશ્વાસ ડગી જાય છે અને ઘણા લોકો તો કાયમ માટે રોકાણના માર્ગથી જ દૂર થઈ જાય છે.

વિડંબના એ છે કે ઝડપથી અમીર બનવાની દોડ ઘણીવાર નાણાકીય પ્રગતિને વર્ષો પાછળ ધકેલી દે છે.

### મુખ્ય શીખ: જોખમનું સન્માન કરો

દરેક રોકાણમાં જોખમ અને વળતર વચ્ચે સીધો સંબંધ હોય છે. વધુ વળતરની સંભાવના સાથે હંમેશાં વધુ અનિશ્ચિતતા જોડાયેલી હોય છે. આનો અર્થ એ નથી કે તમારે વૃદ્ધિ-લક્ષી રોકાણો (જેમ કે ઇક્વિટી)થી દૂર રહેવું, પણ શિસ્તબદ્ધ રોકાણ અને આંધળા અનુકરણ વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

### આ માટેનો એક વ્યવહારુ અભિગમ:

- **લક્ષ્ય પર ધ્યાન:** ટૂંકા ગાળાના નફા કરતા લાંબા ગાળાનાં લક્ષ્યોને પ્રાધાન્ય આપો.
- **વૈવિધ્યતા:** બધી મૂડી એક જ જગ્યાએ રોકવાને બદલે અલગ-અલગ વિકલ્પોમાં વહેંચો.
- **સમજદારી:** માત્ર એ જ વસ્તુમાં રોકાણ કરો જેને તમે પૂરેપૂરી રીતે સમજો છો.
- **ટિપ્સથી બચો:** માત્ર કોઈના કહેવા પર કે સોશ્યલ મીડિયાના ટ્રેન્ડ્સ જોઈને રોકાણ ન કરો.

### ટૂંકમાં

સફળ રોકાણકાર એ નથી જે સૌથી ઝડપથી પૈસા બનાવે છે, પણ એ છે જે સતત અને સમજદારીપૂર્વક પૈસા ટકાવી રાખે છે. સંપત્તિ અસાધારણ વળતર પાછળ દોડવાથી નહીં, પણ ચક્રવૃદ્ધિને કામ કરવા માટે પૂરતો સમય અને ધીરજ આપવાથી જ બને છે.■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# શું ધૂમ્રપાનના વિકલ્પ ખરેખર સલામત છે?



હમણાં જ સંપન્ન થયેલી IPLમાં ક્રિકેટર રિયાન પરાગ એક વિવાદમાં ફસાયો હતો. ટીમના ડ્રેસિંગ રૂમમાં તે વેપિંગ કરતાં કેમેરામાં કેદ થઈ ગયો હતો.

આ ઘટના એટલે યાદ આવી કેમકે આપણે છેલ્લાં બે સપ્તાહથી ધૂમ્રપાન પર ચર્ચા કરી રહ્યા છીએ અને હમણાં ૩૧ મેના દિવસે વિશ્વભરમાં 'નો ટોબેકો ડે' મનાવવામાં આવ્યો. આપણે ધુમ્રપાનની આદત અને પૅસિવ સ્મોકિંગની વાત કરી હતી. અનેક કંપનીઓ ધૂમ્રપાનના બંધાણીઓને ધુમ્રપાનના બંધાણીઓને તેની 'આડઅસરથી બચવા' બજારમાં અનેક પ્રકારના વિકલ્પો આપે છે. તેમનો ઇરાદો ધંધો કરવાનો જ હોય, એ કહેવાની જરૂર નથી, પણ આપણો પ્રશ્ન એ છે કે શું ખરેખર ધૂમ્રપાનના વિકલ્પો સલામત છે?

### શું છે ધૂમ્રપાનના કહેવાતા વિકલ્પ?

ધૂમ્રપાન રહિત તમાકુના ઘણા પ્રકારો છે જેમાં ડિપ, સ્નફ, સ્નસ અને ચ્યુઇંગ તમાકુનો સમાવેશ થાય છે. નિકોટિન પાઉચ, રિક્રિએશનલ લોઝેન્જ, સ્ટ્રીપ્સ, લાકડીઓ અને તમાકુના નાના પાઉચને પણ ધૂમ્રપાન રહિત તમાકુ ગણવામાં આવે છે. તે ઉપરાંત ઈ-સિગારેટ પણ બજારમાં મળતી હોય છે.

### આવાં બધાં ઉત્પાદન શું છે?

સ્મોકલેસ સિગારેટ કે અન્ય કોઈપણ નામે ધૂમ્રપાનની 'આદત છોડાવવા'ના નામે જે કોઈ પણ ઉત્પાદન ઉપલબ્ધ હોય તમે તેનો ઉપયોગ કરો છો ત્યારે તે બધા નિકોટિનથી યુક્ત હોય છે. ધુમાડા રહિત તમાકુ ઉત્પાદનોમાંથી નિકોટિન તમારા મોં અથવા નાક દ્વારા તમારા લોહીના પ્રવાહમાં પ્રવેશ કરે છે. ત્યાંથી, તે તમારા શરીરમાં ફેલાય છે.

અલબત, ધુમાડા રહિત વિવિધ ઉત્પાદનોમાં નિકોટિનનું પ્રમાણ વધતું-ઓછું હોઈ શકે. તેનો આધાર ધુમાડા રહિત વસ્તુનો પ્રકાર, તેની બ્રાન્ડ, ઉત્પાદનનું પીએચ સ્તર (તે કેટલું એસિડિક છે), તમે કેટલી માત્રામાં ઉપયોગ કરો છો વગેરે પર રહેલો છે.

અભ્યાસો દર્શાવે છે કે ધુમાડા રહિત તમાકુનો ઉપયોગ કરતા લોકોમાં નિકોટિનનું લોહીનું સ્તર



સિગારેટ પીનારા લોકોના સ્તર જેવું અને જેટલું જ હોય છે.

### શું છે ઈ-સિગારેટ?

ઇલેક્ટ્રૉનિક સિગારેટ (ઈ-સિગારેટ) એ એક ઉપકરણ છે જે પ્રવાહી નિકોટિન અને ફ્લેવર્સને ગરમ કરે છે જેથી તમે શ્વાસમાં લઈ શકો. ઇ-વેપ્સ, વેપ પેન અથવા સ્ટિક્સ, ઈ-હુક્કા, હુક્કા સ્ટિક્સ, મોડ્સ અને પર્સનલ વેપોરાઇઝર્સ (ડ્ટ્ત) વગેરે અલગ-અલગ નામ અને પ્રકારે આવા પદાર્થ વેચતા હોય છે. તેમને સામૂહિક રીતે ઇલેક્ટ્રૉનિક નિકોટિન ડિલિવરી સિસ્ટમ્સ (ઊગઉજ) પણ કહે છે.

### વેપિંગ અને સિગારેટ પીવામાં શું તફાવત છે?

વેપિંગ અને ધૂમ્રપાન બંનેમાં નિકોટિન અને અન્ય પદાર્થો શ્વાસમાં લેવાથી ફેફસાંમાં પ્રવેશ કરે છે. ઈ-સિગારેટ પ્રવાહીને ગરમ કરીને એરોસોલ બનાવે છે- સિગારેટ તમાકુને બાળે છે, જે ધુમાડો બનાવે છે.

### શું સિગારેટ કરતાં વેપિંગ વધુ સુરક્ષિત ગણાય?

વેપિંગને ઘણીવાર સિગારેટ પીવા કરતાં વધુ સુરક્ષિત માનવામાં આવે છે, પરંતુ વેપિંગ પણ આરોગ્ય માટે જોખમકારક બને છે.

વેપિંગ અને ધૂમ્રપાન બંને તમારા શરીરમાં સંભવિત ખતરનાક રસાયણો ઉમેરે છે. જ્યારે તમે તમાકુ બાળો છો ત્યારે આમાંના ઘણાં રસાયણોનું સ્તર વધારે હોય છે. નામ તેવું હોવા છતાં, વેપિંગ પાણીની વરાળ બનાવતું નથી. તે વાસ્તવમાં એક એરોસોલ (અથવા ઝાકળ) બનાવે છે જેમાં નિકોટિન, ધાતુ અને અન્ય હાનિકારક પદાર્થોના નાના કણો હોય છે. જોકે વેપિંગ પણ હજુ સુધી જોઈએ એટલા શોધન થયા નથી.

### વેપિંગનાં જોખમ શું છે ?

વેપિંગને કારણે અસ્થમા થઈ શકે છે. કેટલાક ફ્લેવરિંગમાં વપરાતું ડાયસેટિલ રસાયણ, બ્રોન્કિઓલાઇટિસ ઓબ્લિટેરન્સનું કારણ બની શકે છે. બ્રોન્કિઓલાઇટિસ ઓબ્લિટેરન્સ તમારા ફેફસાંમાં કાયમી ડાઘનું કારણ બને છે.

ઈ-લિક્વિડમાં રહેલ નિકોટિન અને અન્ય પદાર્થો હૃદય અને મગજને નુકસાન પહોંચાડી શકે છે. આપણે જાણીએ છીએ કે નિકોટિન મગજના વિકાસને નુકસાન પહોંચાડી શકે છે, તમારું બ્લડ પ્રેશર વધારી શકે છે અને તમારી ધમનીઓને સાંકડી કરી શકે છે.

ઈવાલી એ ફેફસાંની એક ગંભીર બીમારી છે જે વેપિંગથી થાય છે. તે ફેફસાંને વ્યાપક નુકસાન પહોંચાડે છે અને ખાંસી, શ્વાસ લેવામાં તકલીફ અને છાતીમાં દુખાવો જેવાં લક્ષણો એમાં દેખાય છે. ઈવાલી જીવલેણ બની શકે છે. ઉપરાંત ઈ-સિગારેટનું વ્યસન થઈ શકે છે. કેટલાક ઈ-સિગારેટનું સેવન કરવામાંથી સિગારેટ પીવા તરફ વળી શકે છે.

હવે એક નવું તુત શરૂ થયું છે : 'હર્બલ સિગારેટ'નું. હર્બલ નામ આવે એટલે આપણે તેને સલામત માની લઈએ. આ પદાર્થોનું વેચાણ પણ એવાં જ ઓઠાં હેઠળ, પણ શું એ ખરેખર સલામત છે?

તમાકુને બદલે, હર્બલ સિગારેટમાં વિવિધ ઔષધિઓ અને ક્યારેક વનસ્પતિ સામગ્રીનું મિશ્રણ હોય છે. ઉપરાંત, હર્બલ સિગારેટમાં તમાકુ હોતું નથી, તેથી કોઈપણ ઉંમરના ધૂમ્રપાન કરનારાઓ તેને કાયદેસર રીતે ખરીદી શકે છે. તેમાં વપરાતી ઔષધિઓ બિનહાનિકારક લાગે છે, પરંતુ એકવાર એ જલે, સળગે તો તે ખતરનાક આડપેદાશો ઉત્પન્ન કરી શકે છે.

અમેરિકાના 'ફેડરલ ટ્રેડ કમિશન-એફટીસી'દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે ઘણા હર્બલ સિગારેટ ઉત્પાદકોએ ખોટા દાવા કર્યા હતા કે તેમનાં ઉત્પાદનો તમાકુનો સ્વસ્થ વિકલ્પ છે.' 'એફટીસી'એ શોધી કાઢ્યું કે હર્બલ સિગારેટના ધુમાડામાં, તમાકુ સિગારેટના ધુમાડાની જેમ ટાર અને કાર્બન મોનોક્સાઇડ જેવાં અસંખ્ય કાર્સિનોજેન્સ અને ઝેરી તત્ત્વો હોય છે.

આ ઉપરાંત, અમેરિકન કેમિસ્ટ્રી સોસાયટીના 'ઓમેગા જર્નલ' તથા તાજેતરના કેટલાક અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે ડેમિયાના સહિત કેટલાક બળી ગયેલા હર્બલ ઘટકો નોંધપાત્ર મેટાબોલિક સમસ્યાઓ પેદા કરી શકે છે. આનાથી હૃદય રોગ, સ્ટ્રોક અને ડાયાબિટીસ જેવી વિવિધ પ્રકારની ક્રોનિક સ્થિતિઓ થવાનું જોખમ વધી શકે છે. ટૂંકમાં સો વાતની એક વાત એ છે કે 'સલામત ધૂમ્રપાન' જેવી કોઈ જણસ આ જગતમાં નથી! ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મતેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તન-મન-ધનથી રહો તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર લાડકી પુરુષ સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીક એન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# પ્રોટીન ને કૅલ્શિયમથી ભરપૂર - વડી

પારંપારિક વ્યંજન ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક અને ક્ષેત્રીય વિવિધતાને દર્શાવે છે. ભારતીય રાજ્યોની અનોખી પાક કલા મસાલા, શાકભાજી, ફળો અને અનાજોના સંતુલિત ઉપયોગથી બનતા વ્યંજનની વિશેષતાઓ અગણિત છે. આ વ્યંજનો સ્વાસ્થ્યનું અનોખું સંચાલન કરે છે. પારંપારિક વ્યંજનો સ્વસ્થ જીવન ઉપયોગિતાની દૃષ્ટિએ જ બનાવાય છે જે રોજિંદા આહારથી લઈને તહેવારોની ખાસ થાળી સુધીની વ્યંજનોનો સમાવેશ છે. દરેક રાજ્યનાં વ્યંજનોની વિશેષતા અલગ અલગ છે. સાથે તે પારંપારિક અને સ્વાસ્થ્યલક્ષી છે. ગરમીની મોસમમાં તૈયાર થતાં વ્યંજન વર્ષાઋતુની મોસમની તૈયારી છે તેથી જ તે અનોખા છે. ભારતીય સંસ્કૃતિની સમજ બહુ જ આગળ પડતી (ઍડ્વાન્સ) છે.

બંગાળ, બિહાર, પંજાબ અને ઝારખંડમાં બનતી વડીઓ જે તડકામાં સૂકવીને બનાવાય છે. જે પ્રોટિન, કૅલ્શિયમ અને વિટામિન-ડીનો મોટો સ્રોત છે. જે જુદા જુદા નામથી ઓળખાય છે. એક સમય એવો હતો કે ફક્ત ઍથ્લીટો જ પ્રોટીન લેતા. આધુનિક સમયમાં બધાને પ્રોટીનની જરૂર જણાય છે. બજારૂ પ્રોટીનની માગ વધવા લાગી છે. લોકોનું આકર્ષણ વધવા લાગ્યું છે. વજન ઘટાડવા, માંસપેશીને મજબૂત રાખવા. વધુ સમય સુધી પેટ ભરેલું રહે તે માટે રક્તશકરાને સંતુલિત રાખવા. શરીરની મરંમત માટે પ્રોટીનની જરૂર છે. તેમજ હાડકાંને, દાંત, વાળ, નખને મજબૂત રાખવા પ્રોટીન, કૅલ્શિયમ, વિટામિન-ડીની જરૂર પડે છે. પ્રોટીનવાળા નાસ્તા, સપ્લિમેન્ટ જે બજારૂ છે તેની આડઅસર પણ જોવા મળે છે અને તે સંતુલિત ભોજનની શ્રેણીમાં નથી. કેમિકલ, રંગ, પ્રિઝર્વેટિવના કારણે સ્વાદ અને ટકાઉ જણાય છે. તે પોષણની દૃષ્ટિએ નકામા છે. આ વાત લોકોને ધ્યાનમાં આવી રહી છે પણ તેઓને આસાન વિકલ્પ જુએ છે.



કામકાજી જીવનશૈલીના કારણે સમયનો અભાવ તેમજ પારંપારિક વ્યંજનો બનાવાની કલા આવડતી નથી. પોષણનો અભાવ રહે છે. વિકલ્પો તેઓ શોધી રહ્યા છે. આજના સમયમાં લોકોને ઑર્ગેનિક ખાદ્યપદાર્થ મળી રહે તેવી શોધ પણ કરી રહ્યા છે. ઘણાંય ભારતીય વ્યંજનો ઑર્ગેનિક છે. તેમની તરફ તેમનું ધ્યાન હજુ પહોંચ્યું નથી, મળવા પણ આસાન છે.

ઉત્તર અને ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં હજુ ઘણાંય વ્યંજનો પારંપારિક અને ઑર્ગેનિક રીતે બને છે. તે ઑનલાઇન પણ ઉપલબ્ધ છે. આ વ્યંજનો છે અલગ અલગ સ્વાદવાળી અને અલગ અનાજો અને મસાલવાળી વડીઓ જે પ્રોટીન, કૅલ્શિયમ અને વિટામીન-ડીથી ભરપૂર છે. સ્વાદ સાથે શરીરનું પોષણ પણ થાય છે. બાળકોને બજારૂ પૅકેટવાળી વસ્તુઓ જે સ્વાસ્થ્યને હણી લે છે તેના કરતાં આ વડીઓનો દરજ્જો પોષણની રીતે ખૂબ ઊંચો છે. આ વડીઓનાં નામ જુદાં-જુદાં છે. જેને તિલોર, અદોરી, રખિયાવડી, મંગોડી, બરી સેંપૂવડી, ફૂલવડી, ઓડિયા વડી, કઢી વડી, વડી ચૂરા જે સૂર્યપ્રકાશમાં સૂકવીને બનાવવામાં આવે છે. અલગ અલગ સામગ્રીના પ્રમાણે નામો છે. સ્વાદમાં અનોખી અને સ્વસ્થતાથી ભરપૂર છે.

મંગોડી એટલે મગની દાળ ભીંજવી તેને પીસી પેસ્ટ બનાવી તેમાં આદું-મરચાં, લસણ, જીરું, હિંગ નાખીને નાની-નાની વડીઓ બનાવી સૂકવાયછે. જે બટાટા, પાલક, મેથી કે દાળમાં નાખીને શાક બનાવાય તેમજ તળીને પણ ખાઈ શકાય છે.

અદોરી વડી એટલે અડદની દાળને ભીંજવી પીસી તેમાં મસાલા ઉપરાંત પેઠાનું છીણ નાખીને બનાવાય છે. તડકામાં સૂકવીને. જે સ્ટીરોઈડ અને પ્રોટીન તેમજ કૅલ્શિયમ અને વિટામિનથી ભરપૂર છે. નાસ્તામાં તે ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે. તે તળીને, શાકમાં અને કઢીમાં નાખી ખવાય છે. સેંપૂ વડી અડદની દાળની પેસ્ટમાં અળસી નાખીને બનાવાય છે. જેના ફાયદા ગણવાની જરૂર નથી. સ્વાદિષ્ટ અને પોષણવાળી છે.

ફૂલવડી બે-ત્રણ રીતે બને છે. ઓડિશામાં અડદની દાળની પેસ્ટમાં તલ નાખવામાં આવે છે. બીજી રીત અડદની દાળની પેસ્ટમાં તલની સાથે સાથે શેકેલા ધાન પણ નાખવામાં આવે છે. આને ચૂરો કરીને ભાતની સાથે ખવાય છે. તળીને શાકમાં પણ નાખીને ખવાય છે. તિલોરી ચાર-પાંચ પ્રકારે બને છે.

અડદની દાળની પેસ્ટમાં તલ નાખીને, મગની દાળની પેસ્ટમાં તલ નાખીને, ચણાની દાળમાં તલ નાખીને, ચોખાના લોટની પેસ્ટમાં તલ નાખીને નાની નાની વડીઓ બનાવીને તડકામાં સૂકવાય છે. ખડિયા વડીમાં અડદની દાળની પેસ્ટ તેમજ ચણાની દાળની પેસ્ટમાં મસાલા અને દૂધી અથવા પેઠાનું છીણ નાખી બનાવાય છે.

બિહારમાં તિસિયોરી જે ચોખાના લોટની પેસ્ટમાં ભરપૂર મસાલા તેમજ અળસી નાખીને બનાવાય છે જે તળીને ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે. સાદી રીતે ચરોરી બનાવાય છે જેમાં ચોખાના લોટમાં ફક્ત જીરું અને મીઠું નાખીને સૂકવાય છે. મસૂરની દાળને ભીંજવી તેની ઘાટી પેસ્ટ બનાવીને તલ અથવા અળસી નાખી સૂકવીને બનાવાય છે. તળીને, શાકમાં નાખીને કે ગ્રેવી બનાવી શાક પણ બનાવાય છે. આ સ્વાદિષ્ટ અને પોષણવાળી વડીઓનો ઉપયોગ ભોજનમાં કરવાથી પ્રોટીન અને મિનરલ્સ મળી રહે છે. બહારના વિકલ્પની જરૂર નથી.

આ વડીઓનો મોટા પાયે ઉદ્યોગ શરૂ કરી શકાય છે. ઉનાળામાં ચાર મહિના ભરપૂર તાપમાન હોય છે. બનાવવું પણ સરળ છે. ભારતીય વ્યંજનો ગજબનાં છે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# ગમી જઈએ બધાને, એ પણ ક્યાં ગમે છે બધાને?

'દાદા, આ લો નવો મોબાઇલ પકડો' ચંબુએ કીધું.

'કોનો છે?'

'સેમસંગનો છે.'

'સેમસંગનો મોબાઇલ હું શું કામ વાપરું? મને પોતાનો મોબાઇલ જોઈએ' દાદા બોલ્યા.

'અરે દાદુ, એ કંપનીનું નામ છે. જુઓ, મેં આ તમારું વોટ્સઅપ ખોલ્યું, હવે જોવાનું કે કોણ online છે ને કોનો last seen છે.'

'ડોબા, નેવું વર્ષે અહીં મારી જિંદગીની offlineની તૈયારી થવા લાગી છે ને તુ મને online જોવાનું કહે છે? મને પોતાના જીવનની લાસ્ટ સીનની ખબર નથી ને તું મને બીજાનો લાસ્ટ સીન જોવાનું કહે છે. ચંબુ, એક આ last seen today at...સમય બતાવે છે, પણ લાસ્ટ સીન વિથ... ફલાણા-ઢીકણા કે ફલાણી-ઢીકણી સાથે બતાવે તો કેટલાયની વાટ લાગી જાય ને પછી સળગી જાય... મારો લાસ્ટ સીન તો રસીલા સાથે જ રહેવાનો. જિંદગી કે સાથ ભી ઓર જિંદગી કે બાદ ભી.'

એટલામાં મોબાઇલ પર રસીલાની ફ્રેન્ડની રિક્વેસ્ટ દેખાણી...

'અરે દાદા, હવે જલ્દી confirm પર અંગૂઠો દાબો ને જુઓ એ શું લખે છે?'

'સાચું કઉં, આ રસીલા કઈ ઓછી નથી. અમે કૉલેજમાં હતા ત્યારે મારી સાથે વાત પણ નહોતી કરતી ને હવે નેવુંએ પહોંચ્યા એટલે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલે છે. ને પાછું કૉમેન્ટ્સમાં લખે છે 'યુ આર લુકિંગ હૅન્ડસમ' તારી ભલી થાય, રસીલી ! સાલુ કૉલેજમાં સાથે ભણતા હતા ત્યારે તારી આંખે મોતિયો હતો? ચંબુ, એ વખતે હું એવો દેખાવડો કે બધાને ગમતો, પણ ગમી જઈએ બધાને એ પણ ક્યાં ગમે છે બધાને? ચંબુ, આ હૅન્ડસમ દેખાવાનું રહસ્ય માત્ર મને જ ખબર છે. તેને તો ખબર જ નથી કે પૅનકાર્ડમાં દેખાઈએ એટલા ખરાબ નથી તો ફેસબુકમાં દેખાઈએ એટલા સુંદર પણ નથી. યુ નો? માથાની વિગને પણ મેં કલર કરીને પહેરી છે. મૂછો પણ મેં ડાઈ કરી છે. મોઢામાં ચોકઠું પહેર્યું છે. હવે પરદા જો ઉઠ ગયા તો ભેદ ખુલ જાયેગા. ચંબુડા, સાલો ડર છે કે પોલ પકડાશે તો મને છોડી તો નઈ દે ને?

'જુઓ દાદુ, જો રસીલાબાએ સાચા દિલથી તમને પ્રેમ કર્યો હશે તો તમને નહીં છોડે, પણ તમારા શરીરને પ્રેમ કર્યો હશે તો લોચો... જુઓ દાદુ, હું એક શાયરી લખાવું 'કભી યુ હી ચલે આયા કરો, દિલકો અચ્છા લગતા હૈ, યુ તન્હાઈયોમે તુમ્હારા દસ્તક દેના'... હવે સેન્ડ કરો. હમણાં બે બ્લુ ટિક દેખાશે.'

દસ મિનિટ થઈ, પણ બ્લુ ટિક ન દેખાઈ ને દાદા અંદરથી મુંઝાયા : 'જો મેસેજ જોયા પછી જવાબ આપવો હોય તો આપે બાકી આપણને કઈ ગરજ નથી, સમજ્યો?'

'અરે દાદુ, આ બે ટિકથી બ્લુ ટિક સુધીનો ઇન્તજાર એ ઇશ્ક જ છે.'

'સાલા, તું તો મારી અંદર શું ચાલે એ પણ સમજી જાય છે.'

'અરે દાદુ, દિવાળી ભલે તમે વધારે જોઈ હોય પણ ફટાકડા અમે વધારે ફોડ્યા છે.'

'પણ શું થયુ હશે? જવાબ કેમ નથી આપતી? સીમ-કાર્ડ બદલ્યું હશે કે મન બદલ્યું હશે? નંબર બદલ્યો હશે કે મૂડ બદલાયો હશે? એના મોબાઇલની બૅટરી લો થઈ હશે કે મનમાં બીજો કોઈ...'

'અરે દાદુ, થોડી ધીરજ રાખો, ચાલો આપણને આટલાં વર્ષે રસીલાબા મળ્યાં એની ખુશાલીમાં ઑનલાઇન મીઠાઈ મગાવીએ. તમે 'એમેઝોન' ટાઇપ કરો.'

'ટિંગટોન,'એમેઝોનમાં આપનું સ્વાગત છે. મીઠાઈ માટે પ્રેસ વન, ફરસાણ માટે પ્રેસ ટુ.'




દાદાએ એક દબાવ્યું.

કૉલ સેન્ટરઃ 'લાડવા માટે પ્રેસ વન, રસગુલ્લા માટે પ્રેસ ટુ, ગુલાબજાંબુ માટે પ્રેસ થ્રી' દાદાએ લાડવા માટે એક દબાવ્યું.

કૉલ સેન્ટરઃ બુંદીના લાડુ માટે પ્રેસ વન, મોતીચૂર માટે ટુ, ચુરમાના લાડુ માટે થ્રી.'

દાદાએ મોતીચૂર માટે બે દબાવ્યું.

'એક કિલો માટે પ્રેસ વન, પાંચ કિલો માટે પ્રેસ ટુ, દસ કિલો માટે થ્રી ને એક ક્વિન્ટલ માટે પ્રેસ ફોર...'

દાદાનો અંગૂઠો ભૂલથી ચાર પર લાગ્યો ને ચંબુ ભડક્યો : 'શું કરો છો દાદા, મોટો લોચો માર્યો. આપણે ગામને સમૂહ ભોજન નથી કરાવવાનું.'

'હવે થઈ જાય, ભૂલ તો ભગવાનથી પણ થાય.'

એક કલાકે દાદાનો મોબાઇલ રણક્યો 'તમે એક ક્વિન્ટલ મોતીચૂર લાડુ માટે ઑર્ડર આપેલો એ તૈયાર છે. સરનામું મોકલો.

'સરનામું? એ ભાઈ, મારું ફરી નથી ગયું કે એક ક્વિન્ટલ મોતીચૂર મગાવું.'

'તો તમારા ભાઈએ ઑર્ડર આપ્યો હશે, એમને આપો.'

'અમે પાંચ ભાઈ છીએ. સૌથી મોટા માટે એક દબાવો, નાના માટે બે, એનાથી નાના માટે થ્રી...'

ત્યાં તો સામેથી ફોન કટ થઈ ગયો. પણ ત્યાં દરવાજાનો બેલ વાગ્યો 'જો તો ચંબુ કોણ છે?'

'દાદા, હું નથી ઓળખતો, કોઈ મોટી ઉંમરનાં બહેન છે' એટલામાં તો એ બહેન અંદર આવી ગયાં ને દાદા ચમક્યા :

'રસીલા તુંઉઉઉ? વૉટ અ સરપ્રાઇઝ.'

ત્યાં તો ફરીથી દરવાજો ખખડ્યો : 'દાદા, હવે તમે દરવાજો ખોલો.'

'ચંબુડા, સાલુ મરી ગયા. આ એક ક્વિન્ટલ લાડુ... મે તો ઍડ્રેસ આપ્યું જ નથી.'

'અરે જલસા કરો દાદુ. મેં આપ્યું છે. રસીલાદાદીને પણ મેં જ ઍડ્રેસ આપેલું. આટલાં વર્ષે મારા દાદુને દાદી મળી ને એ ખુશીમાં ગામને સમૂહ ભોજન ન કરાવું? ને લો આ કવર...

'કવર?'

'હા, સીમલાની તમારા હનીમૂન માટેની બે ટિકિટ.'

મિત્રો, બંનેનાં હૈયાં પાનખરમાં પણ વસંત બની મહેકી ઉઠ્યાં. આંખો ખુશીથી છલકાઈ ઊઠી. તમારે પણ ખુશીમાં ભાગ લેવા આવવું હોય તો આવી જાઓ. શું કહો છો? ! ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગાડું | THICK |
| ગાડી | STORY |
| ગાડીત | CAR |
| ગાઢ | BULLOCK - CART |
| ગાથા | DRIVER |

### માતૃભાષાની મહેક

આયુર્વેદ એટલે આર્યોનું વૈદ્યક શાસ્ત્ર, વૈદ્ય વિદ્યા, ચિકિત્સાશાસ્ત્ર. આ ઉપવેદ બ્રહ્મદેવના પૂર્વ મુખમાંથી નીકળ્યાનું અને તેના સૌથી પહેલા આચાર્ય અશ્વિનીકુમાર હોવાનું મનાય છે. અશ્વિની કુમાર પાસેથી ઇન્દ્રએ આ વિદ્યા મેળવીને ધન્વંતરિને તે શીખવી. કાશીનો રાજા દિવોદાસ ધન્વંતરિનો અવતાર કહેવાતો હતો.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ CYBERPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ખડક બ) સાઈકલ
ક) કમ્પ્યુટર ડ) વરસાદ

### ઈર્શાદ

રહેવા દે રહેવા દે આ સંહાર યુવાન તું,
ઘટે ના ક્રૂરતા આવી વિશ્વ આશ્રમ સંતનું.

---- કલાપી

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | | ૯ | |
| | | | ૧૦ | | | | ૧૧ | | |
| ૧૨ | | | | | ૧૩ | | | | ૧૪ |
| | | | ૧૫ | | | | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | | ૧૯ | ૨૦ | | | |
| | | ૨૧ | | ૨૨ | | ૨૩ | | ૨૪ | |
| | ૨૫ | | | | | | | | |
| ૨૬ | | | ૨૭ | | | | ૨૮ | | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. જાણતું (૩)
3 બદમાશ, કૃતઘ્ન (૫)
૭ (વ્યંગમાં) ડુંગળી (૩)
૮ આંતરો, પડદો (૩)
૯ ખંજવાળ, ચળ (૨)
૧૧ ગાંડું (૨)
૧૨ વાઢકાપ (ઓપરેશન) (૪)
૧૩ ચીંથરા, લૂગડાના ડૂચા (૩)
૧૫ તિક્ષ્ણ, આકરું (૨)
૧૬ કપરું, મુશ્કેલ, માઠું (૩)
૧૭ હિમાલયમાં થતાં એક જાતનાં બકરાના વાળ (૩)
૧૯ રુઆબ (૨)
૨૧ દાબ, અંકુશ (૩)
૨૩ કાગળ-પત્ર પર લખાતું નામઠામ (૪)
૨૫ જકાત, લાગો (૨)
૨૬ પોટકું, પોટલી (૨)
૨૭ તારનાર (૩)
૨૮ કમળ (૩)
૨૯ યુદ્ધનું મેદાન (૫)
30 છૂટું, મુક્ત (૩)

**ઊભી ચાવી**

૧. સ્થાપત્ય કળાનું વ્યવસ્થિત જ્ઞાન (૪)
૨ આંબાનું ફળ (૨)
3 ---- પડવી=બજાર, કામધંધો વગેરે બંધ થવા (૪)
૪ લગામ (૨)
૫ ઉધરસ ખાતું, ખખળી ગયેલું (૩)
૬ રેતીનું મેદાન (૨)
૧૦ અસ્તિત્વ, જિંદગી (૩)
૧૧ અટકાયત, રોકાણ (૩)
૧૨ કાનખજૂરો (૪)
૧૪ વ્યવસ્થિત, સરખું (૪)
૧૮ એક રાશિ (૩)
૨૦ પાક (૩)
૨૨ પ્રારંભ, શરૂઆત (૪)
૨૪ સગીર (૪)
૨૫ કુટુંબ (૩)
૨૬ ફાયર, લાકડાની ઝીણી કરચ (૨)
૨૭ માણસનાં મનનો ---- પામવો મુશ્કેલ છે (૨)
૨૮ પુરુષ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | પા | ૨ ધ્યા | ૩ ય | | ૪ ક | મં | ૫ સં | ૬ જો | ગ |
| પ | | ૭ ન | મ | સ્કા | ર | | ૮ ગી | રા | |
| ૯ મા | હું | | પુ | | ૧૦ મી | હું | | ૧૧ વ | ૧૨ ખ |
| | | ૧૩ શ | રી | ૧૪ ર | | | ૧૫ સ | ર | લ |
| ૧૬ અ | ધ | ર | | દી | | ૧૭ સ્ને | હ | | |
| વ | | ૧૮ મિં | હું | | ૧૯ સુ | | ૨૦ વા | મ | ણું |
| ૨૧ સા | ૨૨ બ | હું | | | ૨૩ તા | ૨૪ પ | સ | | |
| ૨૫ ન | ખ | | ૨૬ ખા | ૨૭ ક | | રિ | | ૨૮ ધા | ૨૯ ન |
| | ૩૦ ત | ૩૧ લ | | ૩૨ રા | ત | વા | સો | | મા |
| ૩૩ ત | ર | બ | ત | ર | | ૩૪ ર | ગ | શિ | યું |

### ઓળખાણ પડી?

મહારાષ્ટ્રના નાશિક શહેરની તીખી તમતમતી મજેદાર વાનગીની ઓળખાણ પડી? ફરસાણ, તરી ઉમેરવાથી વધુ સ્વાદિષ્ટ બને છે.



અ) મિસળ બ) પીઠલ ક) આમટી ડ) થાલીપીઠ

### ચતુર આપો જવાબ

**અર્થ જણાવો**

'ઉદાસીને ભીતર છૂપાવી દીધી છે' પંક્તિમાં ભીતર શબ્દનો અર્થ જણાવો.

અ) લાગણી બ) ભીંત ક) અંદર ડ) ખુશી

### માઈન્ડ ગેમ

રાજ્યના શાસક અને લશ્કરી દળ માટે એકસમયે વિશેષ મહત્ત્વ ધરાવતો ચિતોડગઢ કિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવશો?

અ) ઓડિશા બ) રાજસ્થાન ક) પંજાબ ડ) કર્ણાટક

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | ૨ | ૫ | | | | |
| | | ૮ | ૬ | | | | | |
| | ૬ | | ૪ | | | ૨ | | ૧ |
| | ૩ | | | | | | | ૪ |
| | ૭ | | ૧ | | ૪ | | ૯ | |
| ૬ | | | | | | | ૨ | |
| ૯ | | ૨ | | | ૮ | | ૭ | |
| | | | | | ૧ | ૬ | | |
| | | | | ૩ | ૨ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૩ | ૫ | ૮ | ૪ | ૭ | ૧ |
| ૩ | ૮ | ૧ | ૪ | ૬ | ૭ | ૫ | ૯ | ૨ |
| ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૨ | ૮ | ૩ | ૬ |
| ૮ | ૧ | ૭ | ૬ | ૨ | ૫ | ૯ | ૪ | ૩ |
| ૨ | ૬ | ૯ | ૮ | ૩ | ૪ | ૧ | ૫ | ૭ |
| ૫ | ૪ | ૩ | ૭ | ૧ | ૯ | ૬ | ૨ | ૮ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૪ | ૩ | ૨ | ૧ | ૫ |
| ૧ | ૯ | ૫ | ૨ | ૭ | ૬ | ૩ | ૮ | ૪ |
| ૪ | ૩ | ૨ | ૫ | ૮ | ૧ | ૭ | ૬ | ૯ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગુંજાશ | CAPACITY |
| ગજેન્દ્ર | ELEPHANT |
| ગાજર | CARROT |
| ગાજવીજ | THUNDER |
| ગર્જના | ROAR |

**ગુજરાત મોરી મોરી રેઃ**
પ્રાણી

**ઓળખાણ પડી?**
નીર ઢોસા

**માઈન્ડ ગેમ :**
આંધ્ર પ્રદેશ

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
વિલક્ષણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપુર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભામિની સંપટ (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતીમા પમાણી (૯) વિપીન શાહ (૧૦) ભરત કજરિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મહેશ સંઘવી (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) કમલ માતલિયા (૨૫) ખુશરૂ કાપડિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) વિણા સંપટ (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) અરવિંદ કામદાર (૩૪) સુભાષ મોમાયા (૩૫) પુષ્પા પટેલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) નીતા દેસાઈ (૪૫) નિતીન જયંતીલાલ બજરિયા (૪૬) હેમાંગી કે. મારુ, (૪૭) કલ્પના આશર (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) વિરલભાઈ ઉદય શેઠ (૫૦) મહેશ દોશી

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ખાટા સ્વાદને મીઠો બનાવી દે તેવું નાનું અમથું લાલ મિરેકલ ફળ!

વિશ્વમાં અનેક અજાયબી જોવા મળે છે. તેમાં સૌથી શ્રેષ્ઠ અજાયબી એટલે કુદરતનાં અનેક અદ્‌ભુત સર્જનો. વિશાળ ગગન, રંગબેરંગી વૃક્ષો, રંગબેરંગી ફૂલ-છોડ, રંગબેરંગી ફળ-શાકભાજી, કડધાન્યમાં સમાયેલી સ્વાદની વિવિધતા. જીવંત ઉદાહરણ જોઈએ તો પ્રત્યેક પશુ-પંખી-જળચરના ચહેરા એક સમાન હા, રંગમાં વિવિધતા. જ્યારે માનવીના ચહેરા-ત્વચાના રંગમાં અનેક વિવિધતા! તે જ પ્રમાણે શાકભાજી-ફળના સ્વાદમાં રહેલી મીઠાશ. આવી તો અનેક અજાયબી ગણાવી શકાય તેમ છે. જેમ કે હિમાલયના બરફ આચ્છાદિત પર્વતો- તો બીજી તરફ લડાખના લાલ-કાળા પર્વતોમાં સમાયેલું કુદરતી સૌંદર્ય. સમુદ્રની લહેરો તેમ જ તેમાં સમાયેલાં પાણીના રંગમાં વિવિધતા. નદી-તળાવના જળમાં વિવિધતા. કુદરતી ઝરણાંના ભિન્ન ભિન્ન પાણીનો સ્વાદ. ખરેખર કહેવાનું મન થઈ જ આવે કે

**'મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે...પળપળ તારા દર્શન થાયે દેખે દેખણ હારા રે..નહીં પૂજારી નહીં કોઈ દેવા નહીં મંદિરને તાળાં રે..નિલ-ગગનમાં મહિમા ગાતા ચાંદો..સૂરજ..તારા રે'**

આજે આપણે જે ફળ વિશે વાત કરવાના છીએ તે ફળનું નામ છે 'મિરેકલ ફળ'. જેને 'મેજિક બેરી' તરીકે પણ ઓળખવામાં આવે છે. પશ્ચિમ આફ્રિકામાં સરળતાથી મળી રહેતાં બોર જેવા દેખાતાં આ ફળનો સ્વાદ ખટમધુરો હોય છે. મિરેકલ ફળનાં વૃક્ષનાં પાન, બીજ તેમ જ ફળનો ઉપયોગ કરીને ખાસ પ્રકારનું તેલ બનાવવામાં આવે છે. મિરેકલ ફળ સામાન્ય રીતે બે પ્રકારના જોવા મળે છે. પ્રથમ છે આફ્રિકી ફળ. મુખ્યત્ત્વે તે પશ્ચિમ આફ્રિકામાં ઊગે છે. ૧૭૨૦ના દશકમાં યૂરોપિય દ્વારા આફ્રિકાના આ ફળનું નામકરણ ચમત્કારિક ફળ તરીકે કરવામાં આવ્યું હતું.



બીજું છે ભારતીય આધારિત ફળ. ભારતમાં જિમનામા સિલ્વેસ્ટ્રે નામથી ચમત્કારિક ફળ ઓળખાય છે. જેનો ઉપયોગ મુખ્યત્ત્વે વિવિધ પ્રકારની વ્યાધિમાં કરવામાં આવે છે. જેમ કે પેશાબ માર્ગમાં સંક્રમણની વ્યાધિને સુધારવામાં મદદ કરે છે. વળી ડાયાબિટીસના દર્દીઓને ડૉક્ટર આ ફળ ખાવાની સલાહ આપે છે. ફળના સેવન બાદ પૌષ્ટિક આહારનું સેવન અનિવાર્ય ગણાય છે.

મિરેકલ ફળનો ઉપયોગ ડાયાબિટીસના દર્દીઓ માટે અત્યંત ફાયદાકારક ગણાય છે. ફાઈટોથેરેપી રિસર્ચ ૨૦૦૬માં પ્રકાશિત થયેલી શોધ અનુસાર વૈજ્ઞાનિકોએ ઊંદરના એક સમૂહને જેમાં લોહીમાં શર્કરાની માત્રા વધુ હતી તેમને મિરેકલ ફળ ખવડાવ્યું. તેના પરિણામ બાદ જાણવા મળ્યું કે મિરેકલ ફળના સેવન બાદ લોહીમાં ઈન્સ્યુલિનનું સ્તર વધ્યું હતું. ઈન્સ્યુલિનનું સ્તર વધવાને કારણે લોહીમાં શર્કરાની માત્રા ઓછી થયેલી જોવા મળી હતી.

વર્ષ ૨૦૧૨ના ક્લિનીકલ જર્નલ ઓફ ઑન્કોલોજી નર્સિંગ દ્વારા કરવામાં આવેલી શોધ મુજબ મિરેકલ ફળનું સેવન કિમોથેરપીના દર્દીઓ માટે લાભદાયક પુરવાર થયું હતું.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી :** મિરેકલ ફળમાં કેલરીની માત્રા ઘણી જ ઓછી હોય છે. વજન વધવા માટે એક કારણ મીઠાઈને મનભરીને માણવાની આદત ગણી શકાય. મિરેકલ ફળમાં ચરબીનું પ્રમાણ જોવા મળતું નથી. મીઠાઈ ખાવાનું મન થાય ત્યારે મીરેકલ ફળ ખાઈ લેવું. તેનું મુખ્ય કારણ આ ખાટા ફળના સેવન બાદ ગ્રહણ કરવામાં આવેલી પ્રત્યેક ખાદ્યસામગ્રીનો સ્વાદ આપને મીઠો જ લાગશે. તેથી જો વજન ઘટાડવા માટે ચોક્કસ ડાયેટ પ્લાનને અપનાવતા હોવ તો મિરેકલ ફળ આપને અચૂક ઉપયોગી બનશે. મિરેકલ ફળને સીધું ખાઈ શકાય છે. અનેક લોકો તેનો ઉપયોગ વિવિધ જ્યૂસમાં ભેળવીને, મીઠાઈ કે સલાડમાં ભેળવીને ખાવાનું પસંદ કરતાં હોય છે.

**રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છે :** મિરેકલ ફળમાં વિટામિન સીની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જેના સેવન બાદ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. વિટામિન સી સફેદ રક્તકણોનું ઉત્પાદન વધારે છે. ચેપી રોગ કે વાયરસને કારણે ફેલાતાં સંક્રમણથી બચાવવામાં મદદ કરે છે.

**આંખોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે ઉપયોગી:** મિરેકલ ફળમાં વિટામિન એની માત્રા સમાયેલી હોય છે. જેનો સીધો સંબંધ આંખોના સ્વાસ્થ્યની તંદુરસ્તી જાળવી રાખવા માટે થાય છે. વળી મોતિયાબિંદુના ખતરાથી બચાવવામાં મદદ કરે છે.

**રોગ-પ્રતિકારક શક્તિ વધારવામાં લાભકારી :** મિરેકલ ફળમાં મિરાકુલિન નામક ગ્લાઈકોપ્રોટીન, ઍન્ટિ-ઓક્સિડન્ટ, તેમ જ વિટામિન સીની માત્રા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. મિરેકલ ફળમાં વિટામિન સીના ગુણો ભરપૂર છે. વિટામિન સી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. વિટામિન સીની માત્રા શરીરમાં પૂરતાં પ્રમાણમાં હોય તો લોહીમાં સફેદ રક્તકણોનું ઉત્પાદન વધે છે. જેને કારણે વાયરસ કે અન્ય સંક્રમણથી શરીરને સુરક્ષા મળી રહે છે.

**કૅન્સરના ઈલાજમાં કારગર :** કૅન્સરના ઈલાજ વખતે દર્દીને ઍન્ટિ-ન્યૂરોટિક દવાઓ તેમજ રેડિએશન ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. જેને કારણે સ્વાદગ્રંથિ ઉપર અસર થાય છે. દર્દીને ભોજનનો સ્વાદ જ પસંદ આવતો નથી. આવા સંજોગોમાં મિરેકલ ફળનું સેવન કર્યા બાદ આહાર ગ્રહણ કરવાથી ભોજનમાં રહેલો સ્વાદ માણી શકાય છે.

**હૃદયના સ્વાસ્થ્ય માટે લાભકારક :** મિરેકલ ફળનું સેવન પ્રમાણભાન રાખીને કરવાથી તેમાં સમાયેલાં ઍન્ટિ- ઈન્ફ્લેમેટરી ગુણોના લાભ ઝડપથી-લાંબા સમય સુધી મળી રહે છે. જેને કારણે હૃદય સબંધિત વ્યાધિ, શરીરના ભાગો ઉપર સોજો આવવો કે કૉલેસ્ટ્રોલનો ભરાવો જેવી સમસ્યાને નિયંત્રિત કરવામાં ઉપયોગી ગણાય છે.

**શા માટે મિરેકલ ફળનું સેવન કર્યા બાદ કોઈપણ વસ્તુનો સ્વાદ મીઠો લાગે છે?**

એવું કહેવાય છે કે મિરેકલ ફળના માવામાં મિરાકુલિન નામક ખાસ પ્રકારનું ગ્લાઈકોપ્રોટીન હોય છે. જે સ્વયં મીઠું નથી હોતું પરંતુ જીભની સ્વાદ કળીઓ જીભ ઉપર રહેલાં મીઠા રીસેપ્ટર્સથી જોડાઈ જાય છે. જેને કારણે મોંમાં કોઈ ખાટી વસ્તુ જાય કે તરત જ પ્રોટીન સક્રિય થઈ જાય છે. જેને કારણે મગજને ખાટા સ્વાદને બદલે મીઠા સ્વાદનો સંદેશો મોકલે છે.

**ફળની ખાસ વિશિષ્ટતા :** દેખાવમાં નાનું લાલ રંગનું આશરે ૨-૩ સેંટીમીટરની લંબાઈ ધરાવતું જોવા મળે છે. તે સ્વાદમાં ખાટું - મીઠું હોય છે. ફળનું ખાસ મહત્ત્વ તેના બાદ ખાવામાં આવતી વસ્તુમાં જોવા મળે છે. તેને ગરમ કરવાથી કે પકાવવાથી તેમાં રહેલું મિરાકુલિન પ્રોટીન નાશ પામે છે. જેને કારણે તેનો જાદુઈ ગુણ નષ્ટ થઈ જાય છે. તેથી જ તેને કાચું ખાવાનો આગ્રહ રાખવામાં આવે છે.

વિદેશોમાં મિરેકલ ફળને માટે ખાસ પાર્ટીનું આયોજન થતું જોવા મળે છે. જે 'ફ્લેવર ટ્રિપિંગ' પાર્ટી તરીકે જાણીતી છે. જેમાં મિરેકલ ફળનું સેવન કર્યા બાદ ખારા, ખાટા કડવાં કે તીખા પદાર્થોનું સેવન કરવામાં આવે છે. ત્યારબાદ બદલાતા મીઠા સ્વાદને માણીને અનોખા આનંદની મજા લે છે. બાળકો તેમજ વડીલો ખાટી વસ્તુ કે સલાડ ખાવાની આનાકાની કરે ત્યારે મિરેકલ ફળનો સમાવેશ કરીને સલાડની સજાવટ કરવામાં આવે તો તેઓ કૂતુહલ સાથે ઝટપટ ખાઈ લેશે. ઘરમાં બે ઘડી આનંદ રેલાઈ જશે. ભારતમાં મિરેકલ ફળ ઑનલાઈન સરળતાથી મેળવી શકાય છે.

## મિરેકલ ફળનો સલાડ



**સામગ્રીઃ** ૧ નંગ કાકડી, ૧ નંગ ટામેટું, ૩ નંગ નાની કાચી કેરીની ચીર, ૧ નંગ બીટ, ૧ નંગ ગાજર, ૧ નંગ નારંગી. ૫-૬ નંગ મિરેકલ ફળ. ચાટ મસાલો જરૂર મુજબ. લીંબુનો રસ ૧ ચમચી,૧ નાની ચીરી કારેલાંના ટૂકડાં.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ કાકડી, બીટ, ગાજર, નારંગીની છાલ કાઢી લેવી. ઉપરોક્ત બધી જ વસ્તુને ગોળાકારમાં પાતળાં કાપી લેવી. એક પ્લેટમાં ગાજર-કાકડી-ટામેટું-બીટ-ગાજર, નારંગીની ચીરને એકપછી બીજું તેમ ગોઠવવું. તેની ઉપર વચ્ચે કેરીની ચીર ગોઠવવી. કારેલાંની ચીર ગોઠવવી. વચ્ચે વચ્ચે મિરેકલ ફળ ગોઠવવું. લીંબુનો રસ છાંટવો. ચાટ મસાલો ભભરાવવો. પ્રથમ મિરેકલ ફળ ખાવાનું કહેવું ત્યારબાદ કારેલાંની ચીર તેમજ કાચી કેરીની ચીર ખાવાનું કહેવું. ત્યારબાદ સલાડનો આનંદ માણવાનો આગ્રહ રાખવો. સલાડ ખાઈને કુટુંબમાં હાસ્યની સાથે એકબીજા પ્રત્યેની મમતા વધશે તે નક્કી.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# કોલેસ્ટરોલની વ્યાધિ - ઉપાધિ

### શું આપ જાણો છો?....

વિશ્વમાં દર વર્ષે અંદાજિત ૩૦ લાખ લોકો કોલેસ્ટરોલના કારણે મૃત્યુ પામે છે.

હાઈ કોલેસ્ટરોલનાના દર્દીઓને હાર્ટએટેક અને સ્ટ્રોક આવવાની સંભાવના બે ગણી વધી જાય છે.

### કોલેસ્ટરોલ એટલે શું.

- મીણ અને ચરબી જેવું પદાર્થ જેને યકૃત (Liver) કુદરતી રીતે શરીરના ઉપયોગ માટે ઉત્પન્ન કરે છે.

- આયુર્વેદના દૃષ્ટિકોણથી કોલેસ્ટરોલ કફપ્રકોપથી થતો રોગ છે.

### કોલેસ્ટરોલના શરીરમાં મુખ્ય ૪ કામ :

૧) કોષોનું બંધારણ કરવું.

૨) આંતરડામાં અમુક પાચકરસો બનાવવા.

૩) શરીરને વિટામિન-D બનાવવામાં સહાયરૂપ થવું.

૪) શરીરને અમુક હોર્મોન્સ બનાવવામાં મદદરૂપ થવું.

કોલેસ્ટરોલ આપણો મિત્ર અને શત્રુ બંને છે.

જ્યાં સુધી કોલેસ્ટરોલનું પ્રમાણ શરીરમાં માપસરનું હોય ત્યાં સુધી તે આપણો મિત્ર છે. કેમ કે, શરીરને કામ કરવા માટે તે ખૂબ જ અગત્યનો છે, પરંતુ જો તેની માત્રા વધી જાય તો તે જ કોલેસ્ટરોલ શરીરમાં અનેક રોગને આમંત્રિત કરે છે.

### કોલેસ્ટરોલના ૩ પ્રકાર :

**H.D.L.**કોલેસ્ટરોલ (High Density Lipoproten)

ધમનીમાંથી ખરાબ કોલેસ્ટરોલને યકૃત દ્વારા શરીરની બહાર કાઢી નાખે છે. **L.D.L.** જેમા થતો અટકાવે છે. તેથી શરીર માટે આ કોલેસ્ટરોલ ફાયદારૂપ છે.

**L.D.L.** કોલેસ્ટરોલ (Low Density Lipoprotein)

ધમનીની અંદર જામ થઈ જાય છે. શરીર માટે આ કોલેસ્ટરોલ નુકસાનકર્તા છે.

ટ્રાઈગ્લાઈસરાઈડ્સ (Triglycerides) કોલેસ્ટરોલ ઊર્જા માટે વપરાય છે, પરંતુ જો વધી જાય તો નુકસાનકારક પણ બને છે. (હાર્ટએટેક, સ્ટ્રોક વગેરે થઈ શકે છે.)




### કોલેસ્ટરોલનાં લક્ષણ

ધમનીની અંદર કોલેસ્ટરોલ જામ થઈ ગયો હોય તેના કોઈ સ્પષ્ટ લક્ષણો નથી. અને તેથી મોટા ભાગના લોકો આ રોગથી છેતરાય જાય છે. માટે વર્ષમાં એકવાર બ્લડ કોલેસ્ટરોલ ટેસ્ટ કરાવી લેવો. તેનું માપ આ મુજબ છે.

## કોલેસ્ટરોલ ચાર્ટ

mg/dl

| Cholesterol (Category) (કોલેસ્ટરોલ) | HDL (સારો કોલેસ્ટરોલ) પુરુષ | સ્ત્રી | LDL (ખરાબ કોલેસ્ટરોલ) | Triglycerides (ચરબી) | Total Cholesterol |
|---|---|---|---|---|---|
| નોર્મલ | ૪૦થી ઉપર | ૫૦થી ઉપર | ૧૦૦થી નીચે | ૧૫૦થી નીચે | ૨૦૦થી નીચે |
| જોખમી | ૩૯થી નીચે | ૪૯થી નીચે | ૧૩૦-૧૫૯ | ૧૫૨-૧૯૯ | ૨૦૦-૨૩૯ |
| વધુ જોખમી | - | - | ૧૬૦ થી ઉપર | ૨૦૦ થી ઉપર | ૨૪૦ થી ઉપર |

### કોલેસ્ટરોલ થવાનાં કારણઃ

* જે કારણોથી બ્લડપ્રેશર વધે છે તે કારણોથી શરીરમાં કોલેસ્ટરોલ વધે છે.

* ઘણા લોકો એવું માનતા હોય છે કે, માત્ર ઘી-તેલ જેવા પદાર્થો જમવાથી જ ચરબી વધે છે, પરંતુ કોઈ પણ ગ્રહણ કરેલો આહાર કે, જે ન પચે તે અંતે તો શરીરમાં ચરબીમાં જ રૂપાંતર થાય છે માટે હંમેશાં માપસરનું જ જમવું તે શરીર માટે હિતકારક છે.

### હૃદયરોગના દર્દીઓ માટે કયું અનાજ સારું?

* આપણે નિરોગી રહેવા માગીએ છીએ, પણ સ્વાદનો ત્યાગ કરવામાં પાછા પગ ભરીએ છીએ. કિંતુ સ્વાસ્થ્ય અને સ્વાદ એકસાથે રહી શકતા નથી. પહેલાના જમાનામાં આપણા પૂર્વજો આખા અનાજના (પોલિશ વગરના) દાણાની જ રસોઈ કરતા હતા અને તેથી જ તેઓ લાંબા સમય સુધી નિરોગી રહી શકતા હતા. પોલિશ કરેલું અને પોલિશ કર્યા વગરનું અનાજ જમવાથી શું ફાયદા-નુકસાન થાય છે? તે દર્શાવેલ છે.

| | પોલિશ કરેલું અનાજ (ઘઉં, ચોખા વગેરે) | પોલિશ કર્યા વગરનું અનાજ |
|---|---|---|
| પોષકતા | ખૂબ જ ઓછી | ભરપૂર |
| પાચનતંત્ર પર લોડ | જમવાથી એકસાથે પાચનતંત્ર પર લોડ આવે છે. | પાચન ખૂબ જ ધીરે-ધીરે થાય છે. તેથી પાચનતંત્રને તેનું પાચન કરવામાં હળવાશ અનુભવાય છે. |
| લોહીમાં શર્કરાનું પ્રમાણ | લોહીમાં એકસાથે શર્કરાનું પ્રમાણ વધારી દે છે, તેથી ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ હાનિકારક. | લોહીમાં શર્કરાનું પ્રમાણ ખૂબ જ નિયંત્રિત રાખે છે, તેથી ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક. |
| ચરબી | લોહીમાં રહેલી વધારાની શર્કરા ચરબીમાં રૂપાંતરિત થાય છે. હૃદયરોગ માટે ખૂબ જ હાનિકારક. | લોહીમાં શર્કરાનું પ્રમાણ નિયંત્રિત રહેવાથી ચરબી જમા થતી નથી. હૃદયરોગ માટે ખૂબ જ ફાયદાકારક. |

**સફેદ ભાત અને પોલિશ વગરના ભાત જમવાથી શરીરમાં થતી અસર**

**લોહીમાં શર્કરાનું પ્રમાણ**
**Blood Glucose Levels**




**સફેદ ભાત**

શરીરને શરૂઆતમાં જરૂરિયાત કરતાં ખૂબ જ વધારે શક્તિ આપે છે. તેથી તે વધારાની શક્તિ લોહીમાં એકસાથે શર્કરા વધારી દે છે, અને અંતે ચરબીમાં રૂપાંતરિત થાય છે.

**પોલિશ વગરના ભાત**

શરીરને જરૂર પૂરતી જ શક્તિ આપે છે. તેથી પાચનતંત્રને લોડ ન અનુભવાતા લોહીમાં શર્કરાનું માપ ખૂબ જ નિયંત્રિત રાખે છે. આમ વધારાની ચરબી પણ બનતી નથી.

### કોલેસ્ટરોલના ઉપચારઃ

૧) સવારે અને સાંજે અડધી ચમચી હળદર ફાકીને પાણી પીવું. હળદરમાં કર્ક્યુમીન નામનું તત્ત્વ હોય છે. એના સેવનથી કોલેસ્ટરોલ ઓગળી શકે છે.

૨) રોજ ખોરાક સાથે ૨ ચમચી મધ લેવું.

૩) ૧ ચમચી મેથી પાણીમાં પલાળી, સવારે ખૂબ મસળી, ગાળીને પીવું.

૪) અડધી ચમચી સૂકી મેથી દિવસમાં ૨ વાર ફાકવાથી કોલેસ્ટરોલ ઘટે છે.

૫) ૧ ચમચી લીંબુનો રસ, થોડું મધ અને કાળા મરીનો પાવડર ભેગા કરીને ૧ ગ્લાસ હૂંફાળા પાણીમાં લેવું.

૬) ૨ ચમચી ધાણાનો પાવડર ૧ કપ પાણીમાં ઉકાળી, ગાળીને રોજ પીવું.

૭) ૧ ચમચી આમળાનો પાવડર ૧ કપ ગરમ પાણીમાં નાખીને પીવું.

૮) દિવસમાં બે વાર ૨થી ૩ ગ્રામ તજનું ચૂર્ણ મધ સાથે લેવું.

નોંધઃ જે ઉપચારોથી વધુ બ્લડપ્રેશર ઘટે છે તે ઉપચારો કોલેસ્ટરોલ ઘટાડવામાં પણ ઉપયોગી થાય છે.

feedback@bombaysamachar.com
ફોકસ
નિધિ ભટ્ટ

# શું છે આ PMOS?



Polycystic Ovary Syndrome, જેને હાલમાં આંતરરાષ્ટ્રીય મેડિકલ સહમતિ અનુસાર PMOS (Polyendocrine Metabolic Ovarian Syndrome) નામ આપવામાં આવ્યું છે, આજના સમયમાં મહિલાઓમાં ઝડપથી વધતી જતી એક સામાન્ય હોર્મોનલ અને મેટાબોલિક સમસ્યા છે.

આ માત્ર અનિયમિત પિરિયડ્સ સુધી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર શરીરના સ્વાસ્થ્ય પર અસર કરી શકે છે. ઘણી મહિલાઓમાં વજન વધવું, ખાસ કરીને પેટ અને કમરના આસપાસ ચરબી જમા થવી, વાળ ખરવા, ચહેરા પર પિમ્પલ્સ, થાક, mood swings થવો અને અનિયમિત માસિક જેવી સમસ્યાઓ જોવા મળે છે કેટલીક મહિલાઓમાં ચહેરા અથવા શરીર પર અનિચ્છનીય વાળ વધવા તેમજ ગળા અથવા underarms કાળા પડવા જેવી સમસ્યાઓ પણ તેના સંકેતો હોઈ શકે છે.

સંતુલિત આહાર અને સ્વસ્થ જીવનશૈલી PCOS/PMOSને નિયંત્રિત કરવામાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. Protein અને fiber થી ભરપૂર ખોરાક ખાસ ફાયદાકારક માનવામાં આવે છે. દાળ, ચણા, રાજમા, પનીર, દહીં, Greek yogurt, tofu, sprouts અને eggs જેવા protein sources લાંબા સમય સુધી પેટ ભરેલું રાખવામાં મદદ કરે છે તેમજ blood sugar ને stable રાખે છે. જ્યારે લીલી શાકભાજી, સલાડ, કાકડી, ગાજર, દુધી, ભીંડા, પાલક, મેથી, broccoli, oats, chia seeds અને flax seeds જેવા fiber-rich foods પાચન સુધારવામાં અને hormones balance કરવામાં મદદરૂપ બને છે.

Carbohydrates સંપૂર્ણપણે બંધ કરવાની જરૂર નથી, પરંતુ યોગ્ય પ્રકારના carbs પસંદ કરવું વધુ મહત્ત્વનું છે. ઘઉંની રોટલી, જ્વાર, બાજરી, રાગી, oats, brown rice અને શક્કરિયા વધુ સારા વિકલ્પો માનવામાં આવે છે. જ્યારે મેંદો, સફેદ બ્રેડ, bakery products, વધુ મીઠાઈ, cold drinks, તળેલા snacks અને processed food ઓછા પ્રમાણમાં લેવા જોઈએ, કારણ કે તે insulin resistance અને શરીરમાં inflammation વધારી શકે છે.

Healthy fats પણ hormonal health માટે જરૂરી છે. બદામ, અખરોટ, pumpkin seeds, chia seeds, flax seeds, મર્યાદિત માત્રામાં ઘી અને olive oil શરીરને જરૂરી પોષણ પૂરું પાડવામાં મદદ કરે છે. ફળોમાં apple, pear, berries, orange, guava અને papaya સારા વિકલ્પો છે, જ્યારે ખૂબ મીઠાં ફળો અને packaged fruit juices નું સેવન મર્યાદિત રાખવું વધુ સારું માનવામાં આવે છે.

બપોરના ભોજનમાં રોટલી, દાળ, શાકભાજી, સલાડ અને દહીંનું સંતુલિત સંયોજન શરીરને જરૂરી પોષણ પૂરું પાડે છે અને blood sugar ને stable રાખવામાં મદદ કરે છે. જ્યારે રાત્રિભોજન હળવું અને સમયસર લેવું PCOS management માટે વધુ ફાયદાકારક માનવામાં આવે છે, જેમ કે soup with paneer, dal with vegetables અથવા khichdi with saladd.

Cold drinks, વધુ ખાંડ, મીઠાઈઓ, fried snacks, packaged food અને fast food ઓછું કરવાથી PCOS/PMOSનાં લક્ષણોમાં ઘણો સુધારો જોવા મળી શકે છે.

યોગ્ય આહાર સાથે નિયમિત exercise પણ એટલી જ જરૂરી છે. રોજ walking કરવું, ખાસ કરીને ભોજન પછી ૧૦-૧૫ મિનિટ ચાલવું, blood sugar control કરવામાં મદદરૂપ બને છે. Strength training metabolism સુધારવામાં, પેટની ચરબી ઘટાડવામાં અને insulin sensitivity વધારવામાં સહાયક બને છે. પૂરતી ઊંઘ અને stress management પણ hormone balance માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ઘણી મહિલાઓમાં perimenopause અથવા menopause દરમિયાન PCOS જેવી સમસ્યાઓ વધુ સ્પષ્ટ અનુભવાય છે, જેમ કે પેટની ચરબી વધવી, breast heaviness, fatigue અને metabolism ધીમું થવું. આવા સમયમાં high-protein diet, નિયમિત exercise અને controlled calorie intake ખાસ ફાયદાકારક સાબિત થાય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે Polycystic Ovary Syndrome / PMOS ને યોગ્ય આહાર, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ અને સંતુલિત જીવનશૈલી દ્વારા ઘણી હદ સુધી નિયંત્રિત કરી શકાય છે. નાની-નાની healthy habits લાંબા ગાળે શરીર અને સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર કરી શકે છે. તો ચાલો, આજે જ એક સાચી શરૂઆત કરીએ. પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીએ, યોગ્ય ખોરાક અપનાવીએ, નિયમિત exercise કરીએ અને નવી generation ને પણ healthy lifestyle તરફ પ્રેરિત કરી એમ નાના બદલાવ જ ભવિષ્યમાં મોટાં પરિણામો લાવે છે અને જાગૃતિ જ સારા સ્વાસ્થ્ય તરફનું પહેલું પગલું છે. ■

# દાદરમાં બેસ્ટની બસના અકસ્માતમાં બાઈકસવારનું મોતઃ છ જખમી

## ઘટનાની તપાસ માટે બેસ્ટ દ્વારા ચાર સભ્યોની સમિતિની સ્થાપના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દાદરમાં સોમવારે સવારે પીક અવર્સમાં ધારાવી ડેપોથી વીર કોટવાલ ઉદ્યાન (પ્લાઝા) થઈને દોડતી બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની એક ઈલેક્ટ્રિક બસનો ભીષણ એક્સિડન્ટ થયો હતો, જેમાં બેસ્ટની અડફેટમાં આવેલા બાઇક સવારનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. તો અન્ય છ લોકો ગંભીર રીતે જખમી થયા હતા. બેસ્ટની બસની એક્સિડન્ટની દુર્ઘટનાની તપાસ માટે બેસ્ટ પ્રશાસન દ્વારા ચાર સભ્યોની એક સમિતિની સ્થાપના કરવામાં આવી છે, જેને તાત્કાલિક તપાસ કરીને અહેવાલ સુપરત કરવાની સૂચના આપવામાં આવી છે. શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં આ દુર્ઘટના બાદ કેસ નોંધવામાં આવ્યો હતો.

બેસ્ટ પ્રશાસનના જણાવ્યા અનુસાર રૂટ નંબર ૪૬૩ પર ઇવી ટ્રાન્સ કંપનીની ઓલેક્ટ્રા કંપનીની કૉન્ટ્રેક્ટ પર લીધેલી બસ દોડે છે. સોમવારે સવારના ૯.૩૦ વાગ્યાની આસપાસ વીર કોટવાલ ઉદ્યાનથી ધારાવી જઈ રહેલી ૪૬૩ નંબરની બસ રસ્તા પર ઊભેલી ક્રેન અને ટેક્સી સાથે જોશભેર અથડાઈ હતી. આ એક્સિડન્ટમાં બે બાઇક, એક ટેક્સી અને એક ખાનગી ટેક્સીને નુકસાન થયું હતું. તેમ જ એક્સિડન્ટમાં બસના બે બેસ્ટ ઈન્સ્પેકટર અને બસના કંડક્ટર પણ જખમી થયા હતા. હાલ તેમની સાયન હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. એક્સિડન્ટ બાદ દાદરમાં સવારના ટ્રાફિક જૅમ થઈ ગયો હતો અને કલાકો સુધી ટ્રાફિકની સમસ્યા રહી હતી.

દાદર પ્લાઝા થિયેટર નજીક સવાર બેસ્ટના એક્સિડન્ટને આંખે જોનારા આઈ વીટનેસના કહેવા મુજબ બસના ડ્રાઈવરે કદાચ બસ પરથી કંટ્રોલ ગુમાવી દીધો હતો અને તે સ્પીડમાં આવી હતી ત્યાં ઊભી રહેલી ટેક્સી અને એક ક્રેન સાથે જોશભેર ભટકાઈને આગળ ગઈ હતી અને ત્યાં આગળ રહેલા બે બાઈકસવાર, બે કાર અને એક કેબ સહિત રાહદારીને અડફેટમાં લીધા હતા જેમાં બસના અધિકારીનો પણ ત્યાં ઊભા હતા.

સોમવારે સવાર પીકઅવર્સમાં એક્સિડન્ટ થતા ઘટનાની જાણ થતાં જ આસિસ્ટન્ટ ડેપો મેનેજર, અકસ્માત વિભાગના અધિકારી અને વરલીના સુપરવાઇઝરી સ્ટાફ ઘટનાસ્થળે તેમજ હૉસ્પિટલ પર દોડી ગયા હતા. બેસ્ટ પ્રશાસને કહ્યું હતું કે જખમીઓને તાત્કાલિક તબીબી સહાય મળે તે સુનિશ્ચિત કરવા વહીવટીતંત્રે જરૂરી પગલાં લીધા છે. ■

### ડ્રાઈવરની ટ્રેનિંગ સામે પ્રશ્નાર્થ

સોમવારે જે બસનો અકસ્માત થયો હતો તેના ડ્રાઇવરની ટ્રેનિંગ પર સવાલ થઈ રહ્યા છે. બસનો ડ્રાઇવર વિકાસ પડવે જાન્યુઆરી ૨૦૨૦ થી વેટ લીઝ ઓપરેટર એસએમટીએપીએલમાં કામ કરતો હતો. માર્ચ ૨૦૨૧થી તે ઈવી ટ્રાન્સ (ઓલેક્ટ્રા) સાથે કામ કરી રહ્યો છે અને તેને ઇલેક્ટ્રિક બસ ચલાવવાનો અનુભવ હોવાનું બેસ્ટ ઉપક્રમે જણાવ્યું હતું.



## કૉન્ટ્રેક્ટ પર લીધેલી બસના ડ્રાઈવરને ચાર અઠવાડિયાની ટ્રેનિંગ

મુંબઈ: મુંબઈમાં બેસ્ટ ઉપક્રમે ભાડા પર લીધેલી કૉન્ટ્રેક્ટની બસના એક્સિડન્ટનું પ્રમાણ વધી રહ્યું હોવાથી બેસ્ટ પ્રશાસન દ્વારા ડ્રાઈવરો માટે ચાર અઠવાડિયાથી ટ્રેનિંગ ફરજિયાત કરવામાં આવવાની હોવાનું જાણવા મળ્યું છે. આર્થિક ખોટને પગલે પોતાની માલિકીની ખરીદવાને બદલે બેસ્ટ દ્વારા ભાડા પર (લીઝ) પર બસ લેવામાં આવી છે પણ ભાડા પર લીધેલી બસના ડ્રાઈવરને અપૂરતી ટ્રેનિંગ મળતી હોવાને કારણે એક્સિડન્ટનું પ્રમાણ વધી રહ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

બેસ્ટના નિયમિત બસ ડ્રાઈવરોને દોઢ મહિનાની ટ્રેનિંગ આપ્યા બાદ ફરજ પર રજૂ કરવામાં આવે છે, તો ભાડા પરની બસના ડ્રાઈવરોને માત્ર મિની બસના અનુભવને આધારે મોટી બસ ચલાવવા માટે આપી દેવામાં આવે છે અને ભાડા પરની બસના ડ્રાઈવર બસ ચલાવવા માટે પૂરતી ટ્રેનિંગ મળતી ન હોવાથી ભીડવાળા અને સાંકડા વિસ્તારમાં ગાડી ચલાવતા સમયે ગાડી પરનું નિયંત્રણ છૂટી જવાથી એક્સિડન્ટ થતા હોવાનું જણાઈ આવ્યું છે. તેથી ભાડાની બસના ડ્રાઈવરના ટ્રેનિંગનો સમયગાળો વધારવાની માગણી થઈ રહી છે તે મુજબ બેસ્ટ ઉપક્રમે હવે કૉન્ટ્રેક્ટ પરના ડ્રાઈવરને ઈલેક્ટ્રિક બસ દોડાવવા માટે ચાર અઠવાડિયાનું પ્રશિક્ષણ આપવાનું ફરજિયાત કરવાની હોવાનું જાણવા મળ્યું છે. ■

# રાજ્યસભા પેટાચૂંટણી માટે એનસીપીના રાજેન્દ્ર જૈને ઉમેદવારી નોંધાવી

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદના ભૂતપૂર્વ સભ્ય રાજેન્દ્ર જૈને સોમવારે ૧૮ જૂને યોજાનારી રાજ્યસભા પેટાચૂંટણી માટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી) ના ઉમેદવાર તરીકે નામાંકન દાખલ કર્યું હતું. જાન્યુઆરીમાં પુણેના બારામતી ખાતે વિમાન દુર્ઘટનામાં તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના મૃત્યુ બાદ રાજ્ય સરકારમાં જોડાયેલા નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના રાજીનામાને કારણે આ પેટાચૂંટણી જરૂરી બની છે.

જૈનના ઉમેદવારી પત્ર ભરવા દરમિયાન રાજ્યસભાના સભ્યો પ્રફુલ્લ પટેલ અને પાર્થ પવાર, મહારાષ્ટ્ર એનસીપીના પ્રમુખ અને લોકસભાના સભ્ય સુનીલ તટકરે અને રાજ્ય પ્રધાન છગન ભુજબળ તેમની સાથે હતા. મહાયુતિ ગઠબંધનના પ્રધાનો આશિષ શેલાર (ભાજપ) અને ભરત ગોગાવલે (શિવસેના) અને એનસીપીના અનેક વિધાન સભ્યો પણ હાજર હતા. સોમવારે ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો.રાજેન્દ્ર જૈન બિનહરીફ જીતશે તેવી અપેક્ષા છે કારણ કે ભાજપ, એનસીપી અને એકનાથ શિંદેની શિવસેનાનો સમાવેશ કરતી મહાયુતિ વિધાનસભામાં બહુમતી ધરાવે છે. (પીટીઆઈ)■

## ભુજબળે રાજ્યસભામાં જવું જોઈતું હતુંઃ સુપ્રિયા સુળે

મુંબઈ: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ સોમવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના પ્રધાન છગન ભુજબળના નેતૃત્વની કુશળતા રાજ્ય પૂરતી સીમિત ન રહેવી જોઈએ. જો તેમને રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા હોત તો દેશને તેમની સંસદીય કુશળતાનો લાભ મળી શક્યો હોત. ભુજબળની રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાઓ વિશેના પ્રશ્નોના જવાબમાં સુળેએ નવી દિલ્હીમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું કે અનુભવી ઓબીસી નેતા રાષ્ટ્રીય રાજકારણમાં જવા ઈચ્છતા હોય તો તેમાં કશું ખોટું નથી.

બારામતીનાં સંસદસભ્યએ એમ પણ જણાવ્યું હતું કે રાજકીય વર્તુળોમાં ભુજબળ હંમેશાં આદરણીય રહ્યા છે. તેમને રાષ્ટ્રીય સ્તરે મહત્ત્વની જવાબદારી મળવી જોઈએ એવું હું અનેક વર્ષોથી માનું છું.તેમના નેતૃત્વનો લાભ કેવળ મહારાષ્ટ્રને જ નહીં, સમગ્ર દેશને મળવો જોઈએ. ભુજબળને રાજ્યસભામાં નોમિનેટ કરવામાં આવ્યા હોત તો ભારતને એક અગ્રણી રાષ્ટ્રીય નેતા મળી શક્યો હોત. (પીટીઆઈ)■

## ઉમેદવારી નહીં મળવાથી નારાજ નથીઃ ભુજબળ

મુંબઈ: રાજ્યસભામાં નોમિનેશન ન મળવાને કારણે પોતે નારાજ છે એવી અટકળો ફગાવી મહારાષ્ટ્રના પ્રધાન અને એનસીપી નેતા છગન ભુજબળે સોમવારે રમૂજમાં જણાવ્યું હતું કે 'હું કબડ્ડી ખેલાડી છું, ચેસ ખેલાડી નથી. ભવિષ્યમાં સંસદીય પદ તેમને મળી શકે છે.'

નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના રાજીનામાને કારણે ખાલી પડેલી બેઠક માટે ૧૮ જૂને યોજાનારી રાજ્યસભા પેટાચૂંટણી માટે ભુજબળને મુખ્ય દાવેદાર માનવામાં આવતા હતા,. જોકે, એનસીપીએ રાજેન્દ્ર જૈનને ઉમેદવારી આપી છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ભુજબળે જણાવ્યું હતું કે તેમણે રાજ્યસભામાં પ્રવેશવાની ઇચ્છા વ્યક્ત કરી છે અને સૂચન કર્યું છે કે અન્ય રાજકીય પરિવારોને લાગુ પડતું માપદંડ તેમને પણ લાગુ કરવામાં આવે. હું રાજ્ય સભામાં જવા માંગુ છું. હું લોકસભામાં પણ જવા માંગુ છું. ચાર-પાંચ વાર તક ઊભી થઈ, પણ મને કોઈ આપવામાં ન આવ્યું. જે રાજકીય નેતાઓના પરિવારના સભ્યો સંસદ અને સરકારમાં એકસાથે હોદ્દા પર હોય છે એમનો ઉલ્લેખ કરી ભુજબળે કહ્યું હતું કે 'આવા ઘણા ઉદાહરણો છે અને જાહેર જીવનમાં દાયકાઓ સુધી કામ કર્યા પછી તેમને પણ આવી જ તક મળવી જોઈએ. આ જ સિદ્ધાંત મને પણ લાગુ પડવો જોઈએ. મારા પુત્ર (તેમના ભત્રીજા અને ભૂતપૂર્વ સંસદસભ્ય સમીર ભુજબળનો ઉલ્લેખ કર્યો)ને પ્રધાન બનાવી શકાય અને હું રાજ્ય સભામાં જઈ શકું છું. (પીટીઆઈ)■

# ટેલિકોમ કંપની પર એક વારનો સ્પેક્ટ્રમ ચાર્જ લગાડવાની સરકારને સત્તા નથીઃ હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયાને રાહત આપતા કેન્દ્ર સરકારના ૨૦૧૨ના ટેલિકોમ કંપનીઓ પર એક વખતના સ્પેક્ટ્રમ ચાર્જ લાદવાના નિર્ણયને રદ કર્યો હતો. આ સ્પેક્ટ્રમ ચાર્જ સરકારે ૨૦૧૨માં લગાડ્યો હતો, પરંતુ એને ૨૦૦૯થી અમલમાં મૂક્યો હતો.

જસ્ટિસ મનીષ પિતલે અને જસ્ટિસ શ્રીરામ શિરસાટની બેન્ચે કેન્દ્ર સરકારની વન ટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ (ઓટીએસસી) માગતી નોટિસને પણ રદ કરી હતી. હાઈ કોર્ટે એવી નોંધ લીધી હતી કે સરકારે આ નિર્ણય લેવાની અને ડિમાન્ડ નોટિસ કાઢવાની તેની કોઈ સત્તા બતાડી નહોતી.

બેન્ચે નિરીક્ષણ કર્યું હતું કે સરાકરે જાહેર હિતના નામે ટેલિકોમ કંપની અને સરકાર વચ્ચેના કોન્ટ્રાક્ટ અને લાયસન્સની શરતોને આંબીને કાર્યવાહી કરી હતી. આવા નિર્ણય લેવાના સરકારનો અધિકાર સરકાર બતાડી શકી નહોતી.

અદાલતે ચુકાદો આપ્યો હતો કે સરકાર તેના એકપક્ષી નિર્ણયને ન તો કરાર કે લાયસન્સ એગ્રીમેન્ટની શરતો કે બંધારણીય જોગવાઈ પ્રમાણે વાજબી ઠરાવી શકી નથી. આથી આ ગેરકાયદેસરતા બતાડે છે અને આ નિર્ણયને બાજુ પર મૂકવામાં આવે છે.

બે કંપનીઓ તેમની અરજીમાં દલીલ કરી હતી કે સરકાર પાસે ટેલિગ્રાફ ધારાની જોગવાઈઓ હેઠળ એક વાર સ્પેક્ટ્રમ ચાર્જ લેવાનો અને એ પણ જૂની સાલથી લેવાનો કઈ અધિકાર નથી.

આઠ નવેમ્બર,૨૦૧૨એ કેન્દ્રના પ્રધાનમંડળે એક વાર ચાર્જ લેવાનો નિર્ણય લીધો હતો. આ ચાર્જ ૨૦૦૮થી ૬.૨ મેગા હટ્ઝથી વધારે ફ્રીકવન્સી હોય એના પર લેવાનો હતો. અરજદારો વોડાફોન અને ભારતી એરટેલને સરકાર દ્વારા નોટિસ મોકલવામાં આવી હતી. (એજન્સી) ■

# ડુંગરાળ વિસ્તારના ઝૂંપડાઓને સુરક્ષિત સ્થળાંતરની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસામાં ડુંગરાળ વિસ્તારમાં આવેલા ઝૂંપડાઓ પર ભેખડ તૂટી પડવાને કારણે જાનહાનિનું જોખમ વધી જતું હોવાને કારણે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈના જુદા જુદા વિસ્તાર ડુંગરાળ વિસ્તારના રહેવાસીઓને સલામત સ્થળે સ્થળાંતર કરવાની અપીલ કરવામાં આવી છે.

પાલિકાના 'એસ' વોર્ડમાં આવતા વિક્રોલી અને ભાંડુપ વિસ્તારોના ડુંગરાળ વિસ્તારોમાં રહેતા ઝૂંપડપટ્ટીવાસીઓને સલામત સ્થળોએ સ્થળાંતર કરવાની પાલિકાએ અપીલ કરી છે. છે. પ્રશાસને વિક્રોલી પશ્ચિમમાં આવેલા સૂર્યનગર, પવઈમાં ઈન્દિરાનગર, ગૌતમ નગર, પાસપોલી, જયભીમ નગર અને રમાબાઈ આંબેડકર નગર એક અને બે, નારદાસ નગર, ગાંવદેવી ટેકડી, ગાંવદેવી માર્ગ, ટેમ્ભીપાડા, રાવતે કમ્પાઉન્ડ, ખિંડીપાડા, રામનગર, હનુમાન નગર, હનુમાન ટેકડી, અશોક ટેકડી, અંબાચી ભરણી વિસ્તારમાં ઢોળાવ પર રહેતા ઝૂંપડપટ્ટીવાસીઓને ચેતવણી આપી છે. ચોમાસા દરમ્યાન ભારે વરસાદને કારણે ભેખડ ધસી પડવાના, વરસાદને કારણે ડુંગરાળ વિસ્તારમાંથી વહેતા પાણીના પ્રવાહને કારણે ભેખડ ધસી પડવાના અને નાળાઓમાં પાણી ભરાવાની શક્યતાને કારણે ઝૂંપડા ધોવાઈ જવાની શક્યતા રહેલી છે.■

# ફડણવીસે ૬૫ મહારેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

## મહારાષ્ટ્રને રેલવે લેવલ ક્રોસિંગ-મુક્ત રાજ્ય બનાવવાનું વચન આપ્યું

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે રાજ્ય રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (મહારેલ) હેઠળ ૬૫ રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને મંજૂરી આપી અને અધિકારીઓને રાજ્યને રેલવે લેવલ ક્રોસિંગ મુક્ત બનાવવા માટે કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

મહારેલની બેઠકની અધ્યક્ષતા કરતા, ફડણવીસે જણાવ્યું હતું કે ,જ્યાં જમીન સંપાદનની જરૂરિયાતો ઓછી હોય અને ૨૫,૦૦૦ થી એક લાખની રેન્જમાં ટ્રેન વ્હીકલ યુનિટ ધરાવતા રસ્તાઓ પર સ્થિત પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા આપવી જોઈએ. ટ્રેન વ્હિકલ યુનિટ એ એક ગણિતિક માપદંડ છે જેનો ઉપયોગ મુખ્યત્વે રેલવે દ્વારા લેવલ ક્રોસિંગ (એલસી) ગેટ પર ટ્રાફિક ગીચતા માપવા માટે કરવામાં આવે છે. તેની ગણતરી ૨૪ કલાકના સમયગાળામાં પસાર થતી ટ્રેનોની સંખ્યાને રોડ વ્હીકલ યુનિટની સંખ્યા દ્વારા ગુણાકાર કરીને કરવામાં આવે છે.

ફડણવીસે અધિકારીઓને વધતા શહેરીકરણ અને ભવિષ્યની પરિવહન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મેટ્રોપોલિટન વિસ્તારોમાં રેલવે કોરિડોરની આસપાસ માળખાગત સુવિધાઓનું આયોજન કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

સરકારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના શહેરી કેન્દ્રોમાં કુલ ૮૦ રેલવે માળખાગત પ્રોજેક્ટ્સ પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૭ પ્રોજેક્ટ્સ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં, ૧૫ પુણેમાં, ૧૩ નાગપુરમાં, ૫ નાશિક અને અમરાવતીમાં છે, અને બાકીના પ્રોજેક્ટ્સ રાજ્યના અન્ય શહેરોમાં છે. ફડણવીસે સત્તાવાળાઓને મહારેલ દ્વારા પ્રોજેક્ટ્સ હાથ ધરતા પહેલા તેની ચકાસણી કરવા માટે મ્યુનિસિપલ કમિશનરો અને જિલ્લા કલેક્ટરોની બનેલી સમિતિઓની રચના કરવા જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાને નાગપુરમાં નવા બનેલા ફ્લાયઓવર જંકશન પર ટ્રાફિક જામ થવાની શક્યતા પણ દર્શાવી હતી અને આ સમસ્યાને ઉકેલવા માટે આગોતરા આયોજન માટે હાકલ કરી હતી. તેમણે અધિકારીઓને અમરાવતી-બડનેરા રૂટ પર હાલના જૂના પુલની જગ્યાએ નવો રેલવે ઓવરબ્રિજ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

ફડણવીસે અધિકારીઓને HUDCO દ્વારા પ્રોજેક્ટ્સ માટે ભંડોળની વ્યવસ્થા કરવા અને ખર્ચ ઘટાડવા જણાવ્યું. તેમણે મહારેલને જાહેર બાંધકામ વિભાગ હેઠળ લાવવાની પ્રક્રિયા ઝડપી બનાવવા અને રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ થયેલા કામો માટે ચુકવણી તાત્કાલિક ચૂકવવા નિર્દેશ પણ આપ્યો.

જાહેર બાંધકામ પ્રધાન શિવેન્દ્રસિંહરાજે ભોંસલેએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકમાં હાજરી આપી હતી, જ્યારે રાજ્યપ્રધાન ઇન્દ્રનીલ નાઈક અને ધારાસભ્ય પ્રસાદ લાડ હાજર રહ્યા હતા. (પીટીઆઈ)■

# બારામતીની હૉસ્પિટલમાં સુનેત્રા પવારની અજિત પવાર સ્ટાઈલમાં સરપ્રાઇઝ વિઝિટ

### ડોક્ટરો-કર્મચારીઓને ખખડાવ્યા

પુણેઃ મહારાષ્ટ્રના દિવંગત નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર તેમની કડક શિસ્ત, વહીવટી પકડ અને સ્વચ્છતાના આગ્રહ માટે જાણીતા હતા, જેના કારણે બારામતીની સરકારી સંસ્થાઓમાં તેમનો ભારે દબદબો હતો. અજિત પવારના અવસાન બાદ નાયબ મુખ્ય પ્રધાન પદનો કાર્યભાર સંભાળનાર સુનેત્રા પવારમાં પણ હવે અજિત દાદા જેવી જ કડક શૈલી જોવા મળી છે. તાજેતરમાં એક વીડિયો સામે આવ્યો હતો જેમાં સુનેત્રા પવાર મહિલા કર્મચારીઓની કામચોરી કે શિસ્તહીનતા બદલ તેમને ઠપકો આપતા જોવા મળ્યાં હતાં.

કોઈપણ પૂર્વ સૂચના વિના, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે રવિવારે બારામતીની સરકારી હોસ્પિટલની અચાનક મુલાકાત લીધી હતી. તેમણે આરોગ્ય સેવાઓ, સ્વચ્છતા અને દવાના પુરવઠાની સમીક્ષા કરી તેમજ દર્દીઓ સાથે વાતચીત કરીને તેમની મુશ્કેલીઓ જાણી હતી. આ સાથે જ, તેમણે કામમાં બેદરકારી દાખવતા કર્મચારીઓને કડક ચેતવણી પણ આપી હતી અને તેમને જવાબદારીપૂર્વક અને તાત્કાલિક કામ કરવા સૂચના આપી હતી.

હોસ્પિટલની તપાસ દરમિયાન ગંદકી જોવા મળતા સુનેત્રા પવારે મહિલા કર્મચારીઓને ખખડાવ્યા હતા, 'આ શું ગંદકી છે, આખો દિવસ શું કરો છો, બસ મોબાઈલ જ જુઓ છો?' એવા શબ્દોમાં સુનેત્રા પવારે હોસ્પિટલની મહિલા કર્મચારીઓને ખખડાવી નાખી હતી.

તેમણે ડોક્ટરો અને અધિકારીઓને પણ કડક ચેતવણી આપી પ્રશાસનને સ્વચ્છતા જાળવવાના નિર્દેશ આપ્યા. સાથે જ, સામાન્ય નાગરિકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળે તે માટે તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો.

આ માત્ર એક ઔપચારિક મુલાકાત નહોતી, પરંતુ લોકોની સમસ્યાઓ પ્રત્યેની સંવેદનશીલતા અને વહીવટીતંત્ર પર તેમની પકડ દર્શાવતું પગલું હતું. સુનેત્રા પવારની આ કાર્યશૈલી, શિસ્ત અને તત્પરતામાં લોકોને નાયબ મુખ્યપ્રધાન અજિતદાદા પવારના વારસા અને પ્રતિબિંબની ઝલક જોવા મળી રહી છે. બારામતીની આરોગ્ય વ્યવસ્થામાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે તેમના આ પ્રયાસો ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ■

# નિયમ તોડવા પર ખાનગી બસો સામે કડક કાર્યવાહીની ચેતવણી

અકોલા : મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે સોમવારે ચેતવણી આપી હતી કે જો ખાનગી બસોનાં વાહનો એમએસઆરટીસી બસ સ્ટેન્ડની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરશે અને મુસાફરોને લલચાવશે તો તેમના ડ્રાઇવરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

અકોલા શહેરના સેન્ટ્રલ બસ સ્ટેન્ડનું નિરીક્ષણ કર્યા પછી, સરનાઈકે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી) માં આઇપીએસ-રેન્કના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે જેથી ખાનગી બસોના ડ્રાઇવરો સામે ફોજદારી કેસ નોંધવા સહિત યોગ્ય કાર્યવાહી થાય.

પહેલી જૂનથી મુસાફરો માટે શૌચાલયનો ઉપયોગ મફત કરવામાં આવ્યો છે, છતાં મહારાષ્ટ્રનાં ઘણાં બસ સ્ટેશનો પર સ્વચ્છતાના અભાવ અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

''એક વ્યાપક સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, અને સ્વચ્છતા અને સમારકામના કામો તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે,'' તેમણે ઉમેર્યું. (પીટીઆઈ)■

### નાશિક ધર્માંતરણ કેસ

# તાર મલેશિયા-પાકિસ્તાન સુધીઃ સંજય નિરુપમનો મોટો દાવો

નાશિકઃ નાશિક આઈટી કંપની ધર્માંતરણ કેસના તાર હવે મલેશિયા અને પાકિસ્તાન સાથે જોડાયા હોવાનું સામે આવ્યું છે. શિવસેના નેતા સંજય નિરુપમે આક્ષેપ કર્યો હતો કે આ એક ઈન્ટરનેશનલ રેકેટ છે, જેમાં એમઆઇએમ પક્ષની મોટી ભૂમિકા છે. આ કેસમાં મોટા પાયે ફંડિંગ થયું હોવાથી, આરોપીઓને પૈસા કોણ અને ક્યાંથી આપતું હતું તેની કડક તપાસ કરવાની માગ નિરુપમે કરી હતી.

સંજય નિરુપમે જણાવ્યું કે ટીસીએસ ધર્માંતરણ કેસમાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે વધુ ૯ એફઆઇઆર નોંધી છે અને નવી ચાર્જશીટ ચોંકાવનારી છે. ડેનિશ શેખ, તૌફિક અને નિદા ખાન નાની ઉંમરની હિન્દુ યુવતીઓને ટાર્ગેટ કરી, વીડિયો બતાવીને તેમનું બ્રેઈનવોશ કરતા અને ધર્માંતરણ માટે દબાણ કરતા હતા. નિદા ખાને પોતે નમાઝ શીખવતી હોવાની કબૂલાત કરી હતી. આ એક મોટું ષડયંત્ર છે અને તેની પાછળ કોણ છે તેની તપાસ ચાલી રહી છે.

આગળ બોલતા નિરુપમે જણાવ્યું કે, 'એક આરોપીને મલેશિયા મોકલવાનું આયોજન હતું અને તેની તમામ જવાબદારી ઈમરાન પાસે હતી. આ ઈમરાન કોણ છે તેની શોધખોળ ચાલી રહી છે. નિદા ખાન પાકિસ્તાનમાં કોઈના સંપર્કમાં હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે આ શું રમત ચાલી રહી છે તેનો ખુલાસો કરવાની માગ કરવામાં આવી હતી. તમામ કોર્પોરેટ સ્થળોએ પણ આવું જ ચાલી રહ્યું છે કે કેમ તેની તપાસ થવી જોઈએ. ૪૦ દિવસથી ફરાર નિદા ખાન મતીન પટેલના ઘરેથી મળી આવી હતી. તેને એઆઇએમઆઇએમ કોર્પોરેટર દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું હતું.

સંજય નિરુપમે આગળ વાત કરતા કહ્યું કે, આ મામલામાં ટીસીએસ કંપની પણ દોષિત છે. પોશ એક્ટ મુજબ દરેક ઓફિસમાં મહિલાઓ માટે સુરક્ષિત વાતાવરણ હોવું જોઈએ અને તેના માટે પ્રવૃત્તિઓ તેમજ સમિતિ પણ હોવી જોઈએ, પરંતુ તેમણે એવું કંઈ કર્યું નથી, તેઓ પણ દોષિત છે અને તેમને પણ સજા થવી જોઈએ. આપણી તમામ દીકરીઓએ સુરક્ષિત અને સારા વાતાવરણમાં કામ કરવું જોઈએ, તેના માટે એક સારો નિયમ કાયદો બનાવવામાં આવે એવી અમારી માંગ છે. ■

# અગ્રણી નેતાઓના નાશિકમાં ધામાઃ ગિરીશ મહાજનને આંશિક સફળતા

મુંબઈ: રાજ્યની મહા યુતિના પ્રધાનો નાશિકમાં બળવો આંશિક ઓછો કરવામાં સફળ રહ્યા છે. ભાજપના કટોકટી નિવારણ - સંકટમોચન ગિરીશ મહાજન શિવસેનાના પ્રધાન ઉદય સામંત અને અન્ય પ્રધાન દાદા ભૂસે બળવાખોર ઉમેદવાર પ્રસાદ હિરેને મનાવવામાં સફળ રહ્યા છે.

ભાજપના બળવાખોર પ્રસાદ હિરે આખરે નાશિક સ્થાનિક સંસ્થા મતવિસ્તાર વિધાનસભાની ચૂંટણીમાંથી ખસી ગયા છે. ગિરીશ મહાજન, ઉદય સામંત અને દાદા ભૂસેની હાજરીમાં પ્રસાદ હિરેએ શિવસેના શિંદે જૂથના ઉમેદવાર નરેન્દ્ર દરાડેને જાહેરમાં ટેકો આપ્યો હતો. પ્રસાદ હિરેએ દાવો કર્યો હતો કે પ્રધાને માલેગાંવ શહેરના વિકાસ માટે વચન આપ્યું હતું. પ્રસાદ હિરેના ખસી જવાને કારણે, મહાયુતિના નેતાઓ બળવો અટકાવવામાં આંશિક રીતે સફળ રહ્યા છે. જોકે, નરેન્દ્ર દરાડે સામે અપક્ષ ગોકુળ ગીતેનો પડકાર હજુ પણ યથાવત છે. ગોકુળ ગીતે પણ ખસી જશે એવો દાવો મહાયુતિના પ્રધાનોએ કર્યો છે.

ગિરીશ મહાજને જણાવ્યું હતું કે 'અમારું ગઠબંધન પહેલાથી જ નક્કી થઈ ગયું છે. ફોર્મ ભરનારા બંને ઉમેદવારો પોતાની અરજી પાછી ખેંચી લેશે. પ્રસાદ હીરે સાથે બેઠક યોજાઈ હતી. નારપારનો મુદ્દો, માલેગાંવમાં કેટલીક જગ્યાએ બાળકોને હોડીમાં મુસાફરી કરવી પડી રહી છે તેમજ જમીન માફિયાનો મુદ્દો છે. આ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. પ્રસાદ હીરેએ પોતાની અરજી પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે સાથે ચર્ચા થઈ હતી. હીરેએ જાહેરમાં દરાડેને ટેકો જાહેર કર્યો છે.' ■

# દેવેન્દ્ર ફડણવીસ કેન્દ્રમાં પ્રધાન? ભાજપના નેતાએ કડુની ઝાટકણી કાઢી

મુંબઈ: શિવસેનાના નેતા બચ્ચુ કડુએ એકનાથ શિંદેને ફરીથી મુખ્ય પ્રધાન તરીકે જોવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જેના કારણે રાજકીય વર્તુળોમાં વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે. કડુએ જણાવ્યું હતું કે, 'રાજ્યના મુખ્ય પ્રધાન પોતાના જ પક્ષના હોવા જોઈએ, આ દરેક શિવસૈનિકની પ્રમાણિક ભાવના હોઈ શકે છે. સાથે જ દેવેન્દ્ર ફડણવીસને પ્રમોશન મળવું જોઈએ અને એકનાથ શિંદેના હાથમાં રાજ્યનું નેતૃત્વ આવવું જોઈએ.' હવે આના પર ભાજપના નેતા અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

ચંદ્રશેખર બાવનકુળેએ કહ્યું કે મહાયુતિમાં સર્વસંમતિથી દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બન્યા છે અને સરકાર સંપૂર્ણ મજબૂત છે. દરેક કાર્યકર્તાને પોતાના નેતા મુખ્ય પ્રધાન બને તેવી ઈચ્છા હોય તે સ્વાભાવિક છે, પરંતુ નેતાઓએ જાહેરમાં આવી નિવેદનબાજી કરીને વિવાદ ન વધારવો જોઈએ. ફડણવીસ દિલ્હી જશે કે નહીં, તે નક્કી કરવાનો અધિકાર કોઈને નથી. જો કોઈ ગઠબંધનના નિયમોનું પાલન નહીં કરે, તો સમન્વય સમિતિમાં તેના પર ચર્ચા કરવામાં આવશે.■

# ૩ યજમાન
# ૪૮ ટીમ
# ૧૦૪ મેચ

ફૂટબૉલ વર્લ્ડ કપનું કાઉન્ટ ડાઉન શરૂ





ન્યૂ જર્સીઃ અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં ૧૧ જૂનથી શરૂ થઈ રહેલો ફૂટબોલ વર્લ્ડકપ (ફીફા વર્લ્ડકપ) અત્યાર સુધીનો સૌથી મોટો ફૂટબોલ વર્લ્ડકપ હશે. જેમાં પ્રથમવાર ૪૮ ટીમો રમશે અને ૧૦૪ મેચ રમાશે. આ ટુર્નામિન્ટ ૩૯ દિવસ સુધી ચાલશે અને ૧૬ સ્ટેડિયમમાં રમાશે. અગાઉ વર્લ્ડ કપમાં ૩૨ ટીમોએ ભાગ લીધો હતો અને આ પહેલી વાર છે જ્યારે ટૂર્નામેન્ટમાં ૪૮ ટીમો ભાગ લેશે. વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા છેલ્લે ૧૯૯૮માં વધારવામાં આવી હતી.

આ પણ પહેલી વાર છે જ્યારે ત્રણ દેશો સંયુક્ત રીતે વર્લ્ડ કપનું આયોજન કરી રહ્યા છે. અગાઉ જાપાન અને દક્ષિણ કોરિયાએ સંયુક્ત રીતે ૨૦૦૨માં વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું. વર્લ્ડ કપ અમેરિકામાં ૧૧ સ્થળોએ, મેક્સિકોમાં ત્રણ સ્થળોએ અને કેનેડામાં બે સ્થળોએ રમાશે. મેક્સિકો ૧૩ મેચનું આયોજન કરશે, જેમાં ૧૧ જૂને મેક્સિકો સિટીમાં યજમાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચેનો ઓપનિંગ મેચ અને ત્રણ નોકઆઉટ મેચ રમાશે.

કેનેડામાં કુલ ૧૩ મેચ રમાશે જેમાં પહેલી મેચ ૧૨ જૂને ટોરન્ટોમાં યજમાન ટીમ અને બોસ્નિયા-હર્ઝેગોવિના વચ્ચે રમાશે. કેનેડા ત્રણ નોકઆઉટ મેચનું પણ આયોજન કરશે. બાકીની ૭૮ મેચ અમેરિકામાં રમાશે. અમેરિકામાં પહેલી મેચ ૧૨ જૂને લોસ એન્જલસમાં અમેરિકા અને પેરાગ્વે વચ્ચે રમાશે. ક્વાર્ટર-ફાઇનલ, સેમિફાઇનલ અને ફાઇનલ અમેરિકામાં

આંકડાઓ પર નજર કરીએ તો ૪૮ સભ્યોની ટીમમાં રેકોર્ડ ૧૨૪૮ ખેલાડીઓનો સમાવેશ થાય છે, જે ૭૧ દેશોના ૪૪૯ સ્થાનિક ક્લબનું પ્રતિનિધિત્વ કરે છે. આમાંથી ૩૫૭ ખેલાડીઓ અગાઉ વર્લ્ડ કપમાં રમી ચૂક્યા છે, જ્યારે ૮૯૧ પહેલી વાર ભાગ લેશે. ઇંગ્લેન્ડમાં સૌથી વધુ ક્લબ ખેલાડીઓ છે, જેમાં ૨૦૦ ખેલાડીઓ વર્લ્ડ કપનું પ્રતિનિધિત્વ કરે છે. આ પછી જર્મની (૧૦૯), ફ્રાન્સ (૮૬), સ્પેન (૮૬), ઇટલી (૭૧) અને સઉદી અરેબિયા (૪૯) આવે છે. પ્રીમિયર લીગ ટીમ માન્ચેસ્ટર સિટીમાં વર્લ્ડ કપમાં સૌથી વધુ ખેલાડીઓ ભાગ લેશે, જેમાં ૧૯ ખેલાડીઓ હશે. તેમના પછી બેયર્ન મ્યૂનિક (૧૮), ચેમ્પિયન્સ લીગ ફાઇનલિસ્ટ પેરિસ સેન્ટ-જર્મન અને આર્સેનલ (૧૬) અને બાર્સેલોના (૧૫)નો ક્રમ આવે છે.

પોર્ટુગલ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ટૂર્નામેન્ટનો સૌથી અનુભવી ખેલાડી છે. તેણે અત્યાર સુધીમાં ૨૨૬ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. તે આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સી સાથે છ વર્લ્ડ કપમાં ભાગ લેનાર પ્રથમ ખેલાડી બનવા માટે તૈયાર છે. મેસ્સીએ તેની કારકિર્દીમાં સૌથી વધુ વર્લ્ડ કપ મેચ ૨૬ રમી છે. ૨૦૦ આંતરરાષ્ટ્રીય મેચો સુધી પહોંચનાર ત્રીજો ખેલાડી બનવાથી માત્ર બે મેચ દૂર છે. જર્મનીના મિરોસ્લાવ ક્લોઝનો ૧૬ વર્લ્ડ કપ ગોલનો રેકોર્ડ આ વખતે તૂટી શકે છે. મેસ્સીએ વર્લ્ડ કપમાં ૧૩ ગોલ કર્યા છે, જે ફક્ત ક્લોઝ, બ્રાઝિલિયન સ્ટાર રોનાલ્ડો (૧૫) અને ગેર્ડ મુલર (૧૪) થી પાછળ છે. ફ્રાન્સના કિલિયન એમ્બાપ્પે પણ આ રેકોર્ડની રેસમાં સામેલ છે જેણે છેલ્લી બે ટૂર્નામેન્ટમાં કુલ ૧૨ ગોલ કર્યા છે. ફક્ત આઠ દેશોએ વર્લ્ડ કપ જીત્યો છે, જેમાંથી છ ટીમોએ એક કરતા વધુ ટાઇટલ જીત્યા છે. બ્રાઝિલ પાંચ સાથે સૌથી આગળ છે.

ફક્ત બે દેશો સતત બે વખત ચેમ્પિયન બન્યા છે. પેલેના નેતૃત્વમાં બ્રાઝિલે ૧૯૫૮ અને ૧૯૬૨માં ટાઇટલ જીત્યું હતું, જ્યારે ઇટાલી ૧૯૩૪ અને ૧૯૩૮માં જીત્યું હતું. ફ્રાન્સ સતત ત્રીજી ફાઇનલમાં પહોંચનાર ત્રીજો દેશ બનવાનો પ્રયાસ કરશે. તેઓએ અગાઉ ૨૦૧૮માં ટાઇટલ જીત્યું હતું પરંતુ ૨૦૨૨માં હારી ગયું હતું. પશ્ચિમ જર્મની ૧૯૮૨ અને ૧૯૮૬માં ફાઇનલ હારી ગયું હતું, ત્યારબાદ ૧૯૯૦માં આર્જેન્ટિના. બ્રાઝિલ ૧૯૯૪ અને ૨૦૦૨માં જીત્યું હતું, જ્યારે ૧૯૯૮ની ફાઇનલમાં ફ્રાન્સ સામે હારી ગયું હતું.

ઇજિપ્તે સાત વર્લ્ડ કપ મેચ રમી છે અને એક પણ જીતી શક્યું નથી. પહેલા ૨૨ વર્લ્ડ કપમાં ૯૬૪ મેચમાં ૨૭૨૦ ગોલ થયા છે. સૌથી મોટી ઉંમરના ખેલાડી અને સૌથી નાની ઉંમરના ખેલાડી વચ્ચે ૨૫ વર્ષથી વધુનો તફાવત છે. ટુર્નામેન્ટના પહેલા દિવસે સ્કોટલેન્ડના ગોલકીપર ક્રેગ ગોર્ડન ૪૩ વર્ષ અને ૧૬૨ દિવસનો હશે, જ્યારે મેક્સિકોનો ગિલ્બર્ટ મોરા ૧૭ વર્ષ અને ૨૪૦ દિવસનો હશે. ■

## મેક્સિકો પહોંચતા ઈરાનની ફૂટબોલ ટીમે નોંધાવ્યો અનોખો 'વિરોધ', સ્કૂલ હુમલામાં જીવ ગુમાવનાર વિદ્યાર્થિનીઓને યાદ કરી

ટિજુઆના (મૅક્સિકો) : ઇઝરાયલ સાથે તણાવ વચ્ચે ઇરાનની વર્લ્ડ કપ ટીમ મેક્સિકો પહોંચી ગયા છે. ખેલાડીઓ પોતાના જેકેટ પર લેપલ પિન (બ્લેઝર પર લગાવવાની પિન) લગાવી હતી જેના પર '૧૬૮' લખ્યું હતું. આ પિન મિડલ ઈસ્ટમાં યુદ્ધની શરૂઆતમાં એક પ્રાઈમરી સ્કૂલ પર થયેલા મિસાઈલ હુમલાના પીડિતોની યાદમાં લગાવવામાં આવી હતી. રવિવારે મેક્સિકોના તિજુઆનામાં પ્લેનમાંથી ઉતરતા સમયે ખેલાડીઓએ પોતાના જેકેટ પર '૧૬૮' નંબરવાળી સોનાના રંગની પિન લગાવી હતી. આ એ સંખ્યા એ લોકોની હતી જેમનું મોત ૨૮ ફેબ્રુઆરીના રોજ દક્ષિણ ઈરાનના મિનાબમાં શાળા પર થયેલા હુમલામાં થયું હતું જેમાં મોટાભાગના બાળકો હતા.

સોમવારે હંગેરીમાં ઈરાનના દૂતાવાસે સોમવારે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં આ પિનો અને મિનાબની ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. રિવોલ્યુશનરી ગાર્ડ બેઝની નજીક આવેલી શાળા પર થયેલા હુમલાને અગાઉ ઈરાની ટીમ દ્વારા માર્ચમાં તુર્કીના અંતાલ્યામાં એક વોર્મઅપ મેચ અગાઉ ખેલાડીઓએ ગુલાબી અને જાંબલી રંગની સ્કૂલ બેગ પકડી હતી દરમિયાન તેમનું રાષ્ટ્રગીત વાગી રહ્યું હતું.

અમેરિકા કે ઈઝરાયલમાંથી કોઈએ સ્કૂલ પર હુમલાની જવાબદારી લીધી નહોતી. આ હુમલાની સંયુક્ત રાષ્ટ્ર અને માનવાધિકાર જૂથોએ ટીકા કરી હતી. અમેરિકાની સેના આની તપાસ કરી રહ્યું છે અને કહ્યું છે કે તે ક્યારેય નાગરિકોને નિશાન બનાવશે નહીં.

ઈરાનની ફૂટબોલ ટીમ શનિવારે અંતાલ્યાથી પ્રાઈવેટ જેટથી તિજુઆના પહોંચી હતી. બે અઠવાડિયા પહેલા તેઓએ તેમની યોજનાઓ બદલી હતી અને ટક્સન, એરિઝોનાને બદલે મેક્સિકોમાં ટ્રેનિંગ કેમ્પનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો હતો.

ઈરાન તેની ત્રણેય ગ્રૂપ-સ્ટેજ મેચ અમેરિકામાં રમવાની તૈયારી કરી રહ્યું છે. અમેરિકાએ ખેલાડીઓ માટે વીઝા પ્રક્રિયામાં વિલંબ કર્યો છે અને રિવોલ્યુશનરી ગાર્ડ સાથે સંબંધો ધરાવતા ટીમના સભ્યોને વીઝા આપવાનો ઇનકાર કર્યો છે. જોકે, ઈરાની ટીમને અમેરિકામાં ક્યારે પ્રવેશ આપવામાં આવશે તે સ્પષ્ટ નથી. તેઓ ૧૫ જૂને લોસ એન્જલસ નજીક ન્યૂઝીલેન્ડ સામે તેની પ્રથમ મેચ રમવાનું છે. બાદમાં ૨૧ જૂને બેલ્જિયમ સામે રમશે. ત્યારબાદ તેઓ ૨૬ જૂને ઇજિપ્ત સામે રમવા માટે સિએટલ જશે. ■

## સ્પિનરોની કમાલઃ અફઘાનિસ્તાન સામે એક ઈનિંગ અને ૩૦૦ રને ભારત મેળવી ઐતિહાસિક જીત




મુલ્લાંપુરઃ અહીંના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ટેસ્ટ મેચ રમાઈ હતી. ભારતીય ટીમે આ મેચ એક ઇનિંગ અને ૩૦૦ રનથી જીતી લીધી હતી. મેચના ત્રીજા દિવસના ત્રીજા સત્રમાં ભારતે જીત હાંસલ કરી લીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં આ ભારતની સૌથી મોટી ઇનિંગ વિજય હતી. અગાઉ, ભારતે ઓક્ટોબર ૨૦૧૮માં રાજકોટમાં વેસ્ટ ઇન્ડીઝ સામે એક ઇનિંગ અને ૨૭૨ રનથી જીત મેળવી હતી.

ભારતે પોતાની પ્રથમ ઇનિંગ આઠ વિકેટે ૫૬૪ રન પર ડિકલેર કરી હતી અને ત્રીજા દિવસે અફઘાનિસ્તાનને ૧૫૨ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. આનાથી ભારતને ૪૧૨ રનની લીડ મળી અને ટીમ ઇન્ડિયાએ અફઘાનિસ્તાનને ફોલોઓન કરવાની ફરજ પાડી હતી. બીજી ઇનિંગમાં અફઘાનિસ્તાનની બેટિંગ નબળી રહી અને ફક્ત ૧૧૨ રન જ કરી શકી હતી. બીજી ઇનિંગમાં અફઘાનિસ્તાને નવ વિકેટ ગુમાવી દીધી, પરંતુ અશરફ બેટિંગ કરવા આવ્યો નહોતો.

બીજી ઇનિંગમાં અફઘાનિસ્તાન તરફથી સિદ્દિકુલ્લાહ અટલે સૌથી વધુ ૪૨ રન કર્યા હતા. આખી ટીમ ફક્ત ૧૧૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. બીજી ઇનિંગમાં ફક્ત ત્રણ બેટ્સમેન બે આંકડા સુધી પહોંચ્યા હતા. ભારત તરફથી વોશિંગ્ટન સુંદરે ચાર વિકેટ લીધી, જ્યારે કુલદીપ યાદવે ત્રણ બેટ્સમેનોને આઉટ કર્યા હતા. માનવ સુથારને વધુ એક વિકેટ મળી હતી જ્યારે મોહમ્મદ સિરાજે પણ એક વિકેટ લીધી હતી. ભારત તરફથી માનવ સુથારનું પ્રદર્શન શાનદાર હતું. તેની ડેબ્યૂ ટેસ્ટમાં તેણે કુલ સાત વિકેટ ઝડપી હતી જેમાં પ્રથમ ઇનિંગમાં છ વિકેટ અને બીજી ઇનિંગમાં એક વિકેટ લીધી હતી.

અગાઉ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા પછી ભારતીય ટીમે સારી બેટિંગ કરી હતી. કેએલ રાહુલ અને સાઈ સુદર્શને બીજી વિકેટ માટે ૧૩૯ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી સાથે ભારતને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું. કેએલ રાહુલે ૧૬૫ બોલમાં તેની ટેસ્ટ સદી પૂરી કરી હતી. કેપ્ટન શુભમન ગિલે ૧૭૭ બોલમાં ૧૨૬ રન ફટકાર્યા હતા. ભારતે આઠ વિકેટે ૫૬૪ રન પર પોતાનો પહેલો દાવ ડિક્લેર કર્યો હતો. જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ તેના પ્રથમ દાવમાં ૧૫૨ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી અને તેને ફોલોઓન કરવાની ફરજ પડી હતી. પ્રથમ દાવના આધારે ભારતે ૪૧૨ રનની નોંધપાત્ર લીડ મેળવી હતી. ત્યારબાદ અફઘાનિસ્તાનનો બીજો દાવ ફક્ત ૧૧૨ રનમાં પૂર્ણ થયો હતો. ■

## સાતત્ય છે ટેસ્ટ ક્રિકેટમાં સફળતાની ચાવીઃ માનવ સુથાર

મુલ્લાંપુરઃ મુલ્લાંપુરમાં રમાયેલી ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની એકમાત્ર ટેસ્ટ મેચમાં ત્રીજા દિવસે ભારતીય ટીમે એક ઇનિંગ્સ અને ૩૦૦ રનથી જીત મેળવી હતી. આ ઐતિહાસિક જીતનો હીરો યુવા સ્પિનર માનવ સુથાર રહ્યો હતો, જેણે પોતાની ટેસ્ટ ડેબ્યૂમાં કુલ સાત વિકેટ લીધી હતી. તેણે પહેલી ઇનિંગ્સમાં છ અને બીજી ઇનિંગ્સમાં એક વિકેટ લીધી હતી.

માનવ સુથારે સોમવારે કહ્યું હતું કે તેણે પોતાની પ્રથમ ટેસ્ટમાં શીખ મેળવી છે કે ક્રિકેટના સૌથી લાંબા ફોર્મેટમાં સાતત્ય અને ધીરજ સફળતાની ચાવી છે. સાત વિકેટ ઝડપીને મેચમાં 'પ્લેયર ઓફ ધ મેચ' બનનારા સુથારે કહ્યું કે સ્પિનરોને મદદ કરનારી પીચ પર તેની સફળતાનું રહસ્ય એક જ ક્ષેત્ર પર વારંવાર બોલિંગ કરવાનું હતું.

મેચ બાદ સુથારે કહ્યું હતું કે સૌથી મોટો પાઠ એ છે કે સાતત્ય જ બધું છે. તમારે વારંવાર એક જ ક્ષેત્રમાં બોલિંગ કરતા રહેવું પડે છે. મને લાગે છે કે ટેસ્ટ ક્રિકેટમાં તે સૌથી મહત્વપૂર્ણ બાબત છે. તે એક એવું ફોર્મેટ છે જેમાં ઘણી ધીરજની જરૂર હોય છે. મેં આ શીખ્યું છે, ધીરજ રાખો, પોતાની યોજનાઓને વળગી રહો અને સતત યોગ્ય જગ્યા પર બોલિંગ કરતા રહો. ૨૩ વર્ષીય ડાબોડી સ્પિનરે કહ્યું કે ટેસ્ટ ક્રિકેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવું અદ્ભુત લાગણી હતી.

સુથારે કહ્યું કે બોલિંગ કરતા પહેલા બેટિંગ કરવાથી મને પીચની પ્રકૃતિ સમજવામાં મદદ મળી, જેનાથી તેની બોલિંગમાં યોજનાઓ બનાવવામાં મદદ મળી હતી. જ્યારે હું બેટિંગ કરવા ગયો ત્યારે પણ મને ખૂબ જ આરામદાયક લાગ્યું હતું. જેમ જેમ હું બેટિંગ કરવા ગયો અને થોડા બોલનો સામનો કર્યો ત્યારે મને સમજાયું કે પીચ પર સ્પિનરો માટે થોડી મદદ હતી. પછી જ્યારે હું બોલિંગ કરવા આવ્યો અને મે પહેલી ઓવર ફેંકી ત્યારે મને પણ એવી જ લાગણી થઈ. તે પછી મારું એકમાત્ર ધ્યાન યોગ્ય લાઇન, લેન્થ અને સ્પીડનો ઉપયોગ કરવાનું હતું. ■

## ડેબ્યૂ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ બનીને સુથારે રચ્યો ઈતિહાસ



મુલ્લાંપુરઃ અફઘાનિસ્તાન સામેની ઐતિહાસિક એકમાત્ર ટેસ્ટમાં ઇનિંગ્સ અને ૩૦૦ રનની શાનદાર જીત બાદ ટીમ ઇન્ડિયાના યુવા સ્પિનર માનવ સુથારને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. માનવ સુથારે મેચમાં પ્રથમ ઇનિંગ્સમાં બાવીસ ઓવરમાં માત્ર ૩૩ રન આપીને છ વિકેટ લીધી હતી. બાદમાં બીજી ઈનિંગમાં તેને એક વિકેટ મળી હતી.

આ સાથે માનવ તેના ટેસ્ટ ડેબ્યૂમાં આ એવોર્ડ જીતનાર ફક્ત ૯મો ભારતીય ખેલાડી બન્યો હતો. તેણે રોહિત શર્મા અને આર અશ્વિન જેવા દિગ્ગજોના એલિટ ક્લબમાં સ્થાન મેળવ્યું હતું. પ્રવીણ આમરે, આરપી સિંહ, રવિચંદ્રન અશ્વિન, શિખર ધવન, રોહિત શર્મા, પૃથ્વી શો, શ્રેયસ ઐયર, યશસ્વી જયસ્વાલ, માનવ સુથાર ડેબ્યૂ મેચમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતી ચૂક્યા છે. ■

## 'મારે ફક્ત ટી-૨૦ નથી રમવું...'

### વૈભવ સૂર્યવંશીએ સૌથી મોટું સપનું શું છે એ બતાવી દીધું

મુંબઈઃ ૧૫ વર્ષની ઉંમરમાં ભારતની ટી-૨૦ ટીમમાં સ્થાન મેળવીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી યુવાન ભારતીય ખેલાડી તરીકેનો નવો વિક્રમ સ્થાપિત કરનાર વૈભવ સૂર્યવંશીએ કહ્યું છે કે તેનું લક્ષ્ય માત્ર એક જ ફૉર્મેટમાં રમવાનું નથી, તેને ભારત વતી ટેસ્ટ અને વન-ડેમાં પણ રમવું છે.

આ વખતની આઇપીએલમાં તૂફાની બૅટિંગથી સૌથી વધુ ૭૭૬ રન બનાવનાર બિહારના વૈભવે સ્પષ્ટતા કરી દીધી છે કે તેની નજર રેડ બૉલ (ટેસ્ટ ક્રિકેટ) પર પણ છે. તે નિયમિતપણે લાલ બૉલથી પ્રૅક્ટિસ કરે છે. તેનું એવું માનવું છે કે દરેક ફૉર્મેટની ખાસિયત છે અને દરેકમાં ખેલાડી પાસે એ ફૉર્મેટ પર આધારિત અપેક્ષા રાખવામાં આવતી હોય છે અને તેને ખાતરી છે કે તે એ અપેક્ષાને આધારે પર્ફોર્મ કરી શકશે.■

### ટીમ- મૅનેજરને શું કહ્યું?

વૈભવે રાજસ્થાન રૉયલ્સના ટીમ-મૅનેજર રૉમી ભિંડર સાથેની વાતચીતમાં કહ્યું, 'મને ઘણા લોકો પૂછતા હોય છે કે શું ભવિષ્યમાં હું રેડ બૉલથી રમવાનું પસંદ કરીશ કે નહીં? હું તેમને કહું છું કે હું અગાઉ લાલ બૉલથી રમી ચૂક્યો છું અને અત્યારે પણ નિયમિત પ્રૅક્ટિસ કરું જ છું. હું મારા રાજ્ય (બિહાર) વતી ઘણી રેડ-બૉલ મૅચો રમ્યો છું અને હવે પછી પણ રમવાનું પસંદ કરીશ.'■

### આઈપીએલની સફળતાનું રહસ્ય

વૈભવ સૂર્યવંશીએ આ વખતની આઇપીએલમાં ભલભલા મોટા બૅટ્સમેનો કરતાં ચડિયાતું રમીને ૭૭૬ રન બનાવવાની સાથે ઑરેન્જ કૅપ મેળવી એને કારણે ઘણા તેને મર્યાદિત ઓવરોનો (ખાસ કરીને ટી-૨૦નો) જ ખેલાડી માની રહ્યા છે. જોકે વૈભવે એ ધારણા ખોટી હોવાનું કહીને ઉમેર્યું કે 'હું આ ફૉર્મેટ (ટી-૨૦)માં જે રીતે બૅટિંગ કરું છું એનું કારણ એ છે કે એવું રમવું એ ટી-૨૦ ફૉર્મેટની ડિમાન્ડ છે. જ્યારે હું રેડ બૉલથી રમીશ ત્યારે એ ફૉર્મેટ (ટેસ્ટ) મુજબ બૅટિંગ કરીશ. વન-ડે મૅચમાં પણ એ ફૉર્મેટને આધારે મારી બૅટિંગમાં બદલાવ લાવીશ. મારું સપનું ત્રણેય ફૉર્મેટમાં રમવાનું છે. બાકી બધુ ભગવાનના હાથમાં છે.'■

### વૈભવની સાથે મમ્મી-પપ્પા પણ જશે

આ મહિને આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડના પ્રવાસે જનારી ભારતની ટી-૨૦ ટીમમાં ૧૫ વર્ષના સુપરસ્ટાર બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીનો પણ સમાવેશ છે અને તેની સાથે તેના મમ્મી-પપ્પા પણ આ લાંબા પ્રવાસમાં જોડાશે. ભારતીય ટીમ આયરલૅન્ડમાં બે અને ઇંગ્લૅન્ડમાં પાંચ ટી-૨૦ રમશે. પીટીઆઇના અહેવાલ મુજબ વૈભવના પૅરેન્ટ્સના આ પ્રવાસનો ખર્ચ બીસીસીઆઇ ઉપાડશે. ક્રિકેટ બોર્ડનું માનવું છે કે વૈભવની ઉંમર હજી નાની છે એટલે આ લાંબા પ્રવાસમાં તેના મમ્મી-પપ્પા તેની હોવા જોઈએ.■

## બેકર પછી ફ્રેન્ચ ઑપન જીતનાર બીજો જર્મન બન્યો ઝવેરેવ

પેરિસઃ ઍલેક્ઝાન્ડર ઝવેરેવે અહીં રવિવારે ફ્રેન્ચ ઓપન ટેનિસ ગ્રેન્ડ સ્લેમ ચેમ્પિયનશિપના ઇતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખાવી દીધું હતું. તે ગ્રેન્ડ સ્લેમનું ટાઈટલ જીતનાર બોરિસ બેકર પછીનો પ્રથમ જર્મન પુરુષ ખેલાડી બન્યો છે. બોરિસ બેકર ૧૯૯૬માં ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યો ત્યાર પછી જર્મનીનો એક પણ પુરુષ ખેલાડી ગ્રેન્ડ સ્લેમ ટાઇટલ નહોતો જીતી શક્યો. ૩૦ વર્ષનું મળ્યું હવે ઝવેરેવે ભાંગ્યું છે. ■

### ૮૯ વર્ષનો રેકોર્ડ તોડ્યો

ઝવેરેવે રવિવારની ફાઇનલમાં ઈટલીના ફ્લાવિયો કોબોલીને ૬-૧, ૪-૬, ૬-૪, ૫-૭, ૬-૧થી હરાવીને પહેલી વખત ગ્રેન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ જીતી લીધી હતી. એ સાથે ઝવેરેવ ફ્રેન્ચ ઓપનનું સિંગલ્સનું ટાઈટલ જીતનાર છેલ્લા ૮૯ વર્ષનો પ્રથમ જર્મન ખેલાડી બન્યો છે. આ પહેલાં છેક ૧૯૩૭માં જર્મનીના હેનર હેન્કેલે ફ્રેન્ચ ઓપનનું વિજેતાપદ મેળવ્યું હતું.

જર્મનીના ખૂબ ઓછા પુરુષ ખેલાડીઓ ગ્રેન્ડ સ્લેમ વિજેતા બનતા હોય છે. ઝવેરેવ ટેનિસના ઓપન યુગમાં (૧૯૬૮ની સાલ પછી) ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ જીતનાર બોરિસ બેકર અને માઈકલ સ્ટિચ પછીનો ત્રીજો જર્મન ખેલાડી છે. બેકર ૧૯૮૫થી ૧૯૯૬ દરમિયાન છ મોટા ટાઈટલ જીત્યો હતો, જ્યારે માઈકલ સ્ટિચ ૧૯૯૧માં વિમ્બલ્ડન ચેમ્પિયન બન્યો હતો.

મહિલાઓમાં શનિવારે ફ્રેન્ચ ઓપનનું સિંગલ્સનું ટાઈટલ રશિયાની મિરા એન્ડ્રિવાએ જીતી લીધું હતું.■

## સૂર્યાને કેમ ડ્રોપ કર્યો? ખોટી પ્રથા પાડી સિલેક્ટરોએ : અશ્વિન

મુંબઈ/ચેન્નઈઃ નેશનલ સિલેક્ટરોએ ટી-૨૦ના વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટન સૂર્યકુમાર યાદવ પાસેથી ટી-૨૦ ટીમની કેપ્ટન્સી પાછી લેવા ઉપરાંત તેને આગામી ચાર મહિના માટેની ટી-૨૦ ટીમમાંથી પડતો મૂક્યો એ સામે સ્પિન-લેજન્ડ રવિશ્ચંદ્રન અશ્વિને ગંભીર નારાજગી વ્યક્ત કરી છે.

અશ્વિને કહ્યું છે કે 'સૂર્યાને ટીમમાંથી સાવ પડતો મૂકવા કરતા તેને બૅટ્સમૅન તરીકે ફરી ફોર્મમાં આવવા માટેની તક આપવી જોઈતી હતી. ક્યારેય જોયું છે કે કોઈ વર્લ્ડ કપ વિજેતા કેપ્ટનને મહેતલ આપ્યા વગર સીધો ટીમમાંથી જ કાઢી મૂકવામાં આવ્યો હોય? ભલે કોઈક રીતે વાતચીત થઈ હશે, પરંતુ સિલેક્ટરોએ સૂર્યકુમાર વિશે આ રીતે પગલું ભરીને ખોટી પ્રથા તો પાડી જ છે. હજી ત્રણ મહિના પહેલા સૂર્યકુમારની કેપ્ટન્સીમાં ભારત ટી-૨૦માં વર્લ્ડ ચેમ્પિયન બન્યું અને હવે તેને ટીમમાંથી જ પડતો મૂકી દેવામાં આવ્યો!■

# ક્રૂડતેલ ઉછળતા વિશ્વ બજાર પાછળ સેન્સેક્સ ૭૧૯ પૉઈન્ટ અને નિફ્ટી ૨૪૩ પૉઈન્ટ ગબડ્યો

### ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ₹ ૫૫૫૫.૬૭ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૫૧૬૫.૨૪ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં તણાવ વધવાની સાથે આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ૪.૧૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો હોવાથી વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ભીતિ સપાટી પર આવતા વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક સ્તરે અવિરત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૭ પૈસા નબળો પડ્યો હોવાથી બજાર સતત બીજા સત્રમાં ઘટાડાતરફી રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ ૭૧૯.૦૮ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૨૪૩.૭૦ પૉઈન્ટ ગબડી ગયો હતો.

એક્સચેન્જની અધિકૃત આંકડાકીય માહિતી અનુસાર આજે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની રૂ. ૮૮૪૨.૦૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૪,૩૯૭.૭૫ કરોડની વેચવાલી રહેતા કુલ રૂ. ૫૫૫૫.૬૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૬૮૩.૧૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૫૧૭.૯૪ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૧૬૫.૨૪ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. તેમ જ આજે બજારમાં કડાકો બોલાઈ જતાં બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૬,૩૧,૪૪૦.૪૧ કરોડ ઘટીને રૂ. ૪,૫૫,૨૮,૭૫૮.૯૬ કરોડની સપાટીએ રહ્યું હતું. આમ રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬.૩૧ લાખ કરોડનું ધોવાણ થયું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૪,૨૪૩.૩૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૩,૪૨૧.૬૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૩,૩૧૮.૯૪ અને ઉપરમાં ૭૩,૯૩૪.૩૫ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૭૧૯.૦૮ પૉઈન્ટ અથવા તો ૦.૯૭ ટકા ઘટીને ૭૩,૫૨૪.૨૬ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૩,૩૬૬.૭૦ના બંધ સામે ૨૩,૦૮૦.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૦૭૦.૧૫થી ૨૩,૨૬૭.૩૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૨૪૩.૭૦ પૉઈન્ટ અથવા તો ૧.૦૪ ટકા ઘટીને ૨૩,૧૨૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

ઈઝરાયલે લેબેનોન પર હુમલા ચાલુ રાખતા ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ હુમલા કર્યાના અહેવાલ સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં લગભગ ત્રણ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો અને ભાવ બેરલદીઠ ૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થતાં ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર આવી હોવાથી વૈશ્વિક બજારો દબાણ હેઠળ રહ્યા હતા. તેમ જ વૈશ્વિક સ્તરે એઆઈ અને સેમિકન્ડક્ટર શૅરોમાં નફારૂપી વેચવાલી અને સ્પેસએક્સનાં મેગા આઈપીઓ પૂર્વે પ્રવાહિતાના લગતી વેચવાલી જેવા કારણો ઉપરાંત સ્થાનિક સ્તરે નબળા ચોમાસાની આગાહીને કારણે ખાદ્ય ચીજોનો ફુગાવો વધવાની ભીતિ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી આગામી ટૂંકા સમયગાળાના પડકારો છે, એમ મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસનાં વેલ્થ મેનેજમેન્ટ વિભાગના રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું. તે જ પ્રમાણે ઓનલાઈન ટ્રેડિંગ અને વેલ્થટેક કંપની એનરીચ મનીના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડીએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાનો તણાવ સપાટી પર આવતાં આજે વિશ્વ બજાર પાછળ સ્થાનિક સ્તરે પણ વેચવાલીનું દબાણ વધ્યું હતું.



પશ્ચિમ એશિયાના તણાવમાં વધારો થવાને કારણે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી તરફ ધસમસી રહ્યા હોવાથી અને રોકાણકારોમાં એઆઈના નેજા હેઠળની રેલી જળવાઈ રહેશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા હોવાથી ટેક્નોલૉજી શૅરોમાં વેચવાલીનું દબાણ વધતાં વૈશ્વિક ઈક્વિટી બજારનું માનસ ખરડાયું હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

બૉમ્બે સ્ટોક એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે કુલ ૪૫૩૭ શૅરમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૧૮૧ શૅરના ભાવ વધીને, ૩૧૯૨ શૅરના ભાવ ઘટીને અને ૧૬૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૪૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ અને ૧૧ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ રહ્યા હતા અને પાંચ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સાત શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ ૧.૭૯ ટકાનો સુધારો પાવરગ્રીડ કોર્પોરેશનમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટૅક મહિન્દ્રામાં ૧.૩૫ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૨૦ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૯૩ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૪૨ ટકાનો, એનટીપીસીમાં ૦.૩૦ ટકાનો અને સન ફાર્મામાં ૦.૨૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે તેની સામે મુખ્ય ઘટનાર શૅરોમાં ઈટર્નલમાં ૩.૨૪ ટકાનો, ઈન્ડિગોમાં ૨.૬૧ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૫૧ ટકાનો, રિલાયન્સન ઈન્ડસ્ટ્રીઝ અને ટીસીએસમાં ૨.૧૩ ટકાનો અને બજાજ ફાઈનાન્સમાં ૨.૦૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૬૧ ટકાનો અને મિડકેપ ઈન્ડકક્સમાં ૧.૫૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૨.૫૭ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૨.૪૩ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૨.૨૮ ટકાનો, કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૨.૦૯ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૨.૦૬ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૯૮ ટકાનો અને ઑટો ઈન્ડેક્સમાં ૧.૮૫ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર બીએસઈ હોસ્પિટલ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો.

એશિયન બજારોમાં આજે દક્ષિણ કોરિયાનો કોસ્પી ૮.૨૯ ટકા અને જાપાનનો નિક્કી ૨૨૫ ૩.૮૫ ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. તેમ જ શાંઘાઈનો એસએસઈ કોમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યો હતો અને યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ જ જોવા મળ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો ૪૩ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ વધવાની ભીતિ હેઠળ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ ઉપરાંત ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના સંકેતોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૩ પૈસા પટકાઈને ૯૫.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૧૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૩૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૫ અને ઉપરમાં ૯૫.૧૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૪૩ પૈસાના કડાકા સાથે ૯૫.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસી કમિટીની બેઠક પશ્ચાત્ રૂપિયામાં ૫૬ પૈસાનો ઉછાળો નોંધાયો હતો.

દરમિયાન અમેરિકા રાષ્ટ્રપતિ ડૉનલ્ડ ટ્રમ્પે ઈઝરાયલના વડા પ્રધાન બેન્ઝામિન નેતન્યાહુને ઈરાનના મિસાઈલ હુમલાનો બદલો ન લેવા જણાવતા ઉમેર્યું હતું કે હુમલાને કારણે ત્રણ મહિના લાંબા સંઘર્ષને સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાટાઘાટો જોખમમાં મૂકશે. આમ વાટાઘાટોની ગાડી પાટા પરથી ઊતરી જવાની ભીતિ હેઠળ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૩.૯૪ ટકા ઉછળીને બેરલદીઠ ૯૬.૭૬ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ૦.૦૯ ટકા વધીને ૧૦૦ની સપાટી પાર કરી જતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે અમેરિકી ટ્રેઝરીની વધેલી યિલ્ડની પણ રૂપિયા પર માઠી અસર જોવા મળી હતી. હાલના સંજોગોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૫.૪૦થી ૯૬.૧૦ આસપાસની રેન્જમાં રહી શકે છે. જોકે, રિઝર્વ બૅન્કનો સંભવત્ બજારમાં હસ્તક્ષેપ રૂપિયાના ઘટાડાને મર્યાદિત રાખે તેવી શક્યતા નકારી ન શકાય.

વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૧૯.૦૮ પૉઈન્ટનો અને ૨૪૩.૭૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૭૭૬.૨૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતા ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### અમેરિકાના જોબ ડેટા મજબૂત આવતા વૈશ્વિક સોનું બે મહિનાના તળિયે

## સ્થાનિક ચાંદીમાં ₹ ૧૨,૬૦૮નો અને સોનામાં ₹ ૨૭૪૯નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકા મે મહિનાના જોબ ડેટા અપેક્ષા કરતાં મજબૂત આવવાની સાથે આજે મધ્ય પૂર્વનાં ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલમાં તેજી અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી આવતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટીને બે મહિનાની નીચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીમાં પણ ભાવઘટાડો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨,૬૦૮નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૪૯નો કડાકો બોલાઈ ગયો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ ભાવઘટાડાના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨,૬૦૮ના ઘટાડા સાથે રૂ. ૨,૪૪,૩૦૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૭૩૮ના ઘટાડા સાથે રૂ. ૧,૫૦,૮૮૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૭૪૯ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૪૮૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઘટ્યા મથાળેથી માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગ હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકાના ગત મે મહિનાના જોબ ડેટા બજારની અપેક્ષા કરતાં ઘણાં સારા આવ્યા હોવાથી તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાની ભીતિને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી વ્યાજદર જાળવી રાખે ગત શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ વધુ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૧૩.૯૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૪૩૪૦.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધુ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૬૭.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત મે મહિનામાં અમેરિકામાં બજારની અપેક્ષા કરતાં વધુ ૧,૭૨,૦૦૦ રોજગારોનો ઉમેરો થયો હોવાના નિર્દેશો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતા સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું બાયબીટના ચીફ માર્કેટ એનાલિસ્ટ હૅન ટૅને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે અમેરિકાના જોબ ડેટાની જાહેરાત પશ્ચાત સીએમઈ ફેડ વૉચ ટૂલ પર હવે બજાર વર્તુળો આગામી ડિસેમ્બર અંત આસપાસ વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી ૭૦ ટકા શક્યતા જોઈ રહ્યા છે, જ્યારે ગત સપ્તાહે બજાર વર્તુળો ૪૫ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે ઈઝરાયલે ઈરાન પર હુમલા કરતાં ક્રૂડતેલના ભાવમાં બેરલદીઠ ચાર ડૉલર જેટલો વધારો થવાની સાથે ફુગાવામાં વધારાની ભીતિ પણ સપાટી પર આવતાં સોના-ચાંદીના ઘટાડાને ટેકો મળ્યો હતો. જોકે, હવે બજારની નજર આગામી બુધવારે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના અને ગુરુવારે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ટીનની આગેવાનીમાં ધાતુમાં પીછેહઠ

### પાંચ સત્રમાં નિકલમાં ₹ ૪૬૪નું ગાબડું



મુંબઈઃ વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં વધારાની ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાની ચિંતા અને તેની માઠી અસર વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પર પડે તેવી ભીતિ તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીનમાં સતત પાંચમાં સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૧નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય કોપર વાયરબાર, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાત સુધીનો ઘટાડો આવ્યો હતો. આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને ઘટતી બજારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૪૪ના ઘટાડા સાથે રૂ. ૫૧૧૭ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં સ્ટોકિસ્ટોની એકતરફી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૪૬૪નું ગાબડું પડી ગયું છે.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની પણ માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૩૧૬, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૩૭૨, નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૮૧૫, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૦૬ અને રૂ. ૩૬૮, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૨૩ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ ખપપૂરતી માગને ટેકે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૯૬, રૂ. ૧૨૧૨, રૂ. ૮૮૦, રૂ. ૮૩૦ અને રૂ. ૨૧૧ના મથાળે ટકેલા રહ્યા હતા.

## ખાંડમાં ખપપૂરતા કામકાજે ₹ ચારથી ૨૬નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ, રિટેલ સ્તરની ખપપૂરતી મર્યાદિત માગ તેમ જ અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની છૂટીછવાઈ ખપપૂરતી માગ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. વધુમાં આજે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬ના ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૪૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૪૦૮૨થી ૪૧૯૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૬૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.



## ગુજરાતના મથકો પાછળ સિંગતેલમાં વધુ ₹ ૧૫ તૂટ્યા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની માગ નિરસ રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઘટાડો આવ્યો હોવાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં પણ ૧૦ કિલોદીઠ સિંગતેલમાં અને સરસવમાં રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૯ રિંગિટ વધી આવ્યા હોવા છતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહેતાં આરબીડી પામોલિનમાં રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોયા રિફાઈન્ડમાં સાધારણ રૂ. પાંચ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના જૂન અને જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૬૭૫, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૧, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૫ અને ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૮ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૩,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૪૨૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૮૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૫થી ૧૫૩૦માં થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૨૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૮૦૦થી ૬૮૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૮૨૫થી ૬૯૨૫માં થયાના અહેવાલ હતા.

સ્થાનિકમાં હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૦ અને સરસવના રૂ. ૧૫૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વાદળછાયા આકાશ વચ્ચે ભાવનગરમાં અસહ્ય ઉકળાટઃ પારો ૪૧.૪ ડિગ્રીએ પહોંચતા જનજીવન પ્રભાવિત, બફારાથી લોકો તોબા પોકારી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાં હવામાનમાં આવેલા ભારે પલટા વચ્ચે ગરમીનો પ્રકોપ વધુ આકરો બન્યો છે. આજે આકાશમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હોવા છતાં સૂર્યદેવના આકરા મિજાજ અને હવામાં ભેજના ઊંચા પ્રમાણને કારણે સમગ્ર ભાવનગર પંથક અસહ્ય ઉકળાટની ભઠ્ઠીમાં શેકાયું હતું. દિવસ દરમિયાન ફૂંકાયેલા તેજ પવનો પણ લોકોને ગરમીથી રાહત આપવામાં નિષ્ફળ રહ્યા હતા અને મહત્તમ તાપમાનનો પારો ૪૧.૪ ડિગ્રીએ પહોંચી જતાં અસહ્ય ગરમી તેમ જ બફારાના બેવડા મારથી નગરજનો ત્રાહિમામ્ પોકારી ગયા હતા. સામાન્ય રીતે વાદળછાયું આકાશ થતાં ગરમીમાં રાહત મળતી હોય છે, પરંતુ આજે તેનાથી ઊલટી જ સ્થિતિ સર્જાઈ હતી અને અરબી સમુદ્ર તરફથી આવતા ભેજવાળા પવનોને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધીને ૪૯ ટકાએ પહોંચી ગયું હતું. વાદળોના કારણે જમીનની ગરમી હવામાં પરાવર્તિત થઈ ન શકતા અને હવામાં ભેજનું પ્રમાણ ઊંચું હોવાના લીધે અસહ્ય બફારો અનુભવાયો હતો, જેને કારણે સવારથી જ લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા અને બપોરના સમયે રાજમાર્ગો પર લોકોની અવરજવર નહિવત્ જોવા મળી હતી.

ગરમીની સાથે દિવસભર પવનની ગતિ પણ તેજ રહી હતી અને શહેરમાં સરેરાશ ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો, પરંતુ વાતાવરણમાં રહેલી લૂ અને ગરમ હવાને કારણે આ તેજ પવન પણ લોકોને રાહત આપવાને બદલે અકળામણ વધારનારો સાબિત થયો હતો જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. દિવસના આકરા તડકા બાદ રાત્રિના સમયે પણ લોકોને ગરમીમાંથી મુક્તિ મળી રહી નથી અને આજે ભાવનગરનું લઘુતમ તાપમાન પણ સામાન્ય કરતાં ઊંચું એટલે કે ૨૯.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેના કારણે રાત્રિના સમયે પણ પવન શાંત પડતાં જ બફારો વધી જતો હોવાથી લોકો મોડી રાત સુધી ઘરની બહાર નીકળવા મજબૂર બન્યા છે.

શહેરનું મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી સેલ્સિયસ, લઘુતમ તાપમાન ૨૯.૦ ડિગ્રી સેલ્સિયસ, હવામાં ભેજનું પ્રમાણ ૪૯ ટકા અને પવનની ગતિ ૩૦ કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી.

ચોમાસાની ઋતુના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે પ્રી-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે વાદળો ઘેરાઈ રહ્યા છે, પરંતુ વરસાદ ન પડતાં ઉકળાટ ચરમસીમાએ પહોંચ્યો છે અને ગરમીથી તોબા પોકારી ગયેલા ભાવનગરના અબાલ-વૃદ્ધ સૌ કોઈ હવે આ અસહ્ય અકળામણમાંથી મુક્તિ મેળવવા માટે વહેલી તકે મેઘરાજા પધારે અને ધરતીને તૃપ્ત કરે તેવી ચાતક નજરે પ્રતીક્ષા કરી રહ્યા છે. ■



રાજકોટમાં ઉનાળાના વેકેશન બાદ શાળાઓ ફરીથી ધમધમતી થઈ હતી. છેલ્લા બે મહિનાથી શાંત પડેલા શાળાઓના પરિસર અને વર્ગખંડો ફરી એકવાર વિદ્યાર્થીઓના કિલ્લોલથી જીવંત બન્યા હતા.... (તસવીરકાર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં જૂની અદાવતમાં વૃદ્ધ પર હુમલાનો પ્રયાસ, કાર અને દુકાનમાં તોડફોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના હાદાનગર વિસ્તારમાં આવેલી સ્નેહમિલન સોસાયટીમાં જૂની અદાવતને લઈ એક શખસે વૃદ્ધ પર હુમલાનો પ્રયાસ કરી તેમની કાર, દુકાન અને અન્ય મિલકતોમાં તોડફોડ કરતાં પોલીસ ફરિયાદ નોંધાઇ હતી.

બનાવની વિગત એવી છે કે ભાવનગરની સ્નેહમિલન સોસાયટીના પ્લોટ નં. ૬૪/બી ખાતે રહેતા અને ઘર નજીક કરિયાણાની દુકાન ચલાવતા સતારભાઈ અબ્રાહમભાઈ ઉચડિયાએ બે વર્ષ અગાઉ સાબિર છોટુભાઈ ચુડેસરા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદની અદાવત રાખી આરોપી ગત મોડી રાત્રે લોખંડના પાઈપ સાથે સતારભાઈના ઘરે પહોંચ્યો હતો અને અપશબ્દો બોલી હોબાળો મચાવ્યો હતો.

સતારભાઈએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા આરોપીએ ઘર બહાર પાર્ક કરેલી કારમાં તોડફોડ કરી હતી. ત્યારબાદ કરિયાણાની દુકાનના શટર પર પાઈપના ઘા મારી નુકસાન પહોંચાડ્યું હતું. ઉપરાંત બાથરૂમની પાઈપ તોડી નાખી હતી તેમ જ સીસીટીવી કેમેરા અને ઘરના દરવાજાને પણ નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

આટલેથી ન અટકતા આરોપી લોખંડના પાઈપ લઈને સતારભાઈને મારવા દોડ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

બનાવ અંગે સતારભાઈએ બોરતળાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સાબિર છોટુભાઈ ચુડેસરા સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરમાં રસની વાટકી વધુ માગતા ઘર્ષણ થતા યુવક પર જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરની સરિતા સોસાયટી વિસ્તારમાં આવેલા હીરાના કારખાનામાં જમણવાર દરમિયાન સામાન્ય બાબતે થયેલા બોલાચાલીનો બનાવ જીવલેણ હુમલામાં પરિણમ્યો હતો. રસની વધુ વાટકી માગવાની બાબતે ઉગ્ર બોલાચાલી થતાં ત્રણ શખસે એક યુવક પર લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા યુવકને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે બોરતળાવ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર શહેરના વિજયરાજનગર વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા મુસાલભાઈ મજીદભાઈ બાવલિયા (ઉં.વ. ૨૬) તેમના શેઠ દ્વારા આયોજિત જમણવારમાં હાજર રહ્યા હતા. જમણવાર દરમિયાન ઑફિસમાં બેઠેલા જુનેદ નામની વ્યક્તિ પાસે મુસાલભાઈએ રસની બે વાટકી માગતા બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. વાત ઉગ્ર બનતા દરિમિયાન જુનેદ તેમ જ તેના મિત્રો મિત અને સુમિતે મુસાલભાઈ પર હુમલો કર્યો હતો.

આરોપીઓએ લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કરતાં મુસાલભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. હુમલા દરમિયાન તેમના હાથના કાંડા પર પણ ફ્રેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત આરોપીઓએ તેમને ધીકાપાટુનો માર પણ માર્યો હતો. ઇજાગ્રસ્ત યુવકને પ્રથમ સરકારી હૉસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે ફરિયાદ નોંધાતા બોરતળાવ પોલીસે જુનેદ, મિત અને સુમિત વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# કચ્છી કેસર કેરીની મુંબઇ-દિલ્હી, અમદાવાદ સહિતના શહેરોમાં ભારે માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઉનાળાની શરૂઆતમાં રત્નાગીરીની આફૂસ અને આંધ્ર પ્રદેશની વિવિધ કેરીઓનો સ્વાદ ચાખ્યા બાદ હવે કચ્છીઓ પોતાના જ મુલકની જગવિખ્યાત કેસર કેરીના રસનો આસ્વાદ માણી રહ્યા છે. આ વર્ષે પણ અન્ય રાજ્યોમાં કચ્છી કેસરની માગ યથાવત્ રહેતાં છેલ્લા પાંચેક દિવસથી ભુજ રેલવે સ્ટેશન પરથી રોજની અંદાજે સાત ટન જેટલી કેરી બોગીઓ મારફતે અન્ય રાજ્યોમાં રવાના કરવામાં આવી રહી છે.

ચાલુ વર્ષે સુપર અલનીનોને કારણે રહેલું વિષમ વાતાવરણ, અસહ્ય ગરમી અને પવનની તીવ્ર ઝડપના કારણે કેરીના ઉત્પાદન પર વિપરીત અસર જોવા મળી છે. તેમ છતાં, જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોની વાડીઓમાં પાકેલો ગુણવત્તાયુક્ત માલ રેલવે માર્ગ ઉપરાંત અન્ય વાહનો દ્વારા દેશના ખૂણે-ખૂણે પહોંચી રહ્યો છે. સામાન્ય રીતે કચ્છી કેસરની વિદેશોમાં મોટી માગ હોય છે, પરંતુ હાલ મધ્ય પૂર્વમાં ચાલી રહેલાં યુદ્ધના કારણે વિદેશી નિકાસ પ્રભાવિત થઈ છે. પરિણામે, સ્થાનિક અને રાષ્ટ્રીય બજારમાં અત્યારે કચ્છી કેસરનો પુષ્કળ જથ્થો ઉપલબ્ધ બન્યો છે. ભુજ રેલવે સ્ટેશનના પાર્સલ ઓફિસર અખ્તરે આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, કચ્છથી મુખ્યત્વે મુંબઈના બાંદ્રા તરફ કેરીનો જથ્થો વધુ નિકાસ થઈ રહ્યો છે. આ ઉપરાંત પુના, રાજધાની દિલ્હી અને અમદાવાદ જેવાં શહેરોમાં પણ અહીંથી માલ મોકલવામાં આવે છે. રેલવે તંત્ર દ્વારા પાર્સલ માટે પ્રત્યેક કિલોગ્રામે માત્ર રૂ.ત્રણ થી રૂ.ચાર જેટલો નજીવો ચાર્જ વસૂલવામાં આવે છે. બજારમાં અત્યારે ખાસ કરીને બે કિલોથી લઈ પાંચ કિલો સુધીના કેરીના બોક્સનું ચલણ વધુ જોવા મળી રહ્યું છે.

કેરીના કેટલાક વેપારીઓએ ગ્રાહક સંતોષનો અનોખો પ્રયોગ હાથ ધર્યો છે,તેઓ ગ્રાહકોના ઓર્ડર મુજબ કેરીના બોક્સ જે-તે ટ્રેનના મુસાફરની સીટ સુધી પહોંચાડવાની હોમ-ડિલિવરી જેવી સેવા આપી રહ્યા છે. બજારમાં જે ફળ મજબૂત અને ગુણવત્તાયુક્ત છે, તેના ખેડૂતોને ખૂબ સારા દામ મળી રહ્યા છે.

એક તરફ નિકાસનો ધમધમાટ છે, તો બીજી તરફ સ્થાનિક બજારોમાં કેરીની અતિશય આવકને કારણે ભાવમાં મોટો કડાકો જોવા મળ્યો છે. ભુજના પ્રખ્યાત ભીડ બજાર અને ભીંડી બજારમાં ફ્રૂટના વેપારીઓ અત્યારે કેસર કેરી માત્ર રૂ.૧૦૦ના ચાર કિલો એટલે કે રૂ.૨૫ પ્રતિકિલોના ભાવે વેચી રહ્યા છે.

બીજી તરફ, કેટલાક વેપારીઓનું માનવું છે કે, સિઝનની શરૂઆતમાં રત્નાગીરીની પ્રીમિયમ ક્વૉલોટીની આફૂસનો સ્વાદ ચાખ્યા બાદ સ્થાનિક ગ્રાહકો દ્વારા કચ્છી કેસરની ગુણવત્તાને થોડી ઓછી આંકવામાં આવે છે. જો કે, આ તમામ પડકારો વચ્ચે પણ કચ્છના પ્રતિકૂળ હવામાનમાં બાગાયતી ખેતી તરફ વળેલા અહીંના ખેડૂતો જે રીતે મજબૂતાઈથી આગળ વધી રહ્યા છે અને વૈશ્વિક બ્રાન્ડ બનાવી રહ્યા છે, તે કચ્છીઓ માટે ગૌરવની બાબત છે. ■

# રાજકોટ નજીક ટ્રકની અડફેટે બે મહિલાનાં કરૂણ મોતઃ પરિવારના બે સભ્ય પણ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લામાં માર્ગ અકસ્માતમાં બે મહિલાના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય બે વ્યક્તિઓને ઈજા થઈ હતી. દુર્ઘટનાના સમાચાર મળતા જ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત સર્જીને નાસી છૂટેલા ટ્રકચાલકને ઝડપી પાડ્યો છે અને તેની પુછપરછ હાથ ધરી છે. આ ક્રુણ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

મૃતક મહિલાઓની ઓળખ ગોંડલના કિરણબેન શૈલેષભાઈ ધોરિયા (ઉં.વ. ૩૨) અને રાજકોટના મકનસર ગામના ભાનુબેન લક્ષ્મણભાઈ ચીરોડીયા (ઉં.વ. ૩૫) તરીકે થઈ છે. કિરણબેનના પતિ શૈલેષભાઈ સહિત અન્ય બે વ્યક્તિને ઈજા પહોંચી હતી અને સારવાળ હેઠળ છે.

આ ગમખ્વાર અકસ્માત અંગે મળતી વિગત મુજબ, લોઠડાથી બળધોઈ ગામે આવેલા સુરાપુરા દાદાની ડેરીએ માનતા પૂરી કરવા માટે પરિવારના આઠ સભ્યો પગપાળા નીકળ્યા હતા. રવિવારે વહેલી સવારે રાજકોટના હલેન્ડા ગામ નજીક પગપાળા જતા આ પરિવારને એક ટ્રકે અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત બે મહિલાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ■

# ભાવનગરની મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા ફરી વિવાદમાંઃ ફોન પર ખંડણી માગી ધમકી આપ્યાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાની વિવાદિત મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બોરડા ગામના પૂર્વ સરપંચ રાજુ ભમ્મરે મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે લાખો રૂપિયાનો તોડ કરી, કીર્તિ પટેલે ફોન પર ધમકી આપી હોવાના ગંભીર આક્ષેપો સાથે દાઠા પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે.

મળતી માહિતી મુજબ પૂર્વ સરપંચ રાજુ ભમ્મર સોશ્યલ મીડિયાના માધ્યમથી મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાના પરિચયમાં આવ્યા હતા. આ પરિચય બાદ ખોટી રીતે તેમની સાથેના 'લીવ ઈન'ના કાગળો કરાવી લેવામાં આવ્યા હતા. છેલ્લા આશરે દોઢેક વર્ષના સમયગાળામાં રાજુ ભમ્મર પાસેથી ખૂબ મોટી રકમમાં રોકડા નાણાં તેમજ મોંઘી વસ્તુઓ પાછળ ખર્ચ કરાવી મોટી રકમનો તોડ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ગત તારીખ ૫-૬ના રોજ કીર્તિ પટેલે રાજુ ભમ્મરને ફોન કર્યો હતો અને નયના બારૈયાનું ઉપરાણું લઈ ધમકી આપી હતી. કીર્તિ પટેલે ફોન પર મોટી રકમનો તોડ કરવાનું જણાવ્યું હતું અને બાદમાં તેની વાત ન માનતા સોશ્યલ મીડિયામાં રાજુ ભમ્મરના પરિવારને બદનામ કરતો વીડિયો પણ શેર કર્યો હતો.

આ બંને વ્યક્તિઓ મળીને રાજુ ભમ્મરને કાયદાની ચુંગાલમાં ફસાવી દે તેવી શક્યતા જણાતા, આખરે પૂર્વ સરપંચે દાઠા પોલીસમાં નયના બારૈયા અને કીર્તિ પટેલ સામે અરજી દાખલ કરી છે. આ સાથે જ અરજીમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, જો આ મામલે ભવિષ્યમાં ફરિયાદ કરવાની થશે તો સુરતના પુણા ગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવશે. આ ચકચારી ઘટનાને પગલે સ્થાનિક પંથકમાં અને પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે. ■

# કચ્છની બૅન્કોની નવી વાર્ષિક ધિરાણ યોજના જાહેરઃ નવા નાણાકીય વર્ષમાં ₹ ૨૪૨ અબજનું ધિરાણ અપાશે, કૃષિ અને ઉદ્યોગો પર વિશેષ ભાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નવા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રારંભ સાથે જ સરહદી કચ્છ જિલ્લાની બૅંકો દ્વારા વિકાસલક્ષી કાર્યો અને આર્થિક ગતિવિધિઓને વેગ આપવા માટે નવી ધીરાણ યોજનાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે વિવિધ સરકારી વિભાગો અને બૅન્કિંગ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ વાર્ષિક ધિરાણ યોજનાનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. નવા વર્ષ માટે બૅન્કો દ્વારા કુલ રૂ. ૨૪૨.૧૮ અબજ (રૂ. ૨૪,૨૧૮ કરોડ)નું ધિરાણ આપવાનો મસમોટો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે, જે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની તુલનાએ ૩૩.૧૦ ટકાનો માતબર વધારો દર્શાવે છે.

નવી ધિરાણ યોજના અંગેની પ્રાપ્ત વિગતો મુજબ, જિલ્લાના અર્થતંત્રના મુખ્ય આધાર ગણાતા કૃષિ ક્ષેત્રને આ વર્ષે પણ અગ્રતા આપવામાં આવી છે. કુલ ધિરાણ લક્ષ્યાંકમાંથી સૌથી વધુ ૨૫.૮૪ ટકા હિસ્સો માત્ર ખેતીવાડી અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે અનામત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, કચ્છના ઔદ્યોગિક વિકાસને ધ્યાને રાખીને લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો તેમજ ગ્રામ્ય સ્તરે માળખાકીય સુવિધાઓના વિકાસ માટેના ધિરાણને પણ વિશેષ પ્રાધાન્ય અપાયું છે. બેઠક દરમિયાન અધિક નિવાસી કલેક્ટરે તમામ બૅંક અધિકારીઓને સૂચન કર્યું હતું કે, તેઓ પોતાના વ્યાપારી લક્ષ્યાંકો પૂર્ણ કરવાની સાથે-સાથે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના સામાન્ય માનવી સુધી સહેલાઈથી પહોંચે તે સુનિશ્ચિત કરે.

આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં કચ્છના અધિક નિવાસી કલેક્ટર ડી. પી. ચૌહાણ, ડીઆરડીએ નિયામક નિકુંજ પારેખ, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર મિતેશ ગામીત તથા નવા નિયુક્ત એલડીએમ આલોક કુમાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, નાબાર્ડના અધિકારી નીરજકુમાર સિંઘ, રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયાના એલડીઓ સુશીલ શહાણે, આરએસઇટીઆઇના ડાયરેક્ટર પ્રતીક જોશી, ગુજરાત ગ્રામીણ બેંકના રિજનલ મેનેજર રણજિતસિંઘ મીણા તેમજ વિવિધ નગરપાલિકાઓ, સરકારી વિભાગો અને જિલ્લામાં કાર્યરત તમામ બૅન્કોના પ્રતિનિધિઓ આ ધિરાણ યોજનાના લોન્ચિંગના કાર્યક્રમમાં ખાસ હાજર રહ્યા હતા. ■

# મીઠીરોહરના ખુલ્લા વાડામાં એલસીબીનો દરોડોઃ ચોરી કે છળકપટથી મેળવાયેલો ₹ ૧૬.૧૯ લાખનો ૧૬૪ ટન કોલસો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલી કોલસાની બિનઅધિકૃત પ્રવૃત્તિઓ વચ્ચે સ્થાનિક ગુનાશોધક શાખાએ ગાંધીધામના મીઠીરોહર નજીક આવેલા એક ખુલ્લા વાડામાં દરોડો પાડીને ચોરી અથવા છળકપટથી મેળવેલો આશરે ૧૬૪.૯ ટન કોલસાનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી રૂ. ૧૬.૧૯ લાખની કિંમતના કોલસા અને અન્ય સાધનો મળીને કુલ રૂ.૨૨.૨૪ લાખનો મુદ્દામાલ કબજે કરી એક શખસની ધરપકડ કરી છે, જ્યારે આ કૌભાંડમાં સામેલ અન્ય ચાર સૂત્રધારો નાસી છૂટવામાં સફળ રહ્યા છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મીઠીરોહર વિસ્તારમાં આવેલા હારુન અધા સોઢાના કબજા-ભોગવટાના એક ખુલ્લા વાડામાં અલગ-અલગ ટ્રકો અને ટ્રેઈલરો દ્વારા ચોરીનો કોલસો લાવીને મોટો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમી એલસીબીને મળી હતી જેના આધારે પોલીસે જ્યારે વાડામાં દરોડો પાડ્યો ત્યારે ત્યાં હાજર હારૂન સોઢા નામનો શખ્સ મળી આવ્યો હતો. પોલીસે તેની પાસે વાડામાં સંગ્રહિત કરાયેલા કોલસાના જથ્થા અંગે કાયદેસરના બિલ કે આધાર-પુરાવા માંગતા તે કોઈ પણ દસ્તાવેજ રજૂ કરી શક્યો ન હતો. આથી પોલીસે તેની અટકાયત કરી કોલસાનો જથ્થો જપ્ત કર્યો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, પકડાયેલા શખ્સ ઉપરાંત જીગરસિંહ વાઘેલા (રહે. ગાંધીધામ), અકબર હજામ (રહે. ગળપાદર), સંજય વર્મા (રહે. ગાંધીધામ) અને કમલેશ ઉર્ફે કમો ડામોર નામના શખ્સો મળીને આ આખું કોલસા ચોરીનું નેટવર્ક ચલાવતા હતા. જો કે, દરોડા દરમિયાન આ ચારેય આરોપીઓ હાથ લાગ્યા ન હોવાથી પોલીસે તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે વાડામાંથી રૂ. ૧૬,૧૯,૦૦૦ની કિંમતનો ૧૬૪.૯ ટન કોલસો, મોબાઈલ ફોન અને બે લોડર મશીન મળીને કુલ રૂ. ૨૨,૨૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર કોણ છે, ક્યાંથી કોલસો ચોરી કરીને અહી લવાતો હતો અને કયા વાહનોનો ઉપયોગ થતો હતો તે અંગે પોલીસે આગળની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. ■

# ભુજમાં સસ્તા સોના અને નકલી નોટોની જાળ બિછાવનારો ગઠિયો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બજાર ભાવ કરતાં ખૂબ જ સસ્તા ભાવે શુદ્ધ સોનું આપવાની તેમજ ભારતીય ચલણની નોટો પૂરી પાડવાની સોશ્યલ મીડિયા પર લોભામણી જાહેરાતો મૂકીને નિર્દોષ લોકોને છેતરવાનું મોટું નેટવર્ક ચલાવતા ભુજના એક ગઠિયાને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ પૂર્વ બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી તેની સામે ભુજ એ-ડિવિઝન પોલીસમથકે કાયદેસરનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પાસેથી મળતી વિગતો મુજબ, બાતમીદારો પાસેથી મળેલા ઈન્પુટના આધારે પોલીસે ભુજના જીલાનીનગર વિસ્તારમાં દરોડો પાડીને મોહમદ તોફીક જુણસ સોઢા નામના શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી મળી આવેલા એન્ડ્રોઇડ મોબાઈલ ફોનની સઘન ચકાસણી કરતાં ઓનલાઈન છેતરપિંડીના મોટા કારસાનો પર્દાફાશ થયો હતો. આરોપી મોહમદ તોફીકે ફેસબુક સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર છેતરામણી માટે 'રાહુલભાઈ' નામે એક બોગસ પ્રોફાઈલ આઈ.ડી. બનાવી હતી. આ આઈ.ડી. તેમજ અન્ય એન્ટરપ્રાઈઝ પેજ પર તેણે બજાર ભાવ કરતાં સસ્તા દરે સોનું વેચવાના તથા અસલી જેવી જ નકલી ભારતીય નોટો આપવાના લોભામણા વીડિયો અને ફોટા અપલોડ કર્યા હતા. આ આકર્ષક જાહેરાતો પાછળ તેનો મુખ્ય હેતુ ભોળા નાગરિકોને પોતાની જાળમાં ફસાવી મોટી રકમ પડાવીને છેતરપિંડી આચરવાનો હતો. કોઈ નાગરિક આ ટોળકીનો શિકાર બને તે પૂર્વે જ પોલીસે તેને દબોચી લીધો છે અને આ ગુનાહિત પ્રવૃત્તિમાં તેની સાથે અન્ય કોઈ શખ્સો સામેલ છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી છે. ■

# નખત્રાણા અને અબડાસા પંથકમાં મહેસૂલ તંત્રની મોટી કાર્યવાહીઃ ઓવરલોડ ખનીજ ભરેલા ૪ ડમ્પર ઝડપી ₹ ૧.૩૨ કરોડનો મુદ્દામાલ સીઝ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છમાં બેફામ બનેલા ગેરકાયદે ખનીજ પરિવહન અને ઓવરલોડ વાહનો સામે મહેસૂલ વિભાગે લાલ આંખ કરી હતી. નખત્રાણા અને અબડાસા તાલુકાના મામલતદારની ટીમે જુદા-જુદા સ્થળોએથી ઓવરલોડ બ્લેકટ્રેપ અને બેન્ટોનાઇટ ખનીજ ભરેલા ચાર ડમ્પરો ઝડપી પાડીને કુલ રૂ. ૧.૩૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ખનીજ ચોરી અને ઓવરલોડ વહનની આ આકરી કાર્યવાહીથી ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

મળતી વિગતો મુજબ, પ્રથમ કાર્યવાહી નખત્રાણા પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ મામલતદારની ટીમ દ્વારા કરવામાં આવી હતી. ટીમે હરસિદ્ધિ નગર-કોટડા જડોદર રોડ પરથી બ્લેક ટ્રેપ ખનીજ ભરેલા બે ડમ્પરોને અટકાવ્યા હતા. વાહનચાલકોએ નિયત લીઝમાંથી ખનીજ ભર્યું હોવાના રોયલ્ટી પાસ રજૂ કર્યા હતા, પરંતુ તંત્ર દ્વારા તેનું વજન ચકાસવામાં આવતા મોટો ભોપાળો બહાર આવ્યો હતો. બંને વાહનોમાં રોયલ્ટી પાસમાં મંજૂર કરાયેલા જથ્થા કરતાં અનુક્રમે ૧૧.૭૦ મેટ્રિક ટન અને ૧૫.૩૬ મેટ્રિક ટન ઓવરલોડ ખનીજ ભરેલું હોવાનું સ્પષ્ટ થયું હતું. આથી પોલીસે બંને વાહનો અને ખનીજ સહિત કુલ રૂ. ૭૨.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી નખત્રાણા પોલીસ સ્ટેશન સોંપ્યો હતો.

બીજી તરફ, અબડાસા મામલતદાર એ.આર. નિનામા અને તેમની ટીમે હાજાપર-વિંઝાણ માર્ગ પર વોચ ગોઠવીને બેન્ટોનાઇટ ખનીજનું વહન કરતા બે ટ્રકોને આંતર્યા હતા. તપાસ દરમિયાન આ બંને ટ્રકોમાં પણ રોયલ્ટી પાસ વગર કુલ ૫.૫૦ મેટ્રિક ટન બેન્ટોનાઇટ ખનીજ ઓવરલોડ ભરેલું હોવાનું માલૂમ પડ્યું હતું. આથી તંત્રએ બંને ટ્રકો અને ખનીજનો જથ્થો મળી અંદાજે રૂ. ૬૦.૩૫ લાખનો મુદ્દામાલ સીઝ કરીને આગળની કાર્યવાહી માટે કોઠારા પોલીસ સ્ટેશનને કબ્જો સોંપ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ કચ્છમાં ખનીજ ચોરી અને ગેરકાયદે વહન રોકવા માટે ભુજ ખાણ-ખનીજ વિભાગ તેમજ ખાસ ફ્લાઈંગ સ્ક્વોડ કાર્યરત હોવા છતાં આ દૂષણ ડામવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે, જેના કારણે મહેસૂલ તંત્રને મેદાને ઊતરવું પડ્યું છે. આ ઉપરાંત, ઓવરલોડ વાહનોના કારણે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ બિસ્માર બની રહ્યા છે અને અકસ્માતનો ભય રહે છે, છતાં પ્રાદેશિક પરિવહન વિભાગ ઘોર નિંદ્રામાં હોઈ તેવો ઘાટ સર્જાયો છે. ■